# ઝોહદે મુઅત્મત વ જમાઅત યા'ને

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.........

બફયુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION
GRWB/057/BHARUCH/02
At.: Dayadara, Di. Bharuch Pin. 392020 Guj. India
Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા (માસિક)

"બરકાતે ખ્વાજા" (માસિક)
૧-ઓગષ્ટ-૨૦૦૪
જમાદીઉલ આખર-રજ્જબુલ મુરજ્જબ
હિ.સ. ૧૪૨૫
વર્ષ : ૦૧ અંક : ૦૮, સળંગ અંક : ૦૮


★ સ્થાપક અને પ્રકાશક ★
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

★ પત્ર વ્યવહારનુ સરનામું ★
બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા
તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨
મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

★ લવાજમ ★


| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## ★ હૈ છઠી આજ ખ્વાજા પિયા કી ★



બઝ્મ હૈ નાઈબે મુસ્તફાકી
હૈ છઠી આજ ખ્વાજા પિયાકી
હર તરફ મજમએ આશિકાં હૈ
હર તરફ મજમએ ઔલિયા હૈ
હર બશરકે યે દિલ સે અયાં હૈ
હર બશર કે યે વિર્દે ઝબાં હૈ
નૂર હી નૂર કા ઈક સમા હૈ
બઝ્મ હૈ નાઈબે મુસ્તફા કી, હૈ છઠી ....

ધોલે ગુંબદ કી અબ આન દેખો
મેરે ખ્વાજા કી યહ શાન દેખો
હિંદ કા જો હૈ સુલ્તાન દેખો
સબકે દિલમેં હૈ અરમાન દેખો
દેખની હૈ ગલી મુસ્તફા કી, હૈ છઠી ....



ઈસ દુલ્હા કે અલી બરાતી
ઈસ દુલ્હા કે વલી બરાતી
અલી બરાતી વલી બરાતી
ખ્વાજા ઉસ્માં ભી હૈં આએ
ખ્વાજા કુતુબ હૈં ઝંડા ઉઠાએ
બાબા ફરીદ ભી વજ્દમેં આએ
નિઝામુદ્દીન ભી ઝુમ કે ગાએ, હૈ છઠી ....

અપને **રિઝવાં** પે ઈતના કરમ હો
સર તેરે આસ્તાને પે ખમ હો
સાંસ જબ તક ચલે દમમેં દમ હો
નઅત પઢતા રહે મુસ્તફા કી, હૈ છઠી ....

★ માનદ તંત્રી ★
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

બરકાતે ખ્વાજા (માસિક) ઓગષ્ટ-૨૦૦૪
★ વર્ષ : ૦૧ ★ અંક : ૦૮ ★ સળંગ અંક : ૦૮

અનુક્રમણિકા


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ :** શહનશાહે હિંદુસ્તાનની શાન ન પૂછો !! | **રજૂકર્તા :** પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક :** હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યલય) | ૦૬ |
| ૦૩. | અનોખા સવાલ–અનોખા જવાબ | **અઝ :** મૌલાના સાદિક હસન સાબરી ચિશ્તી દેહગામી *(ખતીબો ઈમામ શાહી જુમ્મા મસ્જિદ, જંબુસર)* | ૦૭ |
| ૦૪. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૦૮ |
| ૦૫. | ફતવા વિભાગ | **અઝ :** મર્કઝી દારુલ ઈફતા, બરૈલી શરીફ, યુ.પી. | ૧૦ |
| ૦૬. | શિફા શરીફ | **લેખક :** હઝરત કાઝી અયાઝ رحمۃ اللہ علیہ (ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૧ |
| ૦૭. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક :** અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની (ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૧૪ |
| ૦૮. | કુફ્રનો મસ્અલો અને ઈમામ અહમદ રઝા | **લેખક :** હઝરત મુફતી શરીફુલ હક્ક رحمۃ اللہ علیہ **અનુવાદક :** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૬ |
| ૦૯. | હિકમતે નમાઝ | **અઝ :** હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી–મુંબઈ *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)* | ૨૦ |
| ૧૦. | ગુનાહોનો ઈલાજ | **લેખક :** હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી **અનુવાદક :** મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૨૪ |
| ૧૧. | સાચા પીરની પરખ કરાવતો આઈનો !! | **અઝ :** હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી **અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી | ૨૬ |
| ૧૨. | યુનો (સંયુક્ત રાષ્ટ્ર સંઘ)ની સ્થાપ્નાનો હેતુ | **કાર્યાલય** | ૩૧ |
| ૧૩. | કાનૂનના પ્રકાર | **અઝ :** જનાબ 'જિગર' નબીપુરી [લંડન, યુ.કે.] | ૩૫ |
| ૧૪. | આઝાદીની ચળવળમાં સુન્ની ઉલમાનો રોલ | **લેખક :** મૌલાના શમ્સુલ કમર કાદરી **અનુવાદક :** મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૩૬ |
| ૧૫. | રાહત અને મુશ્કેલીમાં મેહમાન નવાઝી | **અઝ :** મૌલાના અલ્તાફહુસૈન મિસ્બાહી–વાગરા | ૪૩ |
| ૧૬. | મેઅરાજમાં ખુદાના દીદાર વિશે વાંધાઓ અને તેના જવાબ | **કાર્યાલય** | ૪૪ |
| ૧૭. | રજબ મહીનાની ફઝીલતો | **કાર્યાલય** | ૪૮ |

✍



# શહનશાહે હિંદુસ્તાનની ❀ શાન ન પૂછો !! ❀

✍ : તંત્રી લેખ

### ★ એક મર્દે કલંદરનો કમાલ ! ★

**નિગાહે વલીમેં વો તાસીર દેખી**
**બદલતી હઝારોં કી તકદીર દેખી**

હિંદુસ્તાનની ભૂમિ પર કુફ્ર શિર્કની ઘનઘોર ઘટા છવાએલી હતી, કુફ્રો શિર્કનાં કાળાં ડિબાંગ વાદળોએ ગુમરાહીનો એવો ઘેરો ઘાલ્યો હતો કે અલ્લાહનું રિઝ્ક ખાનારા બંદાઓ ગૈર ખુદાને સજદા કરી રહ્યા હતા, પૃથ્વીરાજની શક્તિનો પ્રભાવ હિંદુસ્તાનભરના રાજાઓ પર છવાયેલો હતો એ જ રીતે અજમેરની હુકૂમત તથા પબ્લિક પણ કુફ્ર તથા શિર્ક અને સંસ્કારનું ખૂન કરતી બુરાઈઓમાં સૌને ચડે તેવી હતી. અને કુદરતનો નિયમ એ છે કે કોઈ હાદી તથા રહનુમાને એ જ જગાએ મોકલવામાં આવે છે જ્યાં સૌથી વિશેષ બુરાઈઓ જોવા મળે છે. પૃથ્વીરાજની પૂજા થતી હતી, એક ખુદાની માન્યતાનો ખયાલ ખત્મ થઈ ચૂક્યો હતો, મૂર્તિઓ સામે પેશાનીઓ ઝુકી રહી હતી.

એવા નાઝુક સમયે એક નૂરાની ચેહરાવાળો મર્દે ખુદા જેની પેશાનીમાંથી નૂર ફૂટી રહ્યું હતું તે હિ.સ. ૫૮૬ માં લાહોરના માર્ગે હઝરત દાતાગંજ બક્ષ લાહોરી رحمۃ اللہ علیہ ના દરબારમાં ચિલ્લો કર્યા બાદ અજમેરની ભૂમિ તરફ પોતાના ચાલીસ સાથીઓ સાથે ડગ ભરી રહ્યો છે. અજમેર પહોંચ્યા તો આ મર્દે ખુદાએ એક સ્થળે રોકાણ કરવા ચાહ્યું જ્યાં ઝાડોનો છાંયડો હતો અને એ સ્થળ શહેરથી પણ બહાર હતું. પરંતુ રાજા પૃથ્વીરાજના નોકરોએ આપને ત્યાં રોકાવા ન દીધા. તેમણે તે મર્દે હક્કને કહ્યું કે, "તમે અહીં નથી બેસી શક્તા, આ જગા તો રાજાઓનાં ઊંટોને બેસવાની છે, અહીં રાજાનાં ઊંટો બેસે છે તમે નથી બેસી શક્તા !" તો મર્દે કલંદરે ફર્માવ્યું, "અચ્છા ! ઊંટ બેસે છે ! તો ભલે રહે બેસેલાં !" આ શબ્દો કહીને તે ઊભા થઈ જાય છે અને ત્યાંથી રવાના થઈને તે અનાસાગરના કિનારે સાથીઓ સાથે પડવા નાંખે છે.

રાજાના સિપાહી એવું સમજતા હતા કે આ ભૂખે રહેનાર ગરીબો ફકીરોની ટોળી છે, એને અમે સતાવીશું તો અજમેર છોડીને ભાગી જશે, પરંતુ તેને એ ખબર ન હતી કે આ જ ખાકનશીનોના કદમોથી શાહી તખ્તના પાયા હચમચી જવાના છે. ઊંટો નિયમાનુસાર પોતાની જગાએ આવ્યાં અને બેઠાં પણ હવે તે એવાં બેઠાં કે ઉઠાડવા છતાં નથી ઉઠતાં ! ઊંટનો ચાલક ખૂબ જ પરેશાન થયા. અને આ સમગ્ર પ્રસંગ પૃથ્વીરાજ સમક્ષ વર્ણન કરવામાં આવ્યો તો તેને પણ આશ્ચર્ય થયું અને તેણે હુકમ આપ્યો કે તે એ ફકીરો પાસે માફી માંગે. તો ઊંટ ચાલકો તે મર્દે કલંદર પાસે આવ્યા અને કરગરીને માફી માંગવા લાગ્યા તો તે મર્દે કલંદરે પ્રેમભાવથી માફી આપી અને કહ્યું, "સારું જાવ ! ઊંટો ઉભાં થઈ ગયાં !"

ઊંટ ચાલકો ખુશ થતા થતા પાછા આવ્યા તો તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો કે સર્વ ઊંટો ઉભાં હતાં !

જાણો છો આ મર્દે કલંદર કોણ હતા ?! તે **શહનશાહે હિંદુસ્તાન, અતાએ રસૂલ હઝરત ખ્વાજા ગરીબ નવાઝ મોઈનુદ્દીન ચિશ્તી સંજરી અજમેરી** رحمۃ اللہ علیہ હતા જેમના રૂહાની પ્રભાવથી તથા સુસંસ્કારથી, અખ્લાકપૂર્ણ વર્તનથી પ્રભાવિત થઈ કાંઈ કેટલાયે કુફ્રની ખાઈમાં ડૂબલાઓ કુફ્રો શિર્કની અંધારી ખીણોમાંથી નીકળીને ઈસ્લામની રોશનીથી દિલોને ઝગમગાવવા લાગ્યા હતા અને આજ સુધી એની ચમકથી એક આલમ રોશન છે.

## ★ અજમેરમાં નૂરે ઈમાનનો સૂરજ ચમકી ઉઠયો ! ★

અજમેર શરીફમાં એક શોર મચી ગયો કે એક બાકરામત ફકીર અજમેરમાં તશરીફ લાવેલ છે, તો ટોળે ટોળાં ગરીબ નવાઝના દીદાર માટે આવવા લાગ્યાં અને લોકો ગરીબ નવાઝના નૂરાની ચહેરાના દીદાર કરી કલ્મો પઢી મુસલમાન થવા લાગ્યા. અજમેરની ભૂમિ પર હક્કો સદાકત, ઈશ્કો ઈર્ફાન તથા ઈમાનો ઈકાનનો સૂરજ ચમકવા લાગ્યો જેથી બાતિલોના કિલ્લામાં બેચૈની ફેલાવા લાગી, હુકૂમતના પાયા હાલવા લાગ્યા, ઈસ્લામનાં તાબનાક કિરણોથી કુફ્ર કાંપી ઉઠયું. લોકો વાતો કરતા હતા કે, કેવા લોકો છે ! તેમના ચહેરા કેટલા નૂરાની છે, તેઓમાં કેટલી મહોબ્બત છે ! સૌ એક સાથે ખાય છે, એક સાથે ખુદાની ઈબાદત કરે છે, સૌનો સમાન લિબાસ છે, તેમને જોવાથી સુકૂન મળે છે. આ પ્રકારની વાતો ચોરે ચૌટે થવા લાગી.

કુદરતનો કાનૂન છે કે હક્ક કબૂલવાની તૌફીક કેવળ તે જ લોકોને નસીબ થાય છે જેમને અલ્લાહ તઆલા કલ્બે સલીમ અતા કરે છે અને જેઓ હમેશાંના માટે બદ્‌બખ્ત હોય છે તેમના પર હક્કની તબ્લીગની ઉલ્ટી અસર થાય છે અને તેમના દિલોની કમબખ્તી તથા કાળાશમાં ઔર વધારો થાય છે. અલ્લાહ તઆલા તેમનાં દિલોને તાળાં લગાડી દે છે. હઝરત ખ્વાજાની તબ્લીગી કોશિશથી ઘણા હક્ક સ્વીકારનારા લોકો ઈસ્લામ સ્વીકારવા લાગ્યા તો કાફિરોના દિલોમાં તેલ રેડાયું અને ગુસ્સે થઈને હઝરતને ઈજાઓ આપવાના પ્રોગ્રામો બનાવવા લાગ્યા.

ખ્વાજા સાહબ સાથીઓ સાથે અનાસાગર તળાવના કિનારે રહેતા, તેનું પાણી પીતા, અમુક ખાદિમો માછલીઓ પકડી શેકીને ખાતા, અઝાનો થતી, નમાઝ થતી. આ બધું જોઈને આસપાસ રહેલાં નાનાં મોટાં મંદિરોનાં પૂજારીઓ, પંડિતો તેમના શિષ્યો સાથે ખ્વાજા સાહબને હાંકી કાઢવા આવી ચડયા અને આપને વિવિધ શિકાયતો કરીને ચાલ્યા જવા કહ્યું તો આપે નમ્રતાપૂર્વક કહ્યું કે, "તમે પણ ખુદાના બંદા છો અને અમે પણ ખુદાના બંદા છીએ, અમે સાચા ખુદાની બંદગી કરીએ છીએ પરંતુ તમે જ સાચા ખુદાને છોડી અસંખ્ય જૂઠા ખુદાઓને પૂજો છો. ખોટુ તો તમે કરે છો ! અમે તો તમને કોઈ પ્રકારનું કષ્ટ નથી આપતા." છતાં તેઓએ આક્રમક વલણ અપનાવ્યું તો ખ્વાજા સાહબે થોડી માટી ઉપાડી "આયતુલ કુર્સી" પઢીને તેના પર દમ કરી તેમના પર ફેંકી તો તેઓ આગળ ન વધી શક્યા અને સ્તબ્ધ થઈ ગયા અને કોઈ લંગડો થઈ ગયો, કોઈનું અડધુ ધડ બેકાર થઈ ગયું અને ત્યાંથી રવાના થઈ ગયા.

ત્યારબાદ તેઓનો ખાસ ધર્મગુરૂ સાધુરામ શિષ્યો સાથે ખ્વાજા સાહબને ડરાવવા આવ્યો પણ ખ્વાજા સાહબનો ચહેરો જોઈને જ ગભરાઈ ગયો અને પોતાની વિદ્યા ભૂલી ગયો, તેનો હૃદય પલ્ટો થઈ ગયો, તે મુસલમાન બની ગયો. જેનાથી આખા અજમેરમાં કોલાહલ મચી ગયો !

**ન તખ્તો તાજમેં ન લશ્કરો સિપાહમેં હૈ**
**જો બાત મર્દે કલંદર કી એક નિગાહમેં હૈ**

## ★ કૂજામાં સર્વ સાગરો આવી ગયા ! ★

દિન પ્રતિ દિન આગળ પડતા લોકો મુસલમાન થતાં પૃથ્વીરાજની ચિંતા વધવા લાગી તો તેણે જયપાલ જોગી જે મહાન જાદૂગર હતો તેને ખ્વાજા સાહબને તગેડવા તૈયાર કર્યો. એ દરમ્યાન ખ્વાજા સાહબ પર અનાસાગરનું પાણી લેવાથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો તો આપે એક ખાદિમને કહ્યું કે અનાસાગરમાંથી એક મશક ભરી લાવો ! તેણે મશક ભરી તો મશકમાં પૂરા અનાસાગરનું પાણી આવી ગયું ! "મસાલેકુસ્સાલેકીન"માં છે કે, "અજમેરનાં તળાવો, કૂવાઓ, ઝરણાંઓ પાણી વિહોણા કોરાંકટ થઈ ગયાં. રાજા, પ્રજા, પંડિતો સૌ હેરાન થઈ ગયા. ક્યાંય પાણીનું અસ્તિત્વ ન રહ્યું, લોકો તરસે મરવા પડયા તો એક રિવાયત પ્રમાણે જયપાલે જ ખ્વાજા સાહબની ખિદમતમાં આવી અર્ઝ કરી કે, "આપ તો ફકીર છો, રહમ દિલ છો, લોકોને પાણીની અતિઆવશ્યક્તા છે, સ્ત્રીઓ, બાળકો, પશુ પંખીઓ પાણી વિના તરસ્યાં છે તો મહેરબાની ફર્માવો !" આપે કૃપા કરીને ખાદિમને તે મશક અનાસાગરમાં પાછો ઠાલવી દેવા જણાવ્યું. મશક ઠાલવતાં જ તળાવ તથા

કૂવાઓ, ઝરણાં પાણીથી ભરાઈ ગયાં ! આ કરામત જોઈને અજમેરનાં ટોળેટોળાં ખ્વાજા સાહબથી પ્રભાવિત થઈ મુસલમાન થવા લાગ્યાં અને મુસ્લિમોની સંખ્યા અજમેરમાં વધવા લાગી.

એક બુદ્ધિશાળી માટે આટલી વાતો પૂરતી હતી કે હક્કનો સ્વીકાર કરીને ઈમાન લઈ આવે પણ હાય રે ! કમનસીબી ! કે પૃથ્વીરાજ સત્ય સ્વીકારવાને બદલે વધુ અકળાઈ છે અને જયપાલને જાદૂ અજમાવવા કહે છે. જયપાલ જોગી પોતાના નાના મોટા ચેલાઓને લઈને અનાસાગર પહોંચે છે અને તેમને જાદૂ અજમાવવા હુકમ આપે છે તો ચેલાઓ મંત્ર શરૂ કરે છે જેથી પહાડ પરથી પથ્થરો ઉડીને હઝરત ખ્વાજાની જમાઅત નજીક પડવા લાગે છે પરંતુ તેમનામાંથી કોઈને કાંઈ તકલીફ થતી નથી. તેમના વર્તુળની ચો તરફ પથ્થર ખડકાઈ ગયા. સારાંશ કે કોઈ રીતે તેઓ ખ્વાજા સાહબ સામે ફાવતા નથી તો આકાશમાંથી અગ્નિ વર્ષા કરી એ પણ એ વર્તુળમાં પ્રવેશી ન શકી અને જાદૂથી આકાશમાં ઉડતા જયપાલ જોગીને ખ્વાજા સાહબે પાવડીને હુકમ કરતાં તે ઉડે છે અને જયપાલની ખોપડીમાં પડે છે, અને તેને નીચે આવવું પડે છે. નીચે આવી જયપાલ જોગી ખ્વાજા સાહબથી માફી માંગે છે અને મુસલમાન બની જાય છે જેનું નામ અબ્દુલ્લાહ બાની રાખવામાં આવે છે.

## ★ ખ્વાજા સાહબના ઉચ્ચ અખ્લાક ★

એકવાર એક માણસ દરવેશોના લિબાસમાં ખંજર છુપાવી ખ્વાજા સાહબને કત્લ કરવાના બુરા ઈરાદે ખોટી શ્રદ્ધા અને અકીદત જાહેર કરતાં હાજર થઈ એક જગાએ યોગ્ય મોકાની તલાશમાં બેસે છે. ખ્વાજા સાહબે તેને પ્રેમથી બાજુમાં બેસાડીને કહ્યું કે, "દોસ્ત ! અત્યારે શ્રેષ્ઠ તક છે ! જે મકસદ માટે ખંજર છુપાવી અહીં આવેલ છે તે પૂરો કરી લે !" તે શખ્સ દંગ રહી જાય છે અને આ શબ્દોથી તેના દિલો દિમાગની બંધ ખિડકીઓ ખુલી જાય છે. તેણે ખંજર કાઢી ખ્વાજા સાહબ સામે મૂકી દીધું અને પોતાનો અપરાધ સ્વીકારી કહેવા લાગે છે કે "હઝરત ! મને આ ખંજરથી કત્લ કરી નાખો ! મારા પાપનું પ્રાયશ્ચિત થઈ જાય." આપે તેને સાંત્વન આપતાં ફર્માવ્યું કે, "તારાથી કોઈ ગુનો અમલમાં જ નથી આવ્યો તો સજા કેવી ?! જા ! તને મેં માફ કર્યો." તે શખ્સ હઝરતની નઝરે કરમથી અલ્લાહનો વલી બની ગયો, અનેક હજ્જો કરીને મક્કા શરીફમાં ઈન્તેકાલ પામ્યો.

બાળવસ્થામાં પણ આપે સંજરનો આલીશાન બગીચો પવન ચક્કીને વેચીને તેની રકમ મોહતાજો ગરીબોમાં વહેંચી નાખી હતી. જીવનભર સાઈલોના સવાલો પૂરા કરતા રહ્યા, આપના લંગરખાનામાં દરરોજ સેંકડો ગરીબો, મુસાફરો, દીની તલબા, મહેમાનો માટે મોટા પ્રમાણમાં ભોજન તૈયાર થઈ વહેંચાતુ હતું. આપ દુરવેશો, તાલિબે ઈલ્મોની સહાય કરનાર હતા, તલબાને સ્કોલરશીપ આપતા, વૃદ્ધોની દેખભાળ રાખતા, બીમારો, લાચારોને, પાડીશીઓને કોઈને જાણ સુધ્ધાં કર્યા વિના મદદ કરતા હતા. આપે આલીશાન બંગલાઓ એશઆરામથી જીવવા નથી ઊભા કર્યા બલ્કે સાચુ ફકીરી જીવન અપનાવ્યું હતું. કોઈ ચાહક કે મુરીદને કદી તતડાવ્યો કે ધમકાવ્યો નથી, હમેશાં આપ ધીરજ તથા સંયમથી ખુશ ચહેરે વર્તતા.

સારાંશ કે હિંદુસ્તાનની કુફ્રની ઘનઘોર ઘટાઓને ઈમાનના નૂરથી ભરી દીધી. વર્તમાનકાળમાં ઈસ્લામની જે બોલબાલા આપ જોઈ રહ્યા છો તેમાં સૌથી વિશેષ ફાળો ખ્વાજા સાહબનો છે અને આપે હુસ્ને અખ્લાક સાથે કરામતોની બરકતથી ઈસ્લામ ફેલાવ્યો હતો. જેમની કરામતોની બરકતથી મુસલમાનોના બાપદાદા કુફ્રથી ઈસ્લામ તરફ, હમેશાંની જહન્નમથી જન્નત પ્રતિ આવ્યા. આજે એમની ઔલાદમાં કેટલાય ગુમરાહો વહાબી, દેવબંદી, મૌદૂદી, ગૈર મુકલ્લિદ તેમનાં એહસાનોને ભૂલી ગયા અને બુઝુર્ગોને પોતાના જેવા બેઈખ્તિયાર બશર સમજવા લાગ્યા છે. (અલ્લાહની પનાહ !)

મૌલા તઆલા તેના હબીબે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં આપણને જીવનના છેલ્લા □સ સુધી બુઝુર્ગોને દીનના સાચા ચાહક બનાવે, કેવળ મૌખિક દાવેદાર નહીં પણ બુઝુર્ગોના કિરદારવાળા, ખૌફે ખુદાવાળા અને શરીઅતના પાબંદ બનાવે. *(આમીન)*

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

فَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا فَيَعْلَمُوْنَ اَنَّهُ
الْحَقُّ مِنْ رَّبِّهِمْ ۚ وَاَمَّا الَّذِيْنَ كَفَرُوْا فَيَقُوْلُوْنَ مَاذَآ اَرَادَ اللّٰهُ
بِهٰذَا مَثَلًا ۘ يُضِلُّ بِهٖ كَثِيْرًا ۙ وَّيَهْدِيْ بِهٖ كَثِيْرًا ۭ وَمَا يُضِلُّ
بِهٖٓ اِلَّا الْفٰسِقِيْنَ ﴿٢٦﴾ الَّذِيْنَ يَنْقُضُوْنَ عَهْدَ اللّٰهِ مِنْ بَعْدِ
مِيْثَاقِهٖ ۠ وَيَقْطَعُوْنَ مَآ اَمَرَ اللّٰهُ بِهٖٓ اَنْ يُّوْصَلَ وَيُفْسِدُوْنَ
فِى الْاَرْضِ ۭ اُولٰۗىِٕكَ ھُمُ الْخٰسِرُوْنَ ﴿٢٧﴾ كَيْفَ تَكْفُرُوْنَ بِاللّٰهِ وَ
كُنْتُمْ اَمْوَاتًا فَاَحْيَاكُمْ ۚ ثُمَّ يُمِيْتُكُمْ ثُمَّ يُحْيِيْكُمْ ثُمَّ اِلَيْهِ تُرْجَعُوْنَ ﴿٢٨﴾

**તર્જુમો** : તો જેઓ ઈમાન લાવ્યા તેઓ સારી રીતે જાણે છે કે આ દષ્ટાંત હક્ક છે, તેમના રબની તરફથી (ઉતરી છે) અને જેમણે કુફ્ર કર્યું તો તેઓ કહે છે શું ઈરાદો કર્યો અલ્લાહે આ દષ્ટાંતના ઉલ્લેખ થકી. ગુમરાહ કરે છે અલ્લાહ એનાથી ઘણાઓને અને હિદાયત આપે છે એનાથી ઘણાઓને, અને નથી ગુમરાહ કરતો પણ નાફર્માનોને[૩૮]. તે જેઓ તોડતા રહે છે ખુદા તઆલાના વાયદાને તેને પુખ્તા બાંધ્યા બાદ અને કાપતા રહે છે એને હુકમ ફર્માવ્યો અલ્લાહે જેને જોડવાનો, અને ફસાદ મચાવતા રહે છે જમીનમાં. એ જ લોકો નુકસાન ઉઠાવનારા છે. કેમ કરીને ઈન્કાર કરો છો તમે અલ્લાહનો[૩૯]! જ્યારે કે તમે મુર્દા હતા તેણે જીવતા કર્યા, ફરી તમને મૃત્યુ આપશે ફરી તમને જીવતા કરશે પછી તેના પ્રતિ તમને પલટાવવામાં આવશે[૪૦].

## ★ તફસીર ★

**૩૮.** الضلال اصله الهلاك *(કુર્તબી)* દ્‌લાલનો મૂળ અર્થ હલાક (નાશ) થવું છે, અને ફિસ્ક શરીઅતની બોલીમાં કહે છે. الخروج من طاعة اللّٰه عزوجل *(કુર્તબી)* અલ્લાહ તઆલાની ઈતાઅત તથા ફર્માંબરદારીથી નીકળી જવું. તેમની નાફર્માનીની સ્થિતિ આગલી આયતમાં વર્ણવી દીધી. અલ્લાહ તઆલાથી વાયદો કરીને તોડી નાખવો, તે સગાઈઓ તથા વ્યક્તિગત તેમજ સામાજિક સંબંધો જેને મેહફૂઝ રાખવાનો અલ્લાહ તઆલાએ તાકીદી હુકમ ફર્માવ્યો છે તેને કટ કરતા રહેવું, પોતાની સત્તા તથા હોદ્દા માટે જુલ્મો સિતમ અને ઝઘડા ફસાદ ફેલાવતા રહેવું, આ તેમનાં કરતૂતો હતાં. અને જેમનાં આ કરતૂતો હોય તેમને હલાકત તથા તબાહીથી શી રીતે બચાવી શકાય છે. આરિફ રૂમી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

**નકદે મીષાકો શિકસ્તે તૂ બહા**
**મૂજિબે લઅનત શવદ દર ઈન્તેહા**

**૩૯.** આશ્ચર્ય તથા તઅજ્જુબની રીતે કાફિરોને પૂછવામાં આવી રહ્યું છે કે આટલી વિ□વ્યાપી તથા ઉમદા અને જાહેરી તથા આંત્રિક દલીલોના છતાં તેઓ કુફ્રની હિંમત કેમ કરીને કરી રહ્યા છે !

**૪૦.** અહીં બે ચીજો વિચારને પાત્ર છે : **પ્રથમ** એ કે અહીં અલ્લાહ તઆલાનાં ઈનામોના વર્ણનનો હેતુ છે તો પછી મૌતનો ઉલ્લેખ શાથી કર્યો ? એનો જવાબ તો એ છે કે આ મૌત માણસને નાશવંત જિંદગીથી કાઢીને કાયમી જિંદગીની તરફ લઈ જાય છે, જેથી આ મૌત હજાર નેઅમતોથી મોટી નેઅમત છે. **બીજી** વિચારને પાત્ર ચીજ એ છે કે અહીં બે મૃત્યુઓ અને બે જિંદગીઓનું વર્ણન છે. જો કબ્રની જિંદગી માનવામાં આવે તો ત્રણ જિંદગીઓ અને ત્રણ

મૌતો (મૃત્યુઓ) ગણાશે અને એ આયતના વિરૂધ્ધ છે. તો એનો જવાબ એ છે કે ثم يحييكم થી કબ્રની જિંદગી મતલબ છે. કેમ કે તેના પછી ઈર્શાદ છે : ثم اليه ترجعون પછી તમે અલ્લાહ તઆલાની તરફ પલ્ટાવવામાં આવશો. અહીં **ષુમ્મ**નો શબ્દ વપરાયો છે. તે "તઅકીબ" તથા "તાખીર"ના માટે આવે છે. એટલે કે અલ્લાહ તઆલાની પ્રતિ પલટવું એ જીવંત થયા બાદ થશે, પરંતુ તેના બાદ તુરત જ નહીં બલ્કે મોડેથી થશે અને આ ત્યારે જ થઈ શકે છે જ્યારે કે કબ્રની જિંદગીને સ્વીકારવામાં આવે. જો કહેવામાં આવે કે ثم يحييكم થી મતલબ હશ્ર (કિયામત)ની જિંદગી છે તો પછી **ષુમ્મ**ના ઉપયોગનો મોકો જણાતો નથી. કેમ કે જ્યારે કબ્રોએથી કબ્રવાળાઓને ઉઠાવવામાં આવશે તો તુરત બારગાહે ઈલાહીમાં પહોંચશે. કોઈને ટાળમટોળ કે મોડુ કરવાની ઈજાઝત હશે નહીં.

આ સર્વ ચર્ચા ત્યારે છે જ્યારે કે અહીં જિંદગી અને મૌતની સંખ્યાની ગણત્રીનો (હસ્ર) હેતુ હોય. જો કે અલ્લામા કુર્તબી رحمۃ اللہ علیہ તથા અન્ય મોહક્કિકોએ સ્પષ્ટતા કરી છે કે હસ્ર મકસૂદ નથી કેમ કે સહીહ હદીષોમાં ચાર પાંચ વાર સુધી મૌત તથા જીવનની તકરાર (વારંવાર વર્ણન) સાબિત છે. સારાંશ કે આ આયતથી કોઈ રીતે પણ કબ્રની જિંદગીનો ઈન્કાર સાબિત નથી થતો. તમામ અહલે સુન્નતનો એ જ મઝહબ છે કે કબ્રની જિંદગી હક્ક છે અને વિવિધ સહીહ હદીષો જે હદ્દે તવાતુર સુધી પહોંચેલી છે તે કબ્રની જિંદગીને સાબિત કરે છે. *(ક્રમશઃ)*

## અનોખા સવાલ-અનોખા જવાબ

**અઝ** : મૌલાના સાદિક હસન સાબરી ચિશ્તી દેહગામી
*(ખતીબો ઈમામ શાહી જુમ્મા મસ્જિદ, જંબુસર)*

અસ્સલામુ અલૈકુમ, પ્યારા વાંચક મિત્રો ! આપની સમક્ષ "અનોખા સવાલોના અનોખા જવાબ"ના રૂપમાં દીની મા'લૂમાતની શરૂઆત કરતાં ખુશી અનુભવી રહ્યો છું, અલ્લાહ તઆલા મારી આ અદના ખિદમતને કબૂલ ફર્માવે અને મારા લખાણને યાદ રાખવાની તથા અમલ કરવાની અને બીજા સુધી પહોંચાડવાની સર્વે મુસ્લિમ ભાઈ-બહેનોને નેક તૌફીક આપે. આમીન બિજાહિ સૈયદિલ મુરસલીન ﷺ.

### ★ બિસ્મિલ્લાહ વિશે સવાલો અને જવાબો ★

**સવાલ** : બિસ્મિલ્લાહ ક્યા વખતે પઢવી ફર્ઝ છે ?

**જવાબ** : જાનવર ઝુબહ કરતી વખતે બિસ્મિલ્લાહ પઢવી ફર્ઝ છે પરંતુ પૂરી પઢવી ફર્ઝ નથી. *(તહતાવી, પેજ-૨)*

**સવાલ** : બિસ્મિલ્લાહ પઢવી ક્યારે સુન્નત છે ?

**જવાબ** : કોઈ પણ સૂરતને શરૂથી પઢતાં પહેલાં અને વુઝૂ કરતાં પહેલાં અને નમાઝની દરેક રકાતની શરૂઆતમાં દરેક જરૂરી કામ દા.ત. ખાવું, પીવું, હમબિસ્તરી વગેરેની શરૂઆતમાં બિસ્મિલ્લાહ પઢવી સુન્નત છે. *(તહતાવી, પેજ-૩)*

**સવાલ** : બિસ્મિલ્લાહ પઢવી ક્યારે મુસ્તહબ છે ?

**જવાબ** : ખારિજે નમાઝ સૂરતની વચ્ચેથી તિલાવત શરૂ કરતી વખતે બિસ્મિલ્લાહ પઢવી મુસ્તહબ છે. *(બહારે શરીઅત, ભાગ-૩, પેજ-૧૦૧)* અને સૂરએ તૌબાને વચ્ચેથી પઢતી વખતે પણ આ જ હુકમ છે.

**સવાલ** : બિસ્મિલ્લાહ પઢવી ક્યારે કુફ્ર છે ?

**જવાબ** : શરાબ પીતી વખતે, ઝિના કરતી વખતે, ચોરી કરતી વખતે, જૂગાર રમતી વખતે બિસ્મિલ્લાહ પઢવી કુફ્ર છે. એટલે કે જ્યારે કતઈ હરામ કરતી વખતે બિસ્મિલ્લાહ હલાલ સમજે. *(બહારે શરીઅત, ભાગ-૯, પેજ-૧૭૨, ફતાવા આલમગીરી, ભાગ-૨, પેજ-૨૪૫)*

**સવાલ** : બિસ્મિલ્લાહ પઢવી ક્યારે હરામ છે ?

**જવાબ** : હરામે કતઈ વખતે અને ચોરી વગેરેનો નાજાઈઝ માલ વાપરતી વખતે બિસ્મિલ્લાહ પઢવી હરામ છે. જ્યારે કે આ કામોમાં બિસ્મિલ્લાહ પઢવી હરામ જ સમજે. તેવી જ રીતે જે માણસ પર ગુસ્લ ફર્ઝ છે, તેવી વ્યક્તિએ તિલાવતની નિય્યતથી બિસ્મિલ્લાહ પઢવી હરામ છે. અલ્બત્ત ! તેને ઝિક્ર અથવા દુઆની નિય્યતથી પઢવું જાઈઝ છે. *(તહતાવી, પેજ-૩)*

**સવાલ** : બિસ્મિલ્લાહ પઢવી ક્યારે મકરૂહ છે ?

**જવાબ** : સૂરએ બરાઅ (તૌબા)ની શરૂમાં બિસ્મિલ્લાહ પઢવી મકરૂહ છે. જ્યારે કે સૂરએ અનફાલ સાથે મિલાવીને પઢે. તેવી જ રીતે હુક્કો, બીડી, સીગરેટ પીતી વખતે તેમજ લસન, પ્યાજ, તમાકુ જેવી વસ્તુઓ ખાતી વખતે અને નજાસતની જગ્યાઓ ઉપર પઢવી મકરૂહ છે. *(તહતાવી, પેજ-૩, શામી, ભાગ-૧, પેજ-૭)*

દર્સે હદીષે પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

(એટલે)

# મિર્કાત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان (કાર્યાલય)

**★ હદીષ : ૧૮ ★**

હઝરત અબૂ સઈદ ખુદરી[૧] رضی اللہ عنہ થી રિવાયત છે : ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم બક્ર ઈદ અથવા ઈદુલ ફિત્રમાં ઈદગાહ[૨] તશરીફ લઈ ગયા. ઔરતો પાસેથી પસાર થયા[૩] તો ફર્માવ્યું કે, હે બીબીઓ ! ખૂબ ખૈરાત કરો ![૪] કેમ કે મને દેખાડવામાં આવ્યું છે[૫] કે તમે અધિક પ્રમાણમાં દોઝખવાળી છો. તેણીઓએ અર્ઝ કરી, હુઝૂર ! શા માટે ?! ફર્માવ્યું તમે લઅન તઅન (બુરુ ભલું બોલવું) વધુ કરો છો[૬] પતિની નાશુક્રી (કરનારી) છો[૭] તમારાથી વધીને કોઈ કમ અક્લ, દીન પર કમઅક્લવાળી, બુદ્ધિશાળી પુરૂષની બુદ્ધિ બગાડનારી મેં નથી જોયી[૮]. સ્ત્રીઓએ અર્ઝ કરી, હુઝૂર ! અમારા દીન તથા બુદ્ધિમાં કમી શાથી છે ? ફર્માવ્યું કે શું એ નથી કે સ્ત્રીની ગવાહી પુરૂષની ગવાહી કરતાં અડધી છે ?[૯] અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, આ સ્ત્રીની બુદ્ધિની કમી છે. ફર્માવ્યું, શું એ દુરુસ્ત નથી કે સ્ત્રી હૈઝમાં રોઝા, નમાઝ અદા નથી કરી શક્તી ?[૧૦] અર્ઝ કરી, હા !, આ એના દીનની કમી છે. *(બુખારી, મુસ્લિમ)*

**★ સમજુતી ★**

**૧.** આપનું નામ શરીફ સઅદ ઈબ્ને માલિક અન્સારી છે. ખુદરા અન્સારનો એક કબીલો છે જેના પ્રતિ આપની નિસ્બત છે. મહાન આલિમ હદીષોના માહિર સહાબી છે. ગઝવએ ખંદક તથા અન્ય ૧૨ ગઝવાઓમાં આપ હુઝૂરની સાથે શરીક રહ્યા. આપે ૮૪ વરસની ઉમર પામીન. સ.હિ...... માં વફાત પામ્યા. જન્નતુલ બકીઅમાં દફન થયેલા છે. ફકીરે (લેખકે) પણ કબ્રે અન્વરની ઝિયારત કરી છે.

**૨.** એટલે કે શહેરથી બહાર. યાદ રાખશો કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ઈદૈનની નમાઝ જંગલમાં અદા ફર્માવતા હતા તેમ છતાં કે મસ્જિદે નબવી શરીફ બેહતરીન મસ્જિદ છે. જાણવા મળ્યું કે આ બંને (ઈદોની) નમાઝો જંગલમાં અદા કરવી સુન્નત છે, જો કે શહેરમાં પણ જાઈઝ છે.

**૩.** જો કે ઈદગાહમાં નમાઝ અદા કરવાની હતી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના (જાહેરી) જમાનામાં તમામ સ્ત્રીઓને ઈદગાહની હાજરીનો હુકમ હતો જેથી કરીને શરીઅતના હુકમો સાંભળે અને ઈદની નમાઝ તથા કમસે કમ મુસલમાનોની દુઆમાં શરીક થઈ જાય. પુરૂષોથી અલગ બેસતી હતી. સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ખુત્બા બાદ તેમની જમાઅતમાં ખાસ વાઅઝ ફર્માવતા હતા. ફારૂકીયુગથી સ્ત્રીઓને આ હાજરીથી રોકી દેવામાં આવી જેવું કે આગળ વર્ણન કરવામાં આવશે.

**૪.** હાલમાં જેહાદના માટે નફ્લ સદકો આપો અથવા હમેશાં નફ્લ સદકો આપતા રહો. કેમ કે ફર્ઝ સદકામાં સ્ત્રી પુરૂષો સૌ સમાન છે, અહીં સદકએ ફિત્ર મુરાદ નથી, કેમ કે એ તો ઈદગાહે

જતાં પહેલાં અદા કરી દેવામાં આવે છે. યાદ રાખશો કે સ્ત્રી પોતાની માલથી સદકો આપી શકે છે, પતિના માલથી તેની ઈજાઝતથી આપે, ચાહે સ્પષ્ટ ઈજાઝત હોય કે ઉર્ફીથી હોય.

૫. મેઅરાજમાં અથવા કશ્ફથી. આ પરથી અમુક મસ્અલા માલૂમ પડયા. : **એક** એ કે હુઝૂર ﷺ ની નજર આગલા પાછલા બનાવોને જોતી રહે છે, કેમ કે દોઝખમાં પ્રવેશ કિયામત પછી થશે છતાં તેને આજે જ જોઈ રહ્યા છે ! જેવી રીતે કે આપણે ખ્વાબમાં ખયાલમાં આગલી પાછલી વાતો જોઈ લઈએ છીએ. **બીજી** વાત એ કે હુઝૂર અલ્લાહના હુકમથી જન્નતીઓ તથા દોઝખીઓને પેહચાને છે, તેમની સંખ્યાથી માહિતગાર છે, જ્યારે આ ઉલૂમે ખમ્સા (પાંચ ઈલ્મો)માંથી છે. **ત્રીજુ** એ કે **નેક અમલો ખાસ કરીને સદકો અઝાબને દૂર કરે છે.** એટલા માટે મૈયતને તીજીયું, દસમું વગેરેમાં ઈસાલે સવાબ કરવામાં આવે છે કે જો તેની કબ્રમાં આગ હોય તો તેનાથી બુઝાઈ જાય.

૬. ગુસ્સામાં બાળકો પર, લડાઈમાં સામેવાળા પર. આ હદીષથી જાણવા મળ્યું કે વધારે લઅનત કરવી દોઝખી હોવાનો સબબ છે. આ પરથી તે લોકો સબક હાંસલ કરે જેમને ત્યાં સહાબા પર તબર્રા (લઅન તઅન) અને લઅનત કરવું ઈબાદત છે. જ્યારે નમરૂદ, ફિરઔન, હામાન બલ્કે શૈતાનને ગાળો આપવી અને તબર્રા કરવું સવાબ નથી તો બુઝુર્ગોને ગાળો આપવી ક્યાંની માણસાઈ છે. **મસ્અલો** : કોઈ મુઅય્યન પર લઅન કરવી જાઈઝ નથી તે કાફિરો સિવાય જેમનું કુફ્ર પર મરવું નસમાં આવી ચૂક્યું હોય. ગૈર મુઐયન ગુનેહગાર પર પણ લા'નત કરવી જાઈઝ છે. દા.ત. આવું કહી શકે છે કે કાફિરો પર કે જૂઠાઓ પર લઅનત. પણ એની આદત ન પાડો, જેવું કે આ હદીષથી જણાય રહ્યું છે.

૭. કે જો જીવનભર પતિ તમારી નાઝ બરદારી કરે અને એક વાર કાંઈ ઉણપ કરી દે તો કહો છો કે તેં મારી સાથે કાંઈ કર્યું જ નથી ! જે બંદાનો નાશુક્રો છે તે ખુદાનો શાકિર નથી બની શક્તો.

૮. એમાં સ્ત્રીઓનાં ત્રણ અયબો વર્ણન કરવામાં આવ્યા : **(૧)** બુદ્ધિમાં ઉણપ, **(૨)** દીન પર અમલમાં ઉણપ અને **(૩)** પુરૂષને બેવકૂફ બનાવવો. આ સ્ત્રીઓની સામાન્ય સ્થિતિ છે, જો કે અમુક બીબીઓ એનાથી પાક છે. યાદ રાખશો કે પુરૂષ જાતિ સ્ત્રી જાતિ કરતાં અફઝલ છે, જો કે અમુક સ્ત્રીઓ અમુક પુરૂષોથી અફઝલ છે : હઝરત આમેના ખાતૂન, આઈશા સિદ્દીકા, ફાતિમા ઝહરા આપણા જેવા કરોડો પુરૂષો કરતાં અફઝલ છે, જેથી હદીષ પર કોઈ વાંધો નથી.

૯. સામાન્ય સંજોગોમાં ક્યાં તો પુરૂષ ગવાહ હોય અથવા એક પુરૂષ અને બે સ્ત્રીઓ. અમુક સંજોગોમાં સ્ત્રીઓની ગવાહી તદ્દન માનવામાં નથી આવતી, જેમ કે હુદૂદ (શિક્ષાઓ) તથા કેસાસ (બદલો). અમુક સંજોગોમાં કેવળ એક સ્ત્રીની ખબર વિ□સનીય ગણાય છે, જેમ કે વાદળોની હાલતમાં રમઝાનનો ૨૯ મો ચાંદ અથવા હૈઝ તથા નિફાસની અથવા ઈદ્દત ગુજરવાની ખબર. અહીં આમ હાલત મુરાદ છે.

૧૦. કેટલોક અરસો નમાઝના સવાબથી અને રોઝા અદા કરવાની બરકતથી મેહરૂમ રહે છે. ખયાલ રાખશો કે હૈઝ તથા નિફાસના સમયમાં નમાઝો તદ્દન માફ છે અને રોઝાની અદા માફ કઝા વાજિબ થશે. એનાથી જાણવા મળ્યું કે ઈબાદતની વધ ઘટ દીનના કમાલ તથા નુકસાનનો ઝરીયો છે. યાદ રાખશો કે મુસાફિર તથા બીમાર નમાઝ તથા રોઝાના અહલ (પઢી શકે) છે, પરંતુ માસિક (હૈઝ)વાળી અને નિફાસવાળી તેની અહલ (પઢી શક્તી) જ નથી, જેથી એ બંનેવ અપૂર્ણ છે. *(ક્રમશઃ)*

# ફતવા વિભાગ

**(અઝ : મર્કઝી દારુલ ઈફતા, ૮૨ સૌદા ગ્રાન, બરેલી શરીફ, યુ.પી.)**

[કેટલાક ભાઈઓ ઈશ્કિયા શેઅર શાયરી લખતા લખતા દીની બાબતે ખેંચી તાણી પોતે શાયર કહેવડાવવા ફાંફાં મારે છે, અને પોતાની અજ્ઞાનતાના કારણે અતિશયોક્તિ બતાવવા એવું લખી મારે છે કે ઈમાનથી હાથ ધોઈ બેસે છે. વળી દુનિયવી શાયરી લખનારા મુશાયરા કરે છે તો મોટા ભાગે ત્યાં કુફ્રી શેઅરો બોલતા હોય છે. અને એમને શરઈ હુકમ તૌબાનો દર્શાવવા છતાં તૌબા નથી કરતા બલ્કે વારંવાર એવા જ પ્રાસ વિનાના શેઅરો લખી કુફ્રમાં ઊંડે ઉતરના જાય છે. "બરકાતે ખ્વાજા" *(માસિક)* બફયૂઝે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ડંકાની ચોટ પર હક્ક વાત જાહેર કરવામાં માને છે જેથી કરીને ઈન્સાફપસંદ લોકો સાવધાન થઈને ઈમાનની સલામતીની રાહ અપનાવે, જેથી અહીં એવા જ એક બની બેઠલા શાયરના કઢંગા શેઅરો વિશે ફત્વો રજુ કરીએ છીએ. ખુદા તઆલા એવાઓને તૌબાની તૌફીક આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા*]

**સવાલ** : શું ફર્માવે છે દીનના આલિમો આ મસ્અલામાં કે, એક શખ્સે લખ્યું કે :–

*ઈબ્ને મરયમ કે કુચેમેં મત જાઈયે*
*ઝિંદગી ભરકી રાહત કિછૌછામેં હૈ*

આવો શેઅર લખવો કેવું ?

**જવાબ** : આ સખ્ત કઢંગો શેઅર છે અને એનાથી હઝરત ઈસા علیہ السلام ની શાનમાં બેઅદબી થાય છે. નબીની ગલી હર હાલતમાં કિછૌછાથી અફઝલ છેઉ એનાથી તૌબા તથા ઈસ્તિગફાર લાઝિમ છે અને એ શખ્સ તૌબા કરે, કલ્મો પઢે, નિકાહ દોહરાવે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : *કાઝી મુહમ્મદ અબ્દુર્રહીમ બસ્તવી ગુફિરલહૂ મર્કઝી દારુલ ઈફતા, ૮૨–સૌદા ગ્રાન, બરેલી શરીફ, યુ.પી.*

**સવાલ** : શું ફર્માવે છે દીનના આલિમો આ મસ્અલામાં કે એક પોતાને શાયર કહેવડાવનારે લખ્યું છે કે :–

*દેઅરો–હરમ, ગિરજા ગુરૂ દ્વારાયે*
*સજદોં કી નિશાની હૈ*
*આપસમેં ફિર ક્યૂં હૈ ઝઘડા ?*
*એકતા પ્રેમ કહાની હૈ*

★ ★ ★ ★ ★

*ન તું રામ બન શકા, ન રહમાન બન શકા*
*ગીતા તો ક્યા, ન આયતે કુર્આન ન બન શકા*
*અફસોસ કર રહા હૈ યું પ્રેમી કી જાત પર*
*જિવનમેં એક દિન, ન ઈન્સાન બન શકા*

★ ★ ★ ★ ★

*હમ જુબાં પે મ્યાન વાલે ભી હૈ*
*હમ અહિંસા–ધ્યાન વાલે ભી હૈ*
*હમેં છેડો ના, અય ફિર્કા પરસ્તોં*
*હમ રામ ઔર રહમાન વાલેં ભી હૈ*

આવું લખનાર પર શરીઅતની રૂએ શો હુકમ લાગે છે ?

**જવાબ** : **الجواب اللهم هداية الحق والصواب** જણાવેલ સ્થિતિમાં સર્વ શેઅરો કુફ્રિયા છે, શાયર ઈસ્લામથી ખારિજ છે, તેના પર ફર્ઝ છે કે સાચા દિલથી તૌબા તથા ઈસ્તિગફાર કરે અને તજદીદે ઈમાન કરે (ફરી કલમો પઢે) અને પત્નીવાળો છે તો નવી મેહર સાથે નિકાહ દોહરાવે. દરેક જાણવાવાળા મુસલમાને તેનાથી સંબંધ તર્ક કરવાનો હુકમ છે. જ્યારે જણાવેલ હુકમ પર અમલ કરશે તો સંબંધો જાઈઝ થશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : *મુહમ્મદ યૂનુસ રઝા, મર્કઝી દારુલ ઈફતા, ૮૨–સૌદા ગ્રાન, બરૈલી શરીફ, યુ.પી.*

***અલ્ જવાબુ સહીહુન્*** : *અલ્લાહ બેહતર જાણનાર છે. કાઝી મુહમ્મદ અબ્દુર્રહીમ બસ્તવી ગુફિરલહુ.*

"ઈમાનની જાન રસૂલે પાક ﷺ ની શાન પ્રદર્શિત કરતો સંગ્રહ" એટલે

# શિફા શરીફ

شفاء شریف


મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ઉર્દૂ અનુવાદક ★
મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★
ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*


**મુસ્તફા ﷺ ના ગુણગાનમાં અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ આ પણ ઈર્શાદ ફર્માવ્યો છે :–**

فَلَآ اُقۡسِمُ بِالۡخُنَّسِ ۝ الۡجَوَارِ الۡكُنَّسِ ۝ وَالَّيۡلِ اِذَا عَسۡعَسَ ۝ وَالصُّبۡحِ اِذَا تَنَفَّسَ ۝ اِنَّهٗ لَقَوۡلُ رَسُوۡلٍ كَرِيۡمٍ ۝ ذِىۡ قُوَّةٍ عِنۡدَ ذِى الۡعَرۡشِ مَكِيۡنٍ ۝ مُّطَاعٍ ثَمَّ اَمِيۡنٍ ۝ وَمَا صَاحِبُكُمۡ بِمَجۡنُوۡنٍ ۝ وَلَقَدۡ رَاٰهُ بِالۡاُفُقِ الۡمُبِيۡنِ ۝ وَمَا هُوَ عَلَى الۡغَيۡبِ بِضَنِيۡنٍ ۝ وَمَا هُوَ بِقَوۡلِ شَيۡطٰنٍ رَّجِيۡمٍ ۝

**અર્થ** : તો કસમ છે ! તેમની જેઓ અવળા ફરે પછી સીધા ચાલે (અને) અટકે અને રાત્રીની (કસમ) જ્યારે પાછી ફરે. અને સવારની (કસમ) જ્યારે દમ લે. બેશક ! આ આબરૂદાર રસૂલનું પઠન છે. જે કુવ્વતવાળો છે. અર્શના માલિક પાસે ઈજ્જતવાળો (છે) હા ! તેનો હુકમ માનવામાં આવે છે, અમાનતદાર છે અને તમારા સાહેબ ગાંડા નથી અને બેશક ! એમણે તેને રોશન કિનારે જોયો અને આ નબી ગૈબ બતાવવામાં બખીલ નથી અને કુર્આન કરીમ મરદૂદ શૈતાનનું પઢેલું નથી. *(સૂરએ તકવીર, આ. ૧૫ થી ૨૫)*

لَآ اُقۡسِمُ થી મુરાદ છે કે, હું કસમ યાદ ફર્માવુ છું કે, એવા મુમતાઝ સંદેશવાહકનો પહોંચાડેલો કલામ છે જે બારી તઆલાની નજીક ખૂબ પ્રતિષ્ઠિત હોદ્દા પર બિરાજમાન છે અને અલ્લાહની વહીને પહોંચાડવાની જવાબદારીનો બોજ ઉઠાવવાની પૂરેપૂરી તાકાત ધરાવે છે અને પોતાના રબના હુકમથી એક ઉચ્ચ મકામ પર હુકમની પ્રતિક્ષામાં લાંબા સમય સુધી રોકાયેલ છે. આસમાની મખ્લૂક તેની આજ્ઞાકારી છે અને વહીના મામલામાં તે અતિશય જવાબદાર અને અમીન છે.

હઝરત અલી બિન ઈસા رحمۃ اللہ علیہ વગેરે હઝરાત ફર્માવે છે કે, અહીં રસૂલે કરીમથી સૈયદના મુહમ્મદ રસૂલ ﷺ મુરાદ છે. એ માટે આગળ જેટલાય ગુણો ચર્ચવામાં આવ્યા છે તે બધા જ સરવરે કૌનો મકાં ﷺ ની તરફ જ કેન્દ્રિત થશે. કેટલાક બીજા હઝરાત ફર્માવે છે કે, અહીં રસૂલે કરીમથી હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام મુરાદ છે, તો આ હકીકતના આધાર પર ગુણો આગળ બયાન થયાં છે તે બધાં તેમની તરફ સંબંધિત થશે અને.........

قِيۡلَ رَاٰى رَبَّهٗ وَقِيۡلَ رَاٰى جِبۡرِيۡلُ فِىۡ صُوۡرَتِهٖ (ص ۳۲)

**અર્થ** : એક કથન એ છે કે, આપે આપના રબને જોયો અને બીજું કથન એ છે કે, હઝરત જિબ્રઈલને તેમની અસલી સૂરતમાં જોયા. *(પેજ ૩૨)*

અને બારી તઆલાનો ઈર્શાદ :–

وَمَا هُوَ عَلَى الۡغَيۡبِ بِظَنِيۡنٍ ۝ થી મુરાદ એ છે કે,

મારા હબીબ ગૈબના વિશે આરોપી[૧] નથી અને જેણે શબ્દ (બિ–દ્નીન)ને **દાદના સાથે બિ–દ્નીન** પઢયું છે કે હબીબે ખુદા ગૈબી ઈલ્મ અને હુકમોની તા'લીમ અને ચર્ચા કરવામાં કોઈ કંજૂસાઈથી કામ લેતા નથી. અને એ વાત પર તમામ મુફસ્સિરીનની V ßDTLK [S|V FZ; } ﷺ ની પ્રશંસાની ચર્ચા કરવામાં આવી છે.

મુસ્તફાના ગુણગાનમાં આ પણ ઈર્શાદે બારી તઆલા છે :–

نٓ ٥ وَالْقَلَمِ وَمَا يَسْطُرُونَ ٥ مَا أَنْتَ بِنِعْمَةِ رَبِّكَ بِمَجْنُونٍ ٥ وَإِنَّ لَكَ لَأَجْرًا غَيْرَ مَمْنُونٍ ٥ وَإِنَّكَ لَعَلَىٰ خُلُقٍ عَظِيمٍ ٥ فَسَتُبْصِرُ وَيُبْصِرُونَ ٥ بِأَيِّكُمُ الْمَفْتُونُ ٥ إِنَّ رَبَّكَ هُوَ أَعْلَمُ بِمَنْ ضَلَّ عَنْ سَبِيلِهِ وَهُوَ أَعْلَمُ بِالْمُهْتَدِينَ ٥ فَلَا تُطِعِ الْمُكَذِّبِينَ ٥ وَدُّوا لَوْ تُدْهِنُ فَيُدْهِنُونَ ٥ وَلَا تُطِعْ كُلَّ حَلَّافٍ مَهِينٍ ٥ هَمَّازٍ مَشَّاءٍ بِنَمِيمٍ ٥ مَنَّاعٍ لِلْخَيْرِ مُعْتَدٍ أَثِيمٍ ٥ عُتُلٍّ بَعْدَ ذَٰلِكَ زَنِيمٍ ٥ أَنْ كَانَ ذَا مَالٍ وَبَنِينَ ٥ إِذَا تُتْلَىٰ عَلَيْهِ آيَاتُنَا قَالَ أَسَاطِيرُ الْأَوَّلِينَ ٥ سَنَسِمُهُ عَلَى الْخُرْطُومِ ٥

**અર્થ :** "કલમ અને તેના લખાણની કસમ ! તમે તમારા રબની કૃપાથી પાગલ નથી અને તમારા માટે અવશ્ય અનંત સવાબ છે અને બેશક ! તમારું ચારિત્ર્ય અતિ ઉચ્ચ છે. તો હવે કોઈ પળ વિતે છે કે તમે પણ જાણી લેશો અને તેઓ પણ જાણી લેશે કે તમારામાં કોણ પાગલ હતું. બેશક ! જે તેના માર્ગથી ભટકે તેને અલ્લાહ ખૂબ જાણે છે તેને જે માર્ગ પર છે. તું જૂઠાડનારાઓની વાત સાંભળ નહીં. તેઓ તો એવી અભિલાષા ધરાવે છે કે કોઈ રીતે તમે નરમાશ કરો. તો તેઓ પણ નરમ પડી જાય અને દરેક એવાની વાત સાંભળશો નહીં જે બહુ જ કસમો ખાનાર, અપમાનિત, બહુ જ મહેણા–ટોણાં મારનાર, ખૂબ જ અહીંનું ત્યાં કહી દેનાર, ભલાઈથી બહુ જ અટકાવનાર, હદથી આગળ વધી જનાર, ગુનેહગાર, ક્રોધી સ્વભાવનો, આ બધાથી વધીને એ કે તેના નુત્ફામાં ફેર (હરામી છે). તે (એવા અભિમાનમાં છે કે) કંઈક માલ દૌલત અને દિકરાઓ ધરાવે છે. જ્યારે તેની સમક્ષ અમારી આયતો પઢવામાં આવે (ત્યારે) કહે છે (એ તો) આગલાઓની વાર્તાઓ છે. નજીક છે કે અમે તેના સુવ્વર જેવા નસકોરા પર ડામ ચાંપીશું." *(કલમ, ૧ થી ૧૪)*

સૂરતની શરૂઆતમાં આ અલ્લાહ عزوجل એ મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ ની પાકદામની પર મહાન કસમ યાદ ફર્માવી છે. કાફિરો જો કે આપની તરફ કેટલાક એબોને સંબંધિત કરીને જૂઠલાવવા સાથે તિરસ્કારની નજરે જોતા હતા અને મનદુ:ખ પહોંચાડતા હતા જેથી અહીં મહબૂબની ખુશી માટે સુંદર સંબોધન અને સંપૂર્ણ મહેરબાની જાહેર કરતાં ઈર્શાદ ફર્માવ્યું مَا أَنْتَ بِنِعْمَةِ رَبِّكَ بِمَجْنُونٍ ٥ આ કલામનું આદર સાથે સંબોધન જોતાં મહોબ્બતથી ભરપૂર અને મહાવરા (કહેવત)ની દૃષ્ટિએ આદરનો અંતિમ દરજ્જો છે. ત્યાર બાદ રબ્બુલ ઈઝ્ઝતે તેમની કાયમી નેઅમતો અને સંપૂર્ણ સવાબની ચર્ચા કરેલ છે. જેનાથી પોતાના હબીબ ﷺ ને સન્માનિત કરેલ છે જે હદ અને ગણત્રી બહાર છે. પરંતુ તેમ છતાં હકીકી ઈનામો આપનારે પોતાના મહબૂબ પર એહસાન જતાવેલ નથી. બલ્કે દિલને વધુ ખુશખબરી સંભળાવતાં ફર્માવ્યું :– إِنَّ لَكَ لَأَجْرًا غَيْرَ مَمْنُونٍ ٥ પછી આ ઈનામો દ્વારા આપની તારીફ કરી. પોતાના ઈનામોની વિશાળતા અને મહબૂબના મકામની પ્રતિષ્ઠાની સંપૂર્ણ જાહેરાત કરવાના ઈરાદાથી તેને બે અક્ષરોથી તાકીદ કરતાં ફર્માવ્યું : إِنَّكَ لَعَلَىٰ خُلُقٍ عَظِيمٍ ٥

કેટલાક હઝરતોએ તેની તફસીરમાં ફર્માવ્યું છે કે, આપના અખ્લાક કુર્આને કરીમ છે, જ્યારે કે

*૧. એટલે તેમના પર ગુપ્ત રાખવાનો આક્ષેપ થઈ શકતો નથી કેમ કે જે ઈલ્મો ગૈબ સાથે સંબંધ ધરાવે છે તેમને બતાવવામાં તેઓ કોઈ કંજુસાઈથી કામ લેતા નથી બલ્કે રાત્રી દિવસ બીજાને તેનાથી આગાહ કરતા રહે છે.*

કેટલાકે તેની તફસીર સુસંસ્કારથી કરી છે. કેટલાક ફર્માવે છે કે આપની ધ્યેય પ્રાપ્તિ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની જાત છે. ઈમામ વાસેતી رحمۃ اللہ علیہ નું કથન છે કે, સરવરે કોનો મકાં صلی اللہ تعالیٰ علیہ وسلم એ જે રીતે અલ્લાહના ઈનામોની કદર કરી, અલ્લાહ તઆલાએ તેના પર આપની પ્રશંસા કરી અને તે અઝીમુશ્શાન શુક્ર ગુઝારીના કારણે આપને બીજાઓ ઉપર શ્રેષ્ઠતા આપી. અને આવું કેમ ન થતું જ્યારે કે મહાન શિષ્ટાચારને આપની નેક આદત બનાવી દેવામાં આવી હતી.


પાકી (પવિત્રતા) છે તે મોહસિને હકીકીના માટે જે પોતે જ મહેરબાની કરે છે. ઉપકાર અને પ્રતિષ્ઠા અર્પણ કરે છે. નેકીને પોતાના બંદા માટે આસાન કરીને તેની તરફ આકર્ષિત કરે છે પછી નેકીને ધારણ કરી લેવા પર પોતાના બંદાને શ્રેષ્ઠ બદલો આપે છે અને પ્રશંસા કરે છે. પાક અને હમ્દ અને પ્રશંસાને પાત્ર છે તે જાત જેણે પોતાની નેઅમતોને એટલી આમ અને પોતાના ફઝલો કરમથી આટલા દરજ્જા સુધી ફેલાવી દીધી. તે પછી પોતાનો વાયદો પૂરો કરી દેખાડવા માટેની તસલ્લી આપી જે છેવટે આપની સફળતા (કામયાબી) અને કાફિરોના અઝાબના બારામાં હતું. એ માટે ફર્માવ્યું فَسَتُبْصِرُ وَيُبْصِرُوْنَ ٥ આ ત્રણ આયતોમાં અલ્લાહ તઆલાએ મુસ્તફાની વિશિષ્ટતાઓની ચર્ચા કરીને સાથે જ મુસ્તફાના દુશ્મનોની નિંદા કરી છે, અને તેમની અસભ્યતાની ચર્ચા કરેલ છે. બારગાહે રિસાલતના ગુસ્તાખના ઐબોની ચર્ચા કરીને પરવરદિગારે આલમે પોતાના મહબૂબની પ્રશંસા કરી અને આપના ફઝ્લ તથા કમાલ પ્રગટ કર્યા. આ સ્થળ પર દસથી વધુ બુરી આદતોના સાથે તે ગુસ્તાખ (વલીદ બિન મુગીરા)ની નિંદા કરવામાં આવી છે. આ (નિંદાવાળા) બયાનની શરૂઆત فَلَا تُطِعِ الْمُكَذِّبِيْنَ થી થાય છે અને અંત اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ પર થાય છે પછી આ શૃંખલાને તેની બદ્‌બખ્તી અને બુરા અંતની સાચી સજાની ધમકી પર પૂરું કરતાં ફર્માવ્યું : سَنَسِمُهٗ عَلَى الْخُرْطُوْمِ.

અલ્લાહ عزوجل નું આપની મદદ કરવી સરવરે કૌનો મકાં صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખૂદ પોતાની મદદથી વધુ મહત્વની અને ઉત્તમ છે અને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે એ જે રસૂલના ગુસ્તાખનું રદ ફર્માવ્યું તે એ રદથી વધુ મહત્વનું છે જે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ખૂદ કરતા, કેમ કે તેનાથી આપની ફઝ્લ તથા કમાલની કિતાબમાં એક નિરાળા પ્રકરણનો વધારો થયો છે. (કે બંદાનો બચાવ માલિકે ખૂદે ફર્માવ્યો.) ***–ક્રમશઃ***


## દા.ઉ. ગુલશને અજમેર–ભરૂચનો દસ્તારે હિફ્ઝો કિરાઅતનો શાનદાર જલસો

તા. ૨૯–૪–૨૦૦૪ ના જુમેરાતે ઈશાની નમાઝ બાદ દા.ઉ. ગુલશને અજમેર–ભરૂચના વિશાળ કમ્પાઉન્ડમાં **પીરે તરીકત હઝરત મૌલાના સૈયદ સલીમબાવા બેડીવાળા** (ખલીફાએ હુઝૂર અખ્તર રઝા અઝહરી મિયાં–બરૈલી શરીફ)ની સદારતમાં દસ્તારબંદીનો શાનદાર જલસો થયો જેમાં **અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી** (મુંબઈ)એ પોતાની અનોખી રીતે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. ઉપરાંત **હઝરત મૌલાના સલીમબાવા** તથા **હાફિઝ સઈદ બાંસનીવાળા**નાં નૂરાની બયાનો થયાં હતાં. અંતમાં આ મુબારક હસ્તીઓના મુબારક હસ્તે હાફિઝ–કારી થનારા તલબાની દસ્તારબંદી કરવામાં આવી અંતમાં સલાતો સલામ, દુઆ સાથે જલસો કામયાબીપૂર્ણ રીતે ખત્મ થયો હતો. *(હાફિઝ મુહમ્મદ હનીફ નાઝિમે આ'લાનો રિપોર્ટ ટૂંકાવીને)*

ISLAM & MODERN INVENTIONS



# ઈસ્લામ અને આધુનિક શોધો




અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની

ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફતી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)

ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી




## ★ બોમ્બ વર્ષા ★

قل هوالقادرعلى ان يبعث عليكم عذابامن فو قكم اومن تحت ارجلكم

"તમે ફર્માવો કે તે કાદિર છે કે તમારા પર અઝાબ મોકલે, તમારી ઉપરથી કે તમારા પગો નીચેથી." *(સૂરએ અન્આમ, આયત–૬૫)*

આ આયત એના પર ઉતરેલી છે કે વિમાનોએથી બોમ્બવર્ષા થશે. (બોમ્બનો શોધક ટોલ્ટ નામનો અમેરિકન હતો જેણે ઈ.સ. ૧૯૧૬ માં બોમ્બ શોધ્યો.) રસૂલે કરીમ ﷺ ને આ આયતના બારામાં પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું કે, "આવું થનાર છે અને હજી સુધી એની તાવીલ નથી આવી." (અહમદે પોતાની મુન્સદમાં સઅદ ઈબ્ને અબી વક્કાસથી હસન સનદ સાથે આ હદીષ રિવાયત કરી.) આ આયતથી નિશ્ચિતપણે એ સાબિત થયું કે ઉપરથી આવનારા અઝાબથી મુરાદ એ જ બોમ્બ છે જે બોમ્બવર્ષામાં ફેંકવામાં આવે છે કેમ કે ભૂતકાળમાં આ ઉમ્મત પર એવો કોઈ પ્રસંગ ઉપસ્થિત થયો નથી એ સિવાય કે બોમ્બવર્ષા કરતાં વિમાનો શોધાયાં અને પછી બોમ્બો થકી આ બનાવ બન્યા. જયારે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે આપના પછી આ વસ્તુ ચોક્કસ થવાની છે, જેથી એ વાત એકદમ જાહેર થઈ ગઈ કે આયતમાં બોમ્બવર્ષા કરતાં વિમાનો જ મુરાદ છે. અને જંગોમાં એવું થયું કે ઉપરથી બોમ્બવર્ષા કરવામાં આવી બલ્કે લોકો તો એનાથીય અધિક વિનાશકારી ચીજ એટલે કે એટમબોમ્બ બનાવી ચૂક્યા છે કે જે આખી દુનિયા માટે એક પ્રકારનો અઝાબ અને મુસીબત છે. (એટમ બોમ્બની શોધ ઈ.સ. ૧૯૪૫ ઓપન હુમેર અમેરિકને કરી.) એટમ બોમ્બના બારામાં ખાસ રીતે બીજી આયતમાં પણ ઉલ્લેખ થયો છે.

## ★ વિસ્ફોટક સુરંગો ★

પગોની નીચેથી અઝાબ એ આ વિસ્ફોટક સુરંગોની પ્રતિ નિર્દેશ છે. (વિસ્ફોટક સુરંગની શોધ ઈ.સ. ૧૮૬૬ માં નોબલ નામના સ્વીડનના વતનીએ કરી.) કે જે જમીનમાં બિછાવી દેવામાં આવી છે, જયારે દુશ્મન તેના પરથી પસાર થાય છે તો તે ફૂટી જાય છે અને દુશ્મનનો નાશ થાય છે. અથવા બિલ્ડિંગો તથા ઈમારતોમાં સુરંગો લગાડી દેવામાં આવે છે તો તે ઈમારતો તે લોકો પર તૂટીને પડી જાય છે જેમને અઝાબ આપવાનો તથા હલાક કરવાનો અલ્લાહે ઈરાદો ફર્માવી લીધો હોય. એના બારામાં એક અજીબ હદીષ છે : રિવાયત કરી અહમદે પોતાની મુસ્નદમાં સહીહ સનદ સાથે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

لاتقم الساعت حتى تمطر السماء مطرا لاتكن منها بيوت المدرولا تكن منها الابيوت الثعر

''કયામત કાયમ થતાં પહેલાં એવી વર્ષા થશે કે તેના કારણે તંબુઓ સિવાય કોઈ પાકુ મકાન બાકી રહેશે નહીં. *(મુસ્નદે અહમદ, બીજો ભાગ, પેજ–૬૭૬)*

એવો વરસાદ કે જેનાથી પાકાં મકાનો પણ બાકી ન રહે તે યકીનન બોમ્બવર્ષા છે જેના કારણે દરેક પાકુ મકાન રહેનારાઓ પર પડી જાય છે. ભલે બોમ્બ કોઈ મકાન પર ન પડે પરંતુ તેના ફાટવાની શક્તિ એટલી હોય છે કે આસપાસનાં મકાનો તેનાથી ખૂબ અસર પામે છે જેથી આ રીતે પાકાં મકાનો તબાહ થઈ જાય છે. પરંતુ તે લોકો જેઓ જંગલોમાં તંબુઓમાં વસે છે તેમના તંબુઓને આ બોમ્બવર્ષાથી કોઈ નુકસાન નથી પહોંચતું. એટલા માટે કે જો બોમ્બ તે તંબુઓ પર ન પડે તો તેનાથી તે લોકોને કોઈ નુકસાન થશે નહીં જેઓ ગુફાઓમાં તથા પથ્થરોમાં શરણ લે છે. જો બોમ્બની શોધ ન થાત તો આ હદીષનો અર્થ કોઈ સમજી શકત નહીં.

## ★ એટમ બોમ્બ તથા હાઈડ્રોજન બોમ્બ ★

બોમ્બવર્ષા કરતાં વિમાનો જે બોમ્બોને તબાહી ફેલાવવા માટે ફેંકે છે એમાં એટમ બોમ્બ તથા હાઈડ્રોજન બોમ્બ પણ છે. જે હાલમાં જ શોધાયો છે. જો કે વર્ણન થયેલી ઉપરની આયતમાં એ પણ સામેલ છે પરંતુ એક અધિક આયત વડે તેમનું અલગથી વર્ણન છે. અલ્લાહ તઆલાએ કિયામતની નિશાનીઓમાં ફર્માવ્યું :–

حتـی اذا اخـذت الارض زخرفها واز ينت وظن
اهلها انهم قـادرون عليها اتاهاامرنا ليلا اونهارا
فجع لنا ها حصيد اكان لم تغن بالا مس

''એટલે સુધી કે જ્યારે જમીને પોતાનો હાર શણગાર લઈ લીધો અને ખૂબ સજી ધજીને તૈયાર થઈ ગઈ અને તેના માલિક સમજ્યા કે અમારા વશમાં આવી ગઈ. અમારો હુકમ એના પર આવ્યો રાતમાં કે દિવસમાં તો અમે તેને ખેતી કરી દીધી કાપેલી જાણે કાલે હતી જ નહીં.'' *(સૂરએ યૂનુસ, આયત–૨૪)*

દુનિયાવાળા એટલે કાફિરો એવું સમજે છે કે આ શોધોને કારણે તેમને આસાની થઈ ગઈ છે અને હવે તેઓ જમીન પર જેવું ચાહે કરી શકે છે, ચાહે સુધારણા કરે કે બગાડે, બનાવે કે બગાડે. પરંતુ તેમનું આ ગુમાન ત્યાં સુધી યકીનમાં ફેરવાશે નહીં અને એ સમય સુધી તેઓ એના પર શક્તિમાન થઈ શકશે નહીં જ્યાં સુધી કે તેમને અણુશક્તિ તથા અણુબોમ્બ પર પ્રભુત્વ ન થઈ જાય જેમ કે સૌ એ વિશે જાણે છે.

એના પરથી એ વાત જાણવા મળી કે કિયામત ખૂબ જ નજીક છે અને કિયામતની મોટી મોટી નિશાનીઓ એટલે મહદીનો ઝહૂર અને ઈસા عليه الصلوٰة والتسليم નું ઉતરાણ આજકાલમાં થનાર છે અને અલ્લાહ તઆલાના કૌલ (اتاها امرنا ليلاا و نهارًا) નો મતલબ એ છે કે જે લોકોની પાસે આ બોમ્બ હશે તેઓ આપસામાં એકબીજા પર સવાર થવાની કોશિશ કરશે અને યુદ્ધ કરશે અને એ જ જંગ દુનિયાની વિરાનીનો સબબ બનશે અને એના જ કારણે દુનિયા જાણે કપાએલી ખેતિની જેમ થઈ જશે, જેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું.

ખૂદ અણુબોમ્બ (એટમ બોમ્બ) બનાવવાવાળાઓનું કહેવું છે કે એના કારણે આખી દુનિયા વિનાશ પામશે, એના કારણે દુનિયાવાળાઓ પર એક ભય છવાયેલો છે. પરંતુ આ પ્રકારની જંગ તે વખતે થશે જ્યારે ઈમામ મહદી તશરીફ લાવશે. હઝરત ઈસા عليه الصلوٰة والتسليم દજ્જાલની કત્લ માટે ઉતરાણ કરશે, સૂરજ પશ્ચિમથી ઉગશે, દાબ્બતુલ અર્દ જાહેર થઈ જશે અને તમામ નિશાનીઓ જાહેર થઈ ચૂકી હશે જે ખરેખર થનારી છે. **–ક્રમશઃ**

# ફુઝલો મરહાલો અને ઈમામ અહમદ રઝા

★ લેખક ★
ફકીહે આ'ઝમે હિંદ, શારેહે બુખારી હઝરત અલ્લામા મુફ્તી શરીફુલ્ હક્ક رحمۃ اللہ علیہ
★ અનુવાદક ★
અલ્હાજ હાફેઝ મૂસા ઝંઘારવી *(પ્રેસ્ટન, યુ.કે.)*

## ★ તટસ્થ લોકોની સાક્ષી ★

દિલ્હીના મશ્હૂર સિલસિલા નક્શબંદિયહ્‌ના શૈખે તરીકત ઈમામે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની હઝરત શૈખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ ના સાહબઝાદા હઝરત મૌલાના શાહ અબ્દુલ ખૈર દહેલ્વી મિરઠમાં ઈલાહીબક્ષ સાહબના ઘરે મહેમાન હતા, ત્યાં ઈમામુલ મુનાઝરીન મૌલાના ગુલામ દસ્તગીર કિસ્વરીના ચાહક એક બુઝુર્ગ પીર સૈયદ ગુલાબશાહ અને થાનવી સાહબ તેમજ કારી તૈયબ દેવબંદના સદરના વાલિદ હાફિઝ અહમદ પણ હતા. હવે આગળનો બનાવ મૌલાના ઝૈદ અબુલ હસનની ઝબાનથી સાંભળો :–

"પીર સૈયદ ગુલાબશાહે મૌલાના અશરફઅલી સાહબની હિફઝુલ ઈમાન કિતાબમાંથી પેજ નં. ૭ નો હવાલો આપતાં સંભળાવ્યું કે, "દર્યાફ્ત તલબ યેહ અમ્ર હૈ કિ ઈસ ગૈબ સે મુરાદ બાઅઝ ગૈબ હૈ યા કુલ ગૈબ....... ઈબારતના અંત સુધી." આ સાંભળી મૌલાના અબુલ ખૈર સાહબે મૌલાના અશરફઅલીને કહ્યું, શું આ જ દીનની ખિદમત છે ? તમારા મોટાઓ તો અમારા તરીકા પર હતા ! તમે એમનાથી વિરૂધ્ધ કેમ કર્યું ?! મૌલાના અશરફઅલી સાહબે કહ્યું, મેં એ ઈબારતની વધુ છણાવટ મારી બીજી કિતાબમાં કરી દીધી છે. આ સાંભળી મૌલાના શાહ અબુલ ખૈરે કહ્યું કે તમારા આ રિસાલા (કિતાબ)થી કેટલાય લોકો ગુમરાહ થઈ ગયા, અમે બીજા રિસાલાને લઈને શું કરીશું ? *(બઝમે ખૈર, અઝ ઝૈદ, પેજ–૧૧, મકામાતે ખેર, પેજ–૨૪૯)*

અને ખૂદ થાનવી સાહબે બયાન કર્યું છે કે, "મૌલાના અબુલ ખયર સાહબે એમને (થાનવી સાહબને) પોતાની જમાઅતમાં શરીક થવાથી રોકી લીધા. એ જુદી વાત છે કે પોતાની સ્વભાવિક અને વારસામાં મળેલ ખુશ અખ્લાકીના કારણે મીઠા શબ્દોમાં લખે છે કે જ્યારે જમાઅત તૈયાર થઈ ગઈ ત્યારે મૌલાના અબુલખૈર સાહબે મુસલ્લા પર જતાં જતાં ફર્માવ્યું, "મારી જમાઅતવાળાઓના સિવાય જે બીજા લોકો હોય તેઓ અલગ થઈ જાય." *(બઝ્મે જમશેદ)*

(આનો સ્પષ્ટ મતલબ એ કે મૌલાના અબુલ ખૈર સાહબે પોતાના (એહલે સુન્નત) અકીદા સિવાયના અકીદાવાળાઓને જમાઅતમાં સામેલ થવાથી રોકી લીધા અને એ બીજા અકીદાવાળાઓમાં મૌલાના થાનવી હતા. *–અનુવાદક)*

અને આ પહેલાં જ્યારે થાનવી સાહેબ મજલિસમાં પધાર્યા હતા ત્યારે શાહ અબુલ ખૈર સાહબ પોતે વૃદ્ધ હોવા છતાં ઉભા થઈને આવકાર આપ્યો હતો. પરંતુ જ્યારે અલ્લાહના મહબૂબની શાનમાં ગુસ્તાખી કર્યાની જાણ થયા પછી નમાઝમાં સામેલ થવા દીધા નહીં.

**(૨)** આ મૌલાના શાહ અબુલ ખૈરના સાહેબઝાદા મૌલાના અબુલ હસન ઝૈદ સાહબ લખે છે કે :–

''હિફઝુલ ઈમાન''ની ઈબારત (નું લખાણ)''બરાહીને કાતિઅહ્''ની ઈબારતથી (મીલાદ મનાવવાને કૃષ્ણ કનૈયાના જન્મદિન ઉજવવા બરાબરવાળી) પણ વધુ ધૃણાજનક છે, આ કિતાબ છપાતાં જ હિંદુસ્તાનમાં ચોતરફ મુસલમાનોમાં બેચેની ફેલાઈ ગઈ. અલ્લાહના નેક બંદાઓ હૈરાન પરેશાન હતા કે, મૌલ્વી સાહબે આ શું લખી નાખ્યું ? ક્યાં મહબૂબે ખુદાનો ઈલ્મ શરીફ પછી ભલે કોઈ એક જ બાબતનો કેમ ન હોય અને ક્યાં ઝૈદ, બકર, અમ્ર અને પાગલો, જાનવરોનો ઈલ્મ !'' *(બઝમે ખૈર, અઝ ઝૈદ, પેજ–૨૨)*

આ રિસાલો (કિતાબ) હિફઝુલ્ ઈમાન છપાતાં જ મૌલ્વી થાનવી સાહબ પર એઅ્તરાઝો શરૂ થઈ ગયા. મૌલ્વી સાહબ પોતાની ઈબારત પર ખુલ્લા દિલે વિચાર કરતે તો યકીનન એમને જરૂર સમજાઈ જાત કે આ ઈબારત (લખાણ) ઘણી જ ધૃણાજનક છે, અને એનો સુધારો કરી લેવો ઘણો જ આવશ્યક છે. પરંતુ દસ વર્ષ સુધી મૌલ્વી સાહબે ચૂપકીદી સેવી અને હિજરી ૧૩૨૯ માં મૌલ્વી મુર્તુઝા હસન દરભંગીના સવાલ પર મૌલ્વી સાહબ ૪–૫ પેજનો રિસાલો બસ્તાનુલ બયાનના નામે છાપી પ્રગટ કર્યો. આ રિસાલામાં એમણે પોતાની એ ઈબારત (લખાણ)નું અર્થઘટન કર્યું. હાલાં કે કોઈપણ ઈબારતની તા'વીલ (અર્થઘટન) વિવરણ ત્યારે જ કરવાની જરૂરત ઉભી થાય કે ઈબારતના કહેવાનો અર્થ મતલબ સ્પષ્ટ સમજાય તેવો ન હોય, ઘણા વાંચકોના સમજવામાં આવી શકે તેવી સાફ ન હોય.

મૌલ્વી સાહબની તા'વીલમાં એમણે એક તા'વીલ એ કરી કે ''ઐસા'' શબ્દ હમેશાં સરખામણી માટે નથી વપરાતો, ભાષાઓમાં નિપૂણ એવા લોકો પોતાના મહાવરાઓ ઘણી વખત બોલે છે કે, ''અલ્લાહ તઆલા ઐસા કાદિર હૈ......મષલન્..... ઈલા આખૈરેહી.''

મૌલ્વી સાહબે વિચારવું જોઈતું હતું કે, આ રિસાલો એમણે સામાન્ય લોકો માટે લખ્યો હતો, એમાં આવી ઈબારત લખવાની શી જરૂરત હતી કે જે સામાન્ય તો સામાન્ય બલ્કે ઉલમા અને ભાષામાં પારંગત હોય તેમની સમજમાં પણ ન આવી શકે !

વળી લફ્ઝ ''ઐસા' તો ડીક્ષનરીની ભાષાકીય ચર્ચાનો વિષય છે. ઉર્દૂની જાણીતી ડીક્ષનરીઓમાં જોઈ લેવામાં આવે તો સ્પષ્ટ રીતે સમજાઈ જશે. કિતાબોમાં લખ્યું છે કે લફ્ઝ ''ઐસા'' દો તરહ ઈસ્તેમાલ હોતા હૈ, યા'તો લફ્ઝ સિફત વાકેઅ હોતા હૈ, ઔર ઈસ સૂરતમાં ઉસકે માઅની મમાષિલ મસાવી (સરખામણી) ઔર ઈસ કિસમ કે હોતે હૈ. મસલન્ યેહ ખત તુમને લિખા ! ઐસા ખત તો બચ્ચા ભી લિખ લે. યેહ કામ તુમને કિયા ! ઐસા કામ તો કોઈ હોશમંદ ન કરે.

ઔર યા યેહ ''ઐસા'' લફ્ઝ તાબેઅ વાકેઅ હોતા હૈ. ઔર ઈસ સૂરતમેં ઈસકે માઅની ઈસ કદર ઔર ઉમદા કે હોતે હૈં. મષલન્ તુમને ઐસા ખત લિખા કે દિલ ખુશ હો ગયા, તુમને ઐસી બાત કહી કે દિલ બૈઠ ગયા.

મૌલ્વી સાહબની ઈબારત (લખાણ)માં લફ્ઝ ''ઐસા'' સિફતના માટે છે. અને એ શબ્દો કે ''હુઝૂર હી કી ક્યા તખ્સીસ !'' વાતને બિલ્કુલ સ્પષ્ટપણે જાહેર કરી દે છે. મૌલ્વી સાહબે પોતાની દસ વર્ષની લાંબી ચૂપકીદીનું કારણ બતાવ્યું કે, ''કિસીને ભલે માનસોં કી તરહ પૂછા હી નહીં થા !''

સુબ્હાનલ્લાહ ! કેટલું સરસ બહાનું બનાવ્યું ! મસ્અલાની નઝાકતનો ખ્યાલ નથી ! (મુસલમાનોના ઈમાનને બરબાદ થવાનો જરા પણ એહસાસ નથી અને ભલા માણસો અને બુરા માણસોના લખવાની નોટીસો લેવામાં આવી રહી છે ! આખરે એવી ઈબારત લખી જ શા માટે ? જેનાથી મુસલમાનોના દિલો દુ:ખી થાય ?!'') *(બઝમે ખૈર, પેજ–૨૪)*

આ ઉપરનું લખનાર બંને સાહબોને મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ સાથે કોઈપણ પ્રકારનો કશોય સંબંધ તો હતો નહીં, ન ઉસ્તાદીનો, ન શાગિર્દીનો, ન પીરી મુરીદીનો, ન સગાઈ સંબંધનો, ન દોસ્તીનો. બલ્કે એમાં બીજા (મૌલાના અબુલ હસન ઝૈદ) તો નાનોત્વી સાહબના શાગિર્દ મૌલ્વી અબ્દુલ અલી મિરઠીના શાગિર્દ હતા. અને નાનોત્વી અને ગંગોહી સાહબો શાહ અબ્દુલગનીના શાર્ગિદ હતા જે હઝરત મૌલાના અબુલ ખૈર સાહબના દાદા શાહ અહમદ સઈદના ભાઈ થતા હતા. બલ્કે ગંગોહી સાહબ તો શાહ અહમદ સઈદના પણ શાર્ગિદ હતા. એ રીતે દેવબંદી મઝહબના સ્થાપકો સાથે આ સાહબોને એક પ્રકારનો સંબંધ હતો, **છતાં એમણે "હિફ્ઝુલ ઈમાન"ની ઈબારતને ઈમાન બર્બાદ કરનાર, મુસલમાનોના દિલોને દુઃખી કરનાર વગેરે કહ્યું, અને કહ્યું કે, એમાં હુઝૂર** صلی اللہ تعالیٰ علیہ وسلم **ની તૌહીન છે**, એ લોકોને શાની ઈર્ષા હતી ? શાની દુશ્મની હતી ? શી લાલચ હતી ? અને શેની ઉણપ હતી ? એમનો શો હેતુ છુપાએલો હતો ! એઓ સ્પષ્ટ વર્ણવે છે કે;

"આ રિસાલો (નાની કિતાબ) છપાતાં જ હિંદુસ્તાનમાં દૂર નઝદીક સર્વત્ર મુસલમાનોમાં બેચેની ફેલાઈ ગઈ. મૌલ્વી સાહબ પર એઅ્તરાઝો શરૂ થઈ ગયા."

શું આખુંય હિંદુસ્તાન મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા قدس سرہ નું મુરીદ હતું ? સાચી વાત એ છે કે મુસલમાનોના ઈમાને તેમને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તૌહીન બદલ બેચેન કરી મૂક્યા.

## ★ ત્રીજી સાક્ષી ★

"મુકામાતે ખૈર" પેજ–૬૧૬ ના હાશિયા પર હઝરત મૌલના પીર સૈયદ મુહમ્મદ જીલાની બગદાદી, રિફાઈ, કાદરી, નક્શબંદી, ખાલિદી, હૈદરાબાદી, મદનીના વિશે લખ્યું છે કે એમના પૌત્ર સૈયદ નઝીરુદ્દીન વલદ સૈયદ મોઈનુદ્દીન કહે છે કે :–

મેરે દાદા (સૈયદ પીર મુહમ્મદ બગદાદી) કે પાસ હૈદરાબાદ કે લોગ મૌલ્વી અશરફ અલીકા રિસાલા "હિફ્ઝુલ ઈમાન" લાએ, ઔર ઉસકે મુતઅલ્લિક આપસે દર્યાફ્ત કિયા. આપને રિસાલા પઢ્હ કે ફર્માયા, "ઈલ્મે ગૈબ કે મુતઅલ્લિક મૌલ્વી અશરફ અલીને નિહાયત કબીહ (ધૃણાજનક) ઈબારત લિખ્ખી હૈ. ઈસ કે ચંદ રોઝ બાદ મક્કા મસ્જિદમેં મૌલ્વી અશરફઅલી બૈઠે થે, મેરે દાદાને ખળે હોકર મૌલ્વી અશરફ અલી કે રિસાલે કી કબાહત બયાન કી, ઔર કહા કે ઈસ ઈબારત સે બૂએ કુફ્ર આતી હૈ. ફિર ચંદ રોઝ બાદ મૌલાના હાફિઝ અહમદ (ફરઝંદ કાસિમ નાનોત્વી) કે મકાન પર ઉલમાકા ઈજતેમા હુઆ, ચૂં કે હાફિઝ અહમદ સાહબ કો મેરે દાદાસે મહબ્બત થી, ઈસ લિયે ઉન્હોંને આપકો બુલાયા, ઔર આપ તશરીફ લે ગએ, વહાં હિફ્ઝુલ્ ઈમાન કી ઈબારત પર ઉલમાને ઈઝહારે ખયાલ ફર્માયા, આપને ઉસ રિસાલે કી કબાહત કા બયાન કિયા, ઔર રિસાલે કે ખિલાફ ફતવા દિયા, ફિર થોળે દિન બાદ આપને ખ્વાબમેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કો દેખા, આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم આપસે રિસાલા હિફ્ઝુલ્ ઈમાનકી ઈબારત રદ કરને ઔર ઉસકો કબીહ (ધૃણાજનક) કેહને પર ઈઝહારે ખૂશી ફર્મા રહે હૈં, ઔર આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માયા, હમ તુમ સે ખુશ હુએ તુમ કયા ચાહતે હો ! આપને અર્ઝ કી, મેરી તમન્ના હૈ કે અપની બાકી માન્દા ઝિંદગી મદીના મુનવ્વરામેં બસર કરું ઔર મદીના મુનવ્વરાકી મિટ્ટીમેં દફન હોઉં. આપકી દરખાસ્ત મંઝૂર હૂઈ, ઔર આપ ઈસકે બાદ મદીના મુનવ્વરા હિજરત કર ગએ. દસ સાલ વહાં મુકીમ રહે ઔર હિજરી ૧૩૬૪ મેં રહલત ફર્મા ગએ.

હિફઝુલ્ ઈમાનની એ ઈબારતના વિષયમાં જે ભાઈઓ કોઈપણ પ્રકારની શંકા કુશંકામાં ફસાયા હોય તેમણે વિચાર કરવો જોઈએ કે, આ મૌલાના પીર સૈયદ મુહમ્મદ બગદાદીને થાનવી સાહબથી શાની દુશ્મનાવટ હતી ? શાનો હસદ હતો ? કે તેમણે આ બાબત વિરૂધ્ધ ફતવો આપ્યો ! અને તે પણ થાનવી સાહબના ખાસ ચાહકના ઘરમાં બેસીને. અને થાનવી સાહબની રૂબરૂ એના રદમાં બયાન આપ્યું. તેમ જ સ્પષ્ટ કહી દીધું કે, આ ઈબારત (લખાણ)થી કુફ્રની બૂ (દુર્ગંધ) આવે છે, અસલ વાત એ છે કે ઈબારત ચીની, જાપાની, લેટીન, કે સંસ્કૃત ભાષામાં નથી કે જેથી એને કોઈ સમજી શકે નહીં, બલ્કે પ્રત્યેક ઉર્દૂ જાણકાર જે થોડુ ઘણુ ઉર્દૂ જાણતો હોય તે પણ તેને વાંચીને તરત જ કહી દેશે કે, બેશક ! કોઈપણ જાતની શંકા વગર આમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું અપમાન (તૌહીન) છે.

હવે તમામ દીનદાર ઈન્સાફ પસંદ મુસલમાનોથી સવાલ છે કે, જ્યારે થાનવી સાહબે હુઝૂર નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની આટલી સાફ તૌહીન કરી તો હવે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ એ થાનવી સાહબને કાફિર કહ્યા તો એ ગુનોહ કર્યો ! કે એમનો એક ઈસ્લામિક અને કૌમી ફર્ઝ હતો ?

શિફા શરીફ અને એની શર્હો અને શામીમાં છે કે, મુસલમાનોનો એ બાબતમાં ઈજમાઅ (એકમતી) છે કે, **"નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની તૌહીન કરનાર કાફિર છે. જે માણસ એના અઝાબ અને કુફ્રમાં શક કરે તે પણ કાફિર છે."**

હવે અમે આ વિવાદને દેવબંદી જમાઅતના મોટા મુનાઝિર અને થાનવી સાહબના લખાણ મુજબ એમના વકીલ મુર્તઝા હસન દરભંગી ના'ઝિમે તા'લીમાત દારુલ ઉલૂમ દેવબંદના એક ખાસ બયાન પર પૂર્ણ કરીએ છીએ, એમણે "અશદુલ અઝાબ"માં લખ્યું છે કે, "અગર ખાનસાહબ ફાઝિલે બરેલ્વી કે નઝદીક બાઅ્ઝ ઉલમાએ દેવબંદ વાકઈ ઐસે હી થે, જૈસા કે ઉન્હોંને સમઝા તો ખાન સાહબ પર ઉન ઉલમાએ દેવબંદ કી તકફીર ફર્ઝ થી, અગર વોહ કાફિર ન કેહતે તો ખૂદ કાફિર હો જાતે, ક્યૂં કે **કાફિરકો કાફિર ન કહે વોહ ખૂદ કાફિર હૈ.**"

હવે રહી એ વાત કે મુજદ્દિદે આ'ઝમ હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ એ જેવા સમજ્યા તે સમજવું એમનું સાચુ અને હકીકત પ્રમાણે બરાબર છે કે નહીં તેની પૂરી વિસ્તૃત વિગત તમે વાંચી વાકેફ થઈ ચૂક્યા છો. છતાં હજુ વધારે વિગતથી જાણવાની કોઈ ભાઈની ઈચ્છા હોય તો તેણે મારી કિતાબ "મુન્સિફાના જાઈઝહ્" ઉર્દૂ (સુન્ની–દેવબંદી મતભેદની ન્યાયી તપાસ, ગુજરાતી) વાંચી જવા વિનંતિ છે. મને આશા છે કે, એના અભ્યાસ પછી જેના દિલમાં થોડા પણ ઈમાનનો અંશ બાકી હશે તો તે જરૂર જરૂર એ જ ફેંસલો કરશે કે દેવબંદી જમાઅતના આ મોટેરાઓ એટલે મૌલાના કાસિમ નાનોત્વી સાહબ, મૌલ્વી રશીદ અહમદ ગંગોહી, ખલીલ અહમદ અંબેઠવી અને અશરફ અલી થાનવી સાહબે દીને ઈસ્લામની જરૂરી બાબતોનો ઈન્કાર કર્યો છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તૌહીન કરી છે, જેના પછી એક મુસલમાન માટે એ ચારેવને કાફિર સમજવા સિવાય બીજો કોઈ જ રસ્તો નથી, આને માટે ઈમામ અહમદ રઝા (મુજદ્દિદે આ'ઝમ) رحمۃ اللہ علیہ ને બદનામ કરવા એ દયાનત નથી બલ્કે મહા ખયાનત છે, લોકોની ભલાઈ નથી બલ્કે મહા ફસાદ છે.

وَمَا عَلَيْنَا إِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ

(ભલાઈ સાથે સંપૂર્ણ)

શબે હસ્તમ, શવ્વાલ, હીજરી–૧૪૧૨
૧૧, એપ્રિલ, ઈ.સ. ૧૯૯૨)

# હિકમતે નમાઝ

## حکمت نماز

**અઝ** : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી
નૂરી–મુંબઈ *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

યા રસૂલલ્લાહ ! જબ આપ હમ ગરીબોં કો નહીં ભૂલે તો હમ ઐસે એહસાન ફરામોશ કે આપ કો ભૂલ જાએં ?! મેરા રબ ભી નમાઝ કે સિલસિલેમેં ફર્માતા હૈ : ''નમાઝ કાઈમ કરો મેરી યાદ કે લિએ.'' લેકિન ! બંદો ! અગર મૈં સજદોં કા તરીકા બતા દેતા, મૈં નમાઝ કા તરીકા બતા દેતા તો તુમ મહબૂબ કી બારગાહમેં કૈસે જાતે ?! ઔર ફિર અપની મરઝીસે ઝરા નમાઝ પળ્હ કે બતા દો ! ઈસ તરહ કે કયામ બાદમેં કરના, સજદા પહલે કરો ! હૈ કિસીકી હિમ્મત ? જો યહ કહતે હૈં, ''મઆઝલ્લાહ મિન ઝાલિક'' કે નબી ઝિંદા નહીં હૈ ! મૈં પૂછતા હૂં, જો ખુદા અપને નબી કી અદા કો મરને ન દે વો અપને નબી કો કૈસે મુરદા રખ સકતા હૈ ?! જબ નબી કી અદા ઝિંદા હૈ ઔર અય ઈમામ શાફઈ ! رضی اللہ عنہ આપકી અઝમતોં પે કુર્બાન ! અય ઈમામ માલિક ! رضی اللہ عنہ આપકી અઝમતોં પે કુર્બાન ! અય ઈમામ અહમદ ઈબ્ને હંબલ ! رضی اللہ عنہ આપકી અઝમતોં પે કુર્બાન ! અય ઈમામે આ'ઝમ અબૂ હનીફા ! رضی اللہ عنہ આપકી અઝમતોં પર કુર્બાન ! કે ઈન ચારોંને જિસ જિસ તરીકે સે અદાએ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم કો દેખા અપના મસ્લક બનાકર અદાએ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم કી હિફાઝત કા એહતેમામ ફર્મા દિયા. ગોયા રબ બતા રહા હૈ, બંદે ! જબ મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم કી અદા મહફૂઝ હૈ તો મહબૂબ ભી ઝિંદા હૈ. ઔર સુનો ! બરૈલી કે તાજદાર વહી અકીદા દેતે હૈં :–

**તૂ ઝિંદા હૈ વલ્લાહ ! તૂ ઝિંદા હૈ વલ્લાહ !**
**મેરી ચશ્મે આલમ સે છુપ જાને વાલે !**

સુનો ! ''સુન્ની દા'વતે ઈસ્લામી'કા રૂહ પરવર સુન્ની ઈજતેમા તુમ્હેં યહ દર્સ દેતા હૈ કે વફાદારે રસૂલ બનકર ઈસ તરહ જીઓ કે ઝિંદગી કે કિસી ગોશેમેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સે બેવફાઈકા કોઈ જઝબા પૈદા ન હો. કભી સરકાર કે એહસાન કો ભૂલને કા તસવ્વુર ભી મત કરના ! રબ્બે કદીર તો અપની ઈબાદત મેં ભી મહબૂબ કે જલ્વે દેખના ચાહતા હૈ, કિયામમેં તુમ અહમદ **અલિફ** નઝર આતે હો, તુમ રુકૂઅમેં જાતે હો તો અહમદ કી **હે** બન જાતે હો, સજદેમેં **મીમ** નઝર આતે હો ઔર કાઈદે મેં અહમદ કી **દાલ** નઝર આતે હો. જબ કે નમાઝ ખાલિસ ખુદા કે લિએ હૈ. લેકિન ! આપ સોચો ! રબ્બે કદીર ફર્માતા હૈ, બંદો ! મૈંને તુમ કો પૈદા તો કર દિયા હૈ, લેકિન ! તુમ્હેં દેખના ચાહતા હૂં તો મહબૂબ કી અદામેં દેખના ચાહતા હૂં ! તુમ રુકૂઅમેં જાઓ તા કે મહબૂબ કી અદા મહફૂઝ હો જાએ. તુમ સજદે મેં જાઓ તા કે મહબૂબ કી અદા મહફૂઝ હો જાએ. અય સરકારે દો આલમ કે દીવાનો ! હમ કો બરૈલી કે તાજદારને કોઈ નયા અકીદા નહીં દિયા, બલ્કે ઈશ્ક કા જામ પિલાયા હૈ. અક્લકી બાત ઔર હૈ ઈશ્ક કી બાત ઔર ! અક્લ કુછ ઔર કહતી હૈ, ઈશ્ક કુછ ઔર કહતા હૈ ! હઝરત ઈબ્રાહીમ કો અકલ બઝાહિર કહતી થી, આગ મેં અપને આપ કો ડાલ રહે હૈં ? લેકિન ! ઈશ્ક કહા રહા હૈ, આગ કી ક્યા હકીકત હૈ ? માલિક કહ રહા હૈ, બાત માનો ! ઈશ્ક ને છલાંગ લગા દી, ચલે ગએ ઔર આગ બાગ મેં તબદીલ હો ગયા !

દુન્યા કહતી હૈ કે ઈમામ અહમદ રઝા કો વો મકામ ન દો ! મૈં કહતા હૂં, તુમ્હારી અકલ કુછ ભી કહતી હો લેકિન ! ઈશ્કને તો ઉનકો ઈસ તરહ ઝિંદા કર દિયા હૈ કે જહાં વો નહીં પહોંચે વહાં ઉનકા સલામ પહોંચ ગયા !

લેકિન ! કમઝોરી હમારી ભી હૈ, હમને ઈસ આશિકે રસૂલસે સિર્ફ મહબ્બત કા દા'વા કિયા હૈ,

ક્યા ? જબ ઈમામે ઈશ્કો મુહબ્બત કી તેહરીર દુન્યાવાલોં તક પહોંચા કર હમ કિસી હદ તક ઉનકે અકીદે કી હિફાઝત કર સકતે હૈં તો ખુદા કી કસમ ! અગર કિરદારે ઈમામ અહમદ રઝા અપના લેં તે તો દુન્યા આશિકે આ'લા હઝરત બન જાતી. આજ હમેં ઈસ કિરદાર કો અપનાને કી ઝરૂરત હૈ. બતાઈએ ! કોઈ મુઝે કહે, કભી આ'લા હઝરતને એક વક્ત કી નમાઝ કઝા કી હો ?! કભી માં બાપ કે એહકામ કી ખિલાફ વરઝી ઈમામ અહમદ રઝા ને કી હો ? કભી ઈમામે ઈશ્કો મહબ્બત ને અપને નફ્સ કે લિએ કુછ કિયા હો ? ખુદા કી કસમ ! જો ભી કિયા સિર્ફ સરકારે દો આલમ ﷺ કી રઝા કે લિએ કિયા.

**કામ વો લે લીજીએ તુમ કો જો રાઝી કરે**
**ઠીક હો નામે "રઝા" તુમ પે કરોડોં દુરૂદ**

"સુન્ની દા'વતે ઈસ્લામી" તુમ્હેં યહ પયગામ દે રહી હૈં ઔર અલ્હમ્દુલિલ્લાહ ! યહ સદકા હૈ ગૌષો ખ્વાજા કા, યહ સદકા હૈ ઈમામે ઈશ્કો મહબ્બત કા કે દુન્યા રોકના ચાહતી હૈ ઔર યહ સૈલાબ બળ્હતા જા રહા હૈ ! ઔર યહાં જિત્ને ભી આએ હૈં કોઈ પેટ્રો ડાલર હાસિલ કરને નહીં આયા હૈ, તુમ બુલાતે હો તો દૌલત કે સહારે બુલાતે હો ! હમ બુલાતે હૈં તો મદીનેવાલે કે સહારે બુલાતે હૈં ! હમને કિસી કો નોકરી કી લાલચ નહીં દી ! હમને કિસી કો ફૌરેન લે જાને કી દા'વત નહીં દી ! હમને કિસી કો રિક્ષા દિલાને કી લાલચ નહીં દી ! બલ્કે હમને લાલચ દી હૈ કે દીવાને બન જાઓ અપને નબી કે ! મસ્તાને બન જાઓ અપને આકા કે ! ન ખુદા કે દેનેમેં કોઈ કમી હૈ ન મેરે મુસ્તફા કે તકસીમ કરને મેં કોઈ કમી હૈ. વો વક્ત બહુત કરીબ હૈ ઈન્શાઅલ્લાહુલ્ અઝીઝ ! વો દિન દૂર નહીં કે વો સબ ભી સુન્નિયોં કે પરચમ તલે હોંગે.

આપ સોચતે હોંગે, ઈસ કિસ્મ કી ગુફતગૂ ક્યોં હો રહી હૈ ? યાદ રખો ! આજ ફિલિસ્તીન કે મુસલમાનોં પે જો ઝુલ્મો સિતમ કી બારિશ હો રહી હૈ ઔર વહાં મદદ કરને કે લિએ કોઈ નહીં પહોંચ રહા હૈ.

મૈં પૂછતા હૂં, ઝરા જાઓ તબ્લીગી જમાઅત લેકર વહાં ! ફિલિસ્તીની બચ્ચે પથ્થરોંસે તુમ્હારે સરકો ઝખ્મી કર દેંગે ! ઈસલિએ કે તુમને જઝબએ જેહાદ કો મુર્દા કર દિયા હૈ ઔર હમારા દીન વક્તે નમાઝ સર ઝુકાને કી ભી તા'લીમ દેતા હૈ ઔર વક્તે જેહાદ સર કટાને કી તા'લીમ દેતા હૈ. સુનો મુસલમાનો ! મૈં તુમ્હેં પયગામ દેના ચાહતા હૂં મુઝે બળી મસર્રત હાસિલ હો રહી હૈ આજ કે ઈસ રૂહ પરવર સુન્ની ઈજતેમામેં ઈસ સૈલાબ કો દેખને કે બાદ મુઝે યહ મેહસૂસ હો રહા હૈ કે આપ કા ઝમીર અબ જાગ ચુકા હૈ. આપને મદીનેવાલેકી તરફ અપના રુખ કર લિયા હૈ ઔર ઝાહિર સી બાત હૈ જબ કાસાએ ગદાઈ ઉસ આકા કી તરફ હો જાએ ફિર ક્યા કહના ! વો તો ઐસે હૈં કે :–

**ખૂદ ભીક દેં ઔર ખૂદ કહેં મંગતે કા ભલા હો**

ઔર બરેલી કે તાજદાર ઈસ લિએ કહતે હૈં :–

**ચમક તુઝ સે પાતે હૈં સબ પાનેવાલે**
**મેરા દિલ ભી ચમકા દે ચમકાનેવાલે**

આજ કા યહ રૂહપરવર સુન્ની ઈજતેમા બતા રહા હૈ કે આપને અપના રુખ મદીને કી તરફ કર લિયા હૈ. લેહાઝા અબ ઝહન મેં બિઠા લેં ઔર વા'દા કરેં કે વો ચીઝેં જો મદીને કી તરફ પહોંચનેમેં રુકાવટ બનતી હૈં આજ સે ઈન્શાઅલ્લાહ ! ઉસસે પરહેઝ કરને કી કોશિશ કરેંગે ઔર હમેશા પરહેઝ કરતે રહેંગે. (ઈન્શાઅલ્લાહ !)

વો કૌનસી ચીઝેં હૈં જો રસૂલે આ'ઝમ ﷺ કી કુર્બતસે રોકતી હૈ ? વો હૈ નાચ, ગાને, બાઝે તમાશોંકી મહબ્બત. કુર્આન ઉઠાકાર દેખો !

ومن الناس من يشترى لهو الحديث ليضل عن
سبيل الله بغير علم و يتخذها هُزوا

*(સૂ. લુકમાન, આ. ૬)*

**તર્જુમા** : ઔર કુછ લોગ ખેલ કી બાત ખરીદતે હૈં કે અલ્લાહ કી રાહ સે બહકા દેં બે સમઝ ઔર ઉસે હંસી બના લે. –*(કન્ઝુલ ઈમાન)*

યહ **લહ્‌વલ હદીષ** ક્યા હૈ ? જબ મો'મિન અલ્લાહ કે ઘર કી તરફ બળ્હતે હૈં તો રાસ્તે કે અંદર ગાને બાજેવાલે બૈઠ જાતે થે, તા કે દીવાનેં મસ્જિદ કી તરફ ન જાએં. અબ જબ કે ઘર ઘર ટી.વી. આ ચૂકા હૈ, ઘર ઘર પિક્ચર આ ચૂકે હૈં તો બતાઓ ! દિલ કહાં સે નેકીયોં કી તરફ માઈલ હોગા ?! દિલ કહાં સે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કી મહબ્બત કી તરફ બળ્હેગા ?! આજસે તુમ કોશિશ કરો, તુમ્હારા ડ્રોઈંગ રૂમ (Drawing Room) હો, તુમ્હારા બેડ રૂમ (Bed Room) હો, કહીં ભી તુમ રહો, ચાહે તુમ્હારી ઓફિસ હો, અબ વહાં ન કોઈ ગાને કી કેસેટ હોગી ન વહાં પર કોઈ ફિલ્મી મેગેઝીન હોગી. બલ્કે જહાં દેખો વહાં દીનો દુન્યા કી તા'લીમ ઔર મુસ્તફા પ્યારે ﷺ કી નઅતોં કી કેસેટેં, તિલાવતે કુર્આન મુકદસ કી કેસેટેં, ઉલ્માએ એહલે સુન્નત કે બયાનાત કી કેસેટેં હોં. તુમ જબ ગાળી લેકર નિકલો તો તુમ્હારી ગાળીયોં કે અંદર મ્યુઝિક કી આવાઝ ન હો બલ્કે અલ્લાહ કે ઝિક્ર કી આવાઝ આ રહી હો. કોશિશ કરો ! યહ ઈન્કલાબ લાનેકી ઝરૂરત હૈ. ઔર મૈં યકીન કે સાથ કહતા હૂં કલ ભી મુસલમાન માદ્દી તાકતોં સે લેસ નહીં થા લેકિન ઉસકે બાવજૂદ કામયાબીને બળ્હ કર કે ઉસકા ઈસ્તેકબાલ કિયા હૈ. ઈસ્લામ કી પહલી જંગ કા જાઈઝા લો, જંગે બદર કે મૌકા પર તીનસો તેરહ સહાબા મેં સે સિર્ફ નવ સહાબા કે પાસ તલ્વારેં થીં ઔર બાકી કે હાથોં મેં લકળિયાં થીં.

**વો તીનસો તેરહ થે તો લરઝતા થા ઝમાના**
**આજ હમ કરોળોં હૈં તો કરતે હૈં ગુલામી**

ક્યા ચીઝ થી ઉનકે પાસ ?! મહબ્બતે રસૂલ કી કુવ્વત થી, ઈશ્કે મુસ્તફા કી દૌલત થી. આકા જો કહતે થે ઉસ પર અમલ કરતે થે. આકા જિસસે રોક દેતે થે રુક જાતે થે. ઈસ અઝ્મ કી બુન્યાદ પર મૌલા ઉન્હેં હર કામયાબી સે હમ કનાર કરતા થા. હમેં ઝુલ્મ કરને કે લિએ પૈદા નહીં કિયા ગયા. જૈસા કે મુઝસે પેશતર હઝરત અલ્લામા મુફ્તી અબ્દુલ ગની સાહબ دامت برکاتہم ને કિત્ની પ્યારી બાતેં બતાઈ કે કુત્તે પર મહરબાની કરો તો જન્નત કે હક્કદાર બન જાઓગે ! જિસ દીન કે માનનેવાલે યહ પયગામ દે રહો હોં, તો બતાઓ ! હમારા મઝહબ હમેં ટેરરિસ્ટ કી તા'લીમ કબ દેતા હૈ ? હમેં યહ તા'લીમ નહીં દી ગઈ, હમેં યહ નહીં કહા ગયા કે ઝુલ્મ કરો, લેકિન ! યહ ઝરૂર કહા ગયા હૈ કે અપના દેફાઅ કરો, આજ એક છોટા બચ્ચા જિસે કોઈ તમાચા માર દે તો વ ભી કુછ હાથ પૈર ચલાતા હૈ. અગર દિફાઅ કો તુમ ટેરરિસ્ટ કા નામ દે રહે હો તો યહ જુર્મ હોગા. યાદ રખો ! ઝરૂરત હૈ કે તુમ સોસાયટી કે અંદર અમ્ન કે માહોલકો કાઈમ કરો, તુમ પળોસિયોં કે હકૂક કા ખયાલ કરો, તુમ અલ્લાહ ઔર ઉસકે રસૂલ કી ઈતાઅત કરો, તુમ્હારી ઝાત દૂસરોં કે લિએ રહમત હો જહમત ન હો.

મેરે સરકાર ને કાફિરોંસે ભી હુસ્ને સુલૂક કી તા'લીમ દી હૈ. કૈસી તા'લીમ દી હૈ ? કિસ તરહ દી હૈ ? અગર મુશાહિદા કરના ચાહતો હો તો દેખો, જબ ભી અલ્લાહ કે કોઈ બરગુઝીદા ઔર ફર્માંબરદાર બંદે ઈસ્લામ કી બાગડોર અપને હાથમેં લિએ હૈં ઉનસે મુતઅલ્લિક કોઈ મિષાલ નહીં પેશ કર સકતા કે ઉન્હોં ને કભી કિસી દૂસરે દીન કે માનનેવાલે પર ઝુલ્મ કિએ હોં ?

યહી ઉમર ફારૂક رضی اللہ عنہ હૈં દરખ્ત કે સાએમેં સો રહે હૈં, એક સફીર પહોંચતા હૈ ઔર પૂછતા હૈ, કહાં હૈ અમીરુલ મો'મિનન ! લોગોંને કહા, દેખ ઈધર જંગલ કે અંદર કહીં બકરિયાં ચરાતે હોંગે ! વો ગયા મિલને કે લિએ, રાસ્તે મેં ફિર લોગોં સે પૂછા, કહાં હૈ અમીરુલ મો'મિનીન ?! જવાબ મિલા, વો દેખો દરખ્ત કે સાએમેં જો સો રહે હૈં વહી હૈ

હમારે અમુરુલ મો'મિનીન ! જબ ઉસને દેખા કે ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ મહ્‌વે ખ્વાબ હૈ, સોચા ઈસસે સુનેહરા મોકા ફિર કબ મિલેગા ? તલ્વાર નિકાલતા હૈ ઔર અમીરુલ મો'મિનીન કો શહીદ કરના હી ચાહતા હૈ કે આપકી આંખ ખુલ ગઈ ! કિસકી આંખ ખુલી ? જિસને અપની નિગાહોં સે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم કે જલ્વે દેખે થે. આંખ ખુલી તો વો તાબ ન લા સકા ઔર તલ્વાર ઉસકે હાથસે ગિર ગઈ ! ફારૂકે આ'ઝમને ફર્માયા, ક્યોં આએ થે આપ ?! કહા, મૈં સફીર હૂં. આયા થા મુલાકાત કે લિએ મગર તન્હા દેખકર સોચા કામ તમામ કર દૂં, ઈસ લિએ કે આપ કે નામકા ખૌફ પૂરી દુન્યા કે અંદર હૈ.

અમીરુલ મો'મિનીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ઈર્શાદ ફર્માતે હૈં :–

ક્યા ઈસ નાપાક ઈરાદે સે તુમ આએ થે ? ઉસને કહા, હાં ! અબ વો અર્ઝ કરતા હૈ, અમીરુલ્ મો'મિનીન ! મુઝે યહ બતાઈએ કે હમારે બાદશાહોં કો નરમ ગદ્દે પર નીંદ નહીં આતી, સિક્યૂરિટી ફોર્સ કે દરમિયાન રહતે હૂએ નીંદ નહીં આતી ઔર આપ ઐસે હી દરખ્ત કે સાએમેં સો રહે હૈ ?! ક્યા આપ કો ડર નહીં લગતા ?!

સુનો ! આપને ક્યા જવાબ દિયા, ઈર્શાદ ફર્માતે હૈં, જો ઈન્સાનોં પર હુકૂમત કરતા હૈ વો ડરા કરતા હૈ ઔર જો ઈન્સાનોં કી ખિદમત કરતા હૈ વો બેખૌફ રહા કરતા હૈ. મૈં હાકિમ નહીં, હૂં મૈં તો ખાદિમ બન કર કે આયા હૂં.

ઔર યહી અમીરુલ મો'મિનીન ફર્માતે હૈં : અગર મેરે દૌરે હુકૂમત મેં એક બકરી ભી ખારિશ કી બીમારી સે મર ગઈ તો મૈં ડરતા હૂં કે અપને મૌલા કી બારગાહ મેં ઉસકા ક્યા જવાબ દૂંગા ?!

યાદ રખો ! તુમ્હારી ઝાત કિસી કમઝોર કે લિએ જહમત ન હો, બલ્કે સબકે લિએ તુમ રહમત બન જાઓ. કાફિરોં કે સાથ અચ્છા સુલૂક કરો, ઉન્હેં અચ્છાઈયોં કી બાતેં બતાઓ, તુમ અપની ઝિંદગી કો સીધે રાસ્તે પર ચલાઓ. રસૂલે આ'ઝમ صلی اللہ تعالیٰ علیہ وسلم કે કિરદાર કો અપનાઓ ! અગર તુમ જા રહે હો ઔર કોઈ બુળ્હી કાફિર ઔરત હાથોં મેં કુછ વઝન લેકર કે જા રહી હૈ તો તુમ ઉસકી પેશાની કે ટીકે કો મત દેખના, બલ્કે ઉસકી ઉમ્ર કો દેખકર ઉસકે હાથોં સે બોજ ઉઠા લેના ઔર અપને નબી કી તા'લીમ પર અમલ કર કે દુન્યાવાલોં કો બતા દેના કે હમારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને હમેં યહ તા'લીમ અતા ફર્માઈ હૈ !

બહુત ઝરૂરી હૈ કે હમ પહલે અપને સે શુરૂઅ કરેં, ઈન્શાઅલ્લાહ ! દેખતે દેખતે હર મુસલમાન અપને ઈસ્લામી રંગમેં નઝર આએગા યહાં તક કે ગૈર ભી દામને ઈસ્લામ સે વાબસ્ત હોતે જાએંગે. અલ્લાહ તઆલાસે દુઆ હૈ કે હમ સબ કો અપને પ્યારે હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم કે ઉસ્વએ હસના પર અમલ કરને કી તૌફીક અતા ફર્માએ. *(આમીન)*

وما علینا الا البلاغ المبین

## ★ મુસલમાનને મદદ કરવાના અગણિત ફાયદા ! ★

**જે શખ્સ મુસલમાનના માર્ગમાંથી તકલીફદાયક ચીજને દૂર કરશે, અલ્લાહ તઆલા તેના આ'માલનામામાં એક હજાર નેકીઓનો વધારો કરી આપશે, તેમજ જો કોઈ મુસાફરને તેની મંઝિલ અથવા માર્ગ બતાવી દે છે તેના માટે એક લાખ નેકીઓ લખવામાં આવે છે.** *(નુઝહતુલ્ મજાલિસ, ઉર્દૂ, ભાગ-૧, પેજ-૫૫૭)*

**રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જે શખ્સ પોતાના મુસલમાન ભાઈની હાજત પૂરી કરવાના માટે જાય છે, અલ્લાહ તઆલાના તરફથી પંચોતેર હજાર ફરિશ્તા તેના પર સાયો કરી લે છે અને તેના માટે દુઆ કરતા રહે છે ત્યાં સુધી કે તે કામ પૂર્ણ કરે, તે ઉપરાંત તેના આ'માલનામામાં હજ્જ તથા ઉમરાનો સવાબ લખી દેવામાં આવે છે.** *(હવાલો ઉપર મુજબ)*

# ગુનાહોનો ઈલાજ

**લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

## ★ ઘમંડ અને તેનો ઈલાજ ★

આ શૈતાની આદત ઘણી જ બુરી અને એવી તબાહ કરનાર છે કે જેને અપનાવનાર માણસ દુનિયા તથા આખિરતમાં ઝલીલ તથા રુસ્વા થઈ જાય છે. તકબ્બુર (ઘમંડ)નો અર્થ એ છે કે બીજા લોકોને હકીર (નીચ) સમજી પોતાની જાતને સૌથી મોટી અને ઉચ્ચ તસવ્વુર કરવી (સમજવી). આ જ જઝબો શૈતાન મલઊનના દિલમાં પૈદા થયો હતો કે જયારે અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને હુકમ કર્યો કે આદમ عليه السلام સામે સજદો કરો તો તમામ ફરિશ્તાઓએ સજદો કર્યો કારણ કે તેઓ તકબ્બુરની નહૂસતથી પાક હતા પણ શૈતાનમાં તકબ્બુર સમાયેલ હતું, તેણે સીનો તાણી કહ્યું કે હું હઝરત આદમ عليه السلام થી બેહતર છું, તેં મને આગથી અને આદમને માટીથી પૈદા ફર્માવ્યા છે. તે મલઊને હઝરત આદમને પોતાનાથી હકીર (નીચા) સમજ્યા અને (ઘમંડના કારણે) સજદો ન કર્યો. માટે યાદ રાખો કે **જે માણસમાં ઘમંડ જેવી શૈતાની આદત પૈદા થઈ જાય છે તેનો તે જ અંજામ થશે જે શૈતાનનો થયો.** તે બંને જહાનમાં ખુદાએ કહ્હારે જબ્બારની ફિટકારથી ઝલીલ તથા રુસ્વા થઈ ગયો.

યાદ રાખો કે ઘમંડ અલ્લાહ તઆલાને ઘણો જ નાપસંદ છે અને આ ઘણો જ મોટો ગુનો છે. હદીષ શરીફમાં છે : જે માણસના દિલમાં રાઈના દાણા બરાબર પણ ઈમાન હશે તો જહન્નમમાં દાખલ નહીં થાય. અને જે માણસમાં રાઈના દાણા બરાબર ઘમંડ હશે તે માણસ જન્નતમાં દાખલ નહીં થાય. *(મિશ્કાત, પેજ-૪૩૩, ભાગ-૨)*

એક બીજી હદીષ શરીફમાં આવ્યું છે કે મૈદાને મેહશરમાં ઘમંડ કરવાવાળાઓને એ રીતે લાવવામાં આવશે કે તેમની શકલો તો માણસો જેવી હશે પણ તેમનું કદ કીડીઓ બરાબર હશે અને આ લોકોને ઘસેડીને જહન્નમ તરફ લાવવામાં આવશે અને તેના કેદખાનામાં તેઓને કેદ કરી દેવામાં આવશે જેનું નામ નુલસ (નાઉમ્મીદી) છે. અને તેઓને એવી આગમાં સળગાવવામાં આવશે જે બધી જ આગોને સળગાવી દેશે, જેનું નામ "નારે લાનીયાર" છે. અને તેઓ (ઘમંડીઓ)ને જહન્નમનું પીપ (પરુ) પીવડાવવામાં આવશે. *(મિશ્કાત શરીફ, ભાગ-૬, પેજ-૪૩૩)*

પ્યારા વાંચક ભાઈઓ ! તથા પ્યારી માઓ અને બહેનો ! કાન ખોલી સાંભળી લો કે આપણને જે ખાવા, પીવા, ચાલ ચલન અને મકાન, સામાન, તૌર તરીકો, માલો દૌલત દરેક વસ્તુમાં આપણે પોતાને બધાથી વધુ સારા સમજીએ છીએ અને બીજા લોકોને પોતાનાથી નીચ સમજીએ છીએ, એ જ રીતે **અમુક ઈબાદત કરવાવાળા તથા ઈલ્મવાળા ઈબાદત તથા ઈલ્મ (જાણકારી)માં પોતાને બધાથી ઉચ્ચ અને બીજાને નીચ ગણી સીનો ફુલાવે છે, આ જ ઘમંડ છે !** ખુદાના વાસ્તે આ શૈતાની આદતને છોડો અને આજીજી તથા ઝુકવાની આદત રાખો એટલે કે બીજાને દરેક વસ્તુમાં પોતાનાથી ઉચ્ચ અને પોતાને નીચ સમજો. હદીષ શરીફમાં છે કે જે માણસ અલ્લાહ તઆલા માટે (અલ્લાહની રઝા માટે) તવાઝોઅ અને ઈન્કેસારી કરશે (ઝુકશે) તો અલ્લાહ તઆલા તેને બુલંદ ફર્માવી દેશે, તે બંદો પોતાને નીચો સમજશે પણ

અલ્લાહ તઆલા બધા જ ઈન્સાનોની નિગાહમાં તેને અઝમતવાળો બનાવી દેશે. અને જે માણસ ઘમંડ અને તકબ્બુર કરશે અલ્લાહ તઆલા તેને પસ્ત (નીચો) ફર્માવી દેશે, તે પોતાને ઉચ્ચ સમજશે પણ અલ્લાહ તઆલા તેને બધા જ ઈન્સાનોની નજરમાં ઝલીલ (બેઈજ્જત) બનાવી દેશે.

## ★ તકબ્બુરનો ઈલાજ ★

ગુરૂર તથા ઘમંડનો ઈલાજ એ છે કે મિસ્કીનો તથા ગરીબોની સોહબતમાં રહેવા લાગે અને લોકોની સેવા કરે તથા તવાઝોઅ અને ઈન્કેસારી (પોતાને તુચ્છ જાણવું) અપનાવે, સલામમાં પહેલ કરે અને પોતાના દિલમાં એ નક્કી કરી લે કે દરેક મુસલમાનની તા'ઝીમ કરીશ, ભલે તેનાં કપડાં ગમે એટલાં મેલાં કેમ ન હોઈ તેને પોતાના બરાબર બેસાડીશ. હરદમ પોતાના દિલમાં સુસ્તી તથા કમતરીનો ખયાલ જમાવે અને ખુદાએ પાકનો શુક્ર અદા કરે કે મને તેણે જેવું આપ્યું અને મને જેવો બનાવ્યો એ બિલકુલ ઠીક છે, જો તે (અલ્લાહ) ઈચ્છત અથવા અત્યારે પણ ચાહે તો સારા જહાનથી બદ્તર બનાવી શકે છે. અને દિલમાં એ પણ ખયાલ રાખે કે અલ્લાહ સૌથી મોટો બુલંદ (ઉચ્ચ) છે અને ખુદાએ તઆલા સિવાય કોઈ પણ કિબ્રીયાઈ (ગર્વ)ને પાત્ર નથી. હું નીચ, રુસ્વા અને હલકો આદમી છું. આ હકીકત જાણવા માટે સૂરએ અબસ, આયત ૧૭ થી ૨૨ તથા સૂરએ દહ્ર, આયત ૧ ને વારંવાર પઢયા કરે. અને ઘમંડ માણસને જે કાંઈ પણ કહે તેના વિરૂધ્ધમાં જ કામ કરે. ઘમંડ માત્ર શકલથી જ નહીં પણ પહેરવેશ, ઝબાન, આંખ, ઉઠવા, બેસવા મતલબ કે દરેક હલન ચલનથી જાહેર થઈ શકે છે. માટે કોશિશ તથા મહેનતથી તેને દૂર કરવું જરૂરી છે જેથી કોઈ પણ રીતે એ બાકી ન રહે અને આજીજી તથા નરમી માણસની તબિઅત તથા ફિતરતની (પ્રકૃતિની) ખૂબી બની જાય.

તકબ્બુરના ઘણાયે દાખલાઓ છે જેમાંથી અમુકનું વર્ણન કરીએ છીએ : દા.ત. ઘમંડીનો એક ખાસ અંદાઝ એ હોય છે કે જ્યાં સુધી કોઈ સાથે ચાલવાવાળું ન હોય ત્યાં સુધી તે કોઈ પણ ઠેકાણે નહીં જાય, જાણે એકલું ચાલવું તેની તૌહીન હોય. હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ સાથે ઉપરોક્ત ખયાલ રાખી કોઈ ચાલવા લાગતો તો આપ આમ ન કરવા દેતા અને કહેતા કે આ રીતે દિલ પોતાની જગ્યાએ કાયમ નથી રહેતું. (એટલે કે ઘમંડી થઈ જાય છે.)

હઝરત અબૂ દરદા رضی اللہ عنہ નું ફર્માન છે કે **ચાલતી વેળા જેટલા માણસો તને ઘેરી રાખે છે એટલો જ વધુ ફાસલો (દૂરી) તારા અને ખુદા તઆલા દરમ્યાન વધતો જાય છે.**

સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે ચાલતા તો ઘણાયે સહાબાને પોતાની આગળ ચાલવા દેતા. **ઘમંડીની નિશાનીઓમાંથી એ પણ છે કે તે ઈચ્છે છે કે લોકો તેની સાથે બાઅદબ ઊભા રહે અને તે બેસી રહે.** હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ ઘણુ જ નાપસંદ હતું કે કોઈ ઉભો રહીને આપની તા'ઝીમ કરે. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે કે **જો કોઈ દોઝખીને જોવો હોય તો તેને જુએ જે બેઠો હોય અને લોકો તેની સામે ઊભા હોય.** એક નિશાની એ પણ છે કે ઘમંડી કોઈની મુલાકાત માટે નથી જતો. ઘમંડીની એક નિશાની એ પણ છે કે તે કોઈ મિસ્કીનને પોતાની પાસે બેસાડવું નાપસંદ કરે છે. પણ તાજદારે રિસાલત صلی اللہ تعالیٰ علیہ وسلم (આથી વિરૂધ્ધ) પોતાનો દસ્તે મુબારક જ્યારે કોઈ ફકીરના હાથમાં આપતા તો પોતે પાછો ન ખેંચતા અને આમ જ રહેવા દેતા જ્યાં સુધી કે તે પોતે ન છોડી દેતો. પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم બીમારો, ખુજલીવાળા અને ગરીબો સાથે જમવા બેસતા જેઓથી બીજા લોકો દૂર રહેતા હતા. *(ક્રમશઃ)*

★ ★ ★ ★

# સાચા પીરની પરખ કરાવતો આઈનો !!

અઝ : હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી
*(ખતીબો ઈમામ મસ્જિદે રઝા, બાલાકલાવા, બ્લેકબર્ન, યુ.કે.)*
**અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

પીરની શરતો વર્ણન કરતાં **બેલગ્રામ શરીફના મશ્હૂર સૂફી તથા મુહક્કિક આલિમ બુઝુર્ગ હઝરત મીર સૈયદ અબ્દુલ વાહિદ બેલગ્રામી** رحمۃ اللہ علیہ પોતાની કિતાબ **"સબએ સનાબિલ શરીફ"**માં લખે છે :–

**પ્રથમ શરત** કે પીરનો મસ્લક બરાબર હોય તેનો ખુલાસો એ છે કે, સાચા મુરીદે સહીહ સિલસિલો તલાશ કરવો જોઈએ કેમ કે મોટા ભાગની જગાએ નીતિ નિયમ વિરૂધ્ધ થઈ ગયેલ છે.

**પીરની બીજી શરત એ છે કે પીર "આલિમ" તથા "આમિલ" હોય (ઈલ્મવાળો તથા ઈલ્મ પર અમલ કરનાર) હોય**, તમામ ઈબાદતોના ફર્ઝો, વાજિબો, સુન્નતો, નફ્લો તથા મુસ્તહબોનો પાબંદ અને તેની પાબંદીમાં સુસ્ત ન હોય. પીરની **ત્રીજી શરત** એ છે કે પીરના અકીદા દુરુસ્ત હોય, મઝહબે અહલે સુન્નત વ જમાઅતના પ્રમાણે અને પાકો ચુસ્ત સુન્ની હોય.

બીજી શરતની સ્પષ્ટતા કરતાં ખૂદ અલ્લામા સૈયદ મીર અબ્દુલવાહિદ બેલગ્રામી قدس سرہ લખે છે : "પીર આલિમ તથા આમિલ હોય, તમામ ઈબાદતોના ફર્ઝો, વાજિબો, સુન્નતો, નફ્લો તથા મુસ્તહબોનો અને તેના હુકમોની પાબંદીમાં સુસ્તી તથા આળસ કરનાર ન હોય. દરેક વુઝૂના માટે મિસ્વાક કરે, દાઢીમાં કાંસકી કરે, આ બંનેવ સુન્નતો છે. પાંચેવ નમાઝો અઝાન, ઈકામત તથા જમાઅતની સાથે અદા કરે, અટકી અટકીને નમાઝના અરકાનો અદા કરવાનો ખયાલ રાખે અને એ પ્રકારની અન્ય વાતો ધ્યાનમાં રાખે. અને જો તે આ ઈબાદતોનો આલિમ (જાણકાર) ન હોય તો એના પર અમલ કરી શકશે નહીં જેથી શરઈ હદથી બહાર થઈ જશે, જેથી પીર નથી બની શક્તો. એટલા માટે કે જે વ્યક્તિ હકીકતના મકામથી નીચે આવી જાય છે તે તરીકત પર આવીને રોકાય જાય છે અને જે તરીકતના સ્થાનથી નીચે આવી જાય છે તે શરીઅત પર આવીને અટકે છે અને **જે શરીઅતથી ચલિત થાય છે તે ગુમરાહ થયો અને ગુમરાહ શખ્સ પીર બનવાને લાયક નથી.**

અને તે દુરવેશ જેની પ્રતિ મખ્લૂક વળી (ખેંચાય) જાય છે, દા.ત. મોટા ભાગની મખ્લૂક તેની બયઅત તથા ઈરાદત (મુરીદ થવા) માટે પહોંચે છે તેના ઉપર તો શરીઅતના જુઝઈય્યાત (શાખાઓ)માં પણ સાવધાની ફર્ઝ તથા અનિવાર્ય છે. તેણે જોઈએ કે શરીઅતની બારીકીઓમાંથી એક જરાક પણ છૂટવા ન દે કે એ ચીજ તેના મુરીદોની ગુમરાહીનો સબબ બનશે. જાહેર છે કે તેઓ (મુરીદો) એવા કૃત્યથી દલીલ પકડે છે અને કહે છે કે, "અમારા પીરે આવું કર્યું છે !" (એટલે અમે પણ કરીશું ! એવું નહીં જુએ કે શરીઅતની વિરૂધ્ધ છે !) જેથી તે (પીર) ગુમરાહ તથા ગુમરાહ કરનાર થઈ જાય છે. *(સબએ સનાબિલ શરીફ)*

હુઝૂર ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** قدس سرہ પીરની શરતો ગણાવતાં ઈર્શાદ ફર્માવે છે :–

"શયખે ઈત્તેસાલ એટલે કે જેના હાથ પર બયઅત કરવાથી (મુરીદ થવાથી) માણસનો સિલસિલો હુઝૂર પુરનૂર صلی اللہ علیہ وسلم સુધી જોડાઈ જાય

એના માટે ચાર શરતો છે :–

**પ્રથમ શર્ત : સિલસિલો કપાયેલ ન હોય :** શયખ (પીર)નો સિલસિલો (એમના પીર તેમના પીર) સતત સહી જોડાણ સાથે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી પહોંચ્યો હોય, વચમાંથી તૂટયો ન હોય, કેમ કે તૂટેલ ઝરીયા વડે પહોંચ અશક્ય છે. અમુક લોકો બયઅત વિના કેવળ વારસાના ગર્વભેર પોતાના બાપદાદાના સજ્જાદા બની બેસે છે. એટલે બાપ તો સારા પીર હતા પણ આ જનાબ બાપથી મુરીદ થયા વિના તેમના મૃત્યુ બાદ મુરીદ કરવા લાગે છે. જ્યારે કે આ સિલસિલો તો બાપ પર ખત્મ થઈ ગયો. હવે જ્યારે પોતે બાપથી એ સિલસિલામાં મુરીદ જ નથી તો કેવી રીતે હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી પહોંચે ?! અથવા મુરીદ તો થયો હતો પણ બાપે ખિલાફત તથા ઈજાઝત આપી જ ન હતી, તો ઈજાઝત તથા ખિલાફત વિના મુરીદ કરવા કેવી રીતે દુરુસ્ત છે ! મુરીદ કરવાના માટે કેવળ મુરીદ થઈ જવું પૂરતુ નથી, બલ્કે ખિલાફત તથા ઈજાઝત પણ જરૂરી છે તો કઈ રીતે હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી પહોંચે ?! અથવા સિલસિલો જ કટ કરી દેવામાં આવ્યો, તેમાં ફયૂઝ ન રાખવામાં આવ્યો છતાં લોકો નફ્સપરસ્તીમાં એમાં મુરીદ કરતા તથા ખિલાફત આપતા ચાલ્યા આવે છે. એટલે કે સિલસિલામાં એક એવા શયખ થયા જેમણે પોતાનો સિલસિલો પોતાની જાત પર જ કોઈને ખિલાફત ન આપીને પૂરો કરી આપ્યો. હવે એમના પછી કેટલાક દુન્યાપરસ્ત લોકોએ પોતાની દુકાન ચમકાવવાના ખાતર કેવળ પોતાની ઈચ્છાથી એ સિલસિલો જે બેફૈઝ છે તેને ચલાવી રાખ્યો છે ! જ્યારે કે એવા બેફૈઝ સિલસિલામાં બયઅત દુરુસ્ત નથી.

સિલસિલો પોતે સહીહ હતો પણ વચમાં કોઈ એવો શખ્સ આવી ગયો જે (પીરની) અમુક શરતો ત્યજવાને કારણે બયઅતને લાયક ન હતો. એના પછી એનાથી જે શાખ (શજરો) ચાલ્યો તે વચ્ચેથી કપાયેલ છે ! આ સંજોગોમાં એ બયઅતથી હરગિઝ ઉપર સુધી પહોંચ થશે નહીં. બળદથી દૂધ અને વાંઝળીથી બાળક માગવાની મતી જ નિરાળી છે ! (એટલે કે સિલસિલો તો બરાબર હતો પણ એ સિલસિલામાં મુરીદ કરનાર એક એવો પીર થયો જે બયઅતની અમુક શરતો ધરાવનાર ન હતો. દા.ત. આલિમ તથા આમિલ ન હતો, કે જે પીર માટે જરૂરી શરતોમાંથી છે. હવે કેમ કે પીરી માટેની શરત ન પામવાને કારણે તે હકીકતમાં પીર ન રહ્યો, તો તે પોતે પણ મુરીદ નથી કરી શક્તો અને અન્યોને પણ ખિલાફત તથા ઈજાઝત નથી આપી શક્તો. હવે તે સિલસિલો જે મુકમ્મલ સહીહ હતો તે આ પીર પર ખત્મ થઈ ગયો. તો હવે આ તૂટેલો સિલસિલો કેવી રીતે હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી પહોંચશે ?! આવા તૂટેલા સિલસિલાથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી પહોંચવાની ઉમ્મીદ રાખવી એવી જ છે જેવી રીતે બળદ પાસેથી દૂધ અને વાંઝળી પાસેથી બાળકની આશા રાખવી કે જે એક અશક્ય બાબત છે.)

**બીજી શરત : શયખ સુન્ની સહીહુલ્ અકીદા હોય** : બદ્‌મઝહબ, ગુમરાહનો સિલસિલો શૈતાન સુધી પહોંચશે ન કે હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી. આજકાલ ઘણા બદ્‌મઝહબો બલ્કે બેદીનો એટલે સુધી કે વહાબીઓએ કે જેઓ મુદ્દલે ઔલિયાના મુન્કિર તથા દુશ્મન છે પણ તેમણે બદ્‌કારીના માટે પીરી મુરીદીની જાળ બીછાવી રાખી છે. હોશિયાર ! ખબરદાર ! સાવધાન ! સાવધાન !

**ત્રીજી શરત : આલિમ હોય** : (એટલો કે પોતાને જરૂરી મસાઈલ કોઈની મદદ વિના કિતાબોમાંથી શોધી શકે.) હુઝૂર મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા قدس سرہ ફર્માવે છે કે, ''હું કહું છું કે ફિકહનો ઈલ્મ (દીની ઈલ્મ) તેની પોતાની જરૂરત મુજબનો પૂરતો તથા જરૂરી છે કે અહલે સુન્નતના અકીદાઓથી પૂર્ણપણે વાકેફ હોય, કુફ્ર તથા ઈસ્લામ, ગુમરાહી તથા હિદાયતના તફાવતનો ખૂબ જ માહિર હોય, નહીં તો આજે નહીં તો કાલે બદ્‌મઝહબ થઈ જશે. એટલા માટે કે જે બુરાઈને જ નહીં જાણે તો એક દિવસ જરૂર તેનો શિકાર થઈ જશે. સેંકડો વાતો તથા વર્તનો છે જેનાથી કુફ્ર લા'ઝિમ આવે છે અને જાહિલ જેહાલતના લીધે એમાં સપડાઈ જશે. પ્રથમ તેને ખબર જ થશે નહીં કે તેનાથી આ વાણી અથવા આ વર્તનથી

કુફ્ર થઈ ગયું ! અને જાણ થયા વિના તૌબા શક્ય નથી જેથી તેમાં પડયો રહેશે. અને જો કોઈ ખબર આપે તો એક સદ્‌બુદ્ધિવાળો જાહિલ તો ડરી જાય અને તૌબા પણ કરી લે પણ તે જે શૈખપણાની સજ્જાદાનશીનીની ગાદીનો વારસ હોય, ગાદી પર હાદી તથા મુર્શિદ બનીને બેઠો હોય તેની મહાનતા ખૂદના દિલમાં જે ભરાયેલી હોય તે એને કેમ કરીને એ વાત કબૂલ કરવા દે કે તે તૌબા કરે ?! અને જો એવા જ હક્ક પરસ્ત થયા અને માન્યુ તો કેટલું કે પોતે તૌબા કરી લેશે. પણ વાણી તથા વર્તન થકી (કુફ્ર થવાથી) જે બયઅત તૂટી ગઈ તો હવે કોના હાથ પર બયઅત કરે ?! અને શજરો તે નવાના નામથી આપે, ભલે પ્રથમ શયખનો તે ખલીફા હોય. આવું તેમનો નફ્સ કેવી રીતે માન્ય કરે ! ન એના પર રાજી થશે કે આજથી સિલસિલો બંધ કરી દઈએ, મુરીદ કરવાનું છોડી દઈએ. અને એ જ સિલસિલો કે જે તૂટી ચૂક્યો તેને ચાલુ રાખશે. જેથી અકીદાઓનો આલિમ હોવું અનિવાર્ય છે.

એનાં દષ્ટાંત આ દૌરમાં તો ઘણા છે, એક દષ્ટાંત જોઈ લો :–

*[હાલમાં જ એક શહેરમાં મશ્હૂર ખાનકાહ તરફથી સજ્જાદાની સદારતમાં સમુહ લગ્નના એક પ્રોગ્રામમાં એક હિંદુ ધર્મગુરૂને બોલાવી તેનું સન્માન કરવામાં આવ્યું અને તેમણે શાદી કરનારાં જોડાંઓને આશિવાર્દ આપ્યા. અને મજમામાંથી કોઈકે તેમના ભગવાનની જયનો ના'રો માર્યો ! જે સમાચારો ફોટા સાથે વર્તમાન પત્રોમાં છપાયા. અને તેનો રિપોર્ટ એક માસિકમાં આપવામાં આવ્યો તેમાં તે આંગતુકના નામ આગળ પ.પૂ. (એટલે કે પરમ પૂજ્ય) લખીને એક કાફિરના આર્શિવાદ મેળવવા બદલ ગર્વ લેવામાં આવ્યો. ''પૂજ્ય'' એટલે પૂજાને લાયક, ઈબાદતને લાયક, જ્યારે કે અલ્લાહ સિવાય કોઈ પૂજાને લાયક નથી એ ઈમાનનો ઈસ્લામનો પાયો છે.*

*તો આવું કરનારાઓ માટે બરેલી શરીફથી શરીઅતનો હુકમ પૂછાવ્યો તો હાજરજનો તથા રિપોર્ટર તથા તે મંથલીના પ્રકાશક માટે હુકમ આપ્યો કે, ''તૌબા કરે, કલ્મો પઢે અને નિકાહ દોહરાવે.'' એ હુકમ તેમના પર રવાના કર્યો પણ હજી તૌબાનામુ તેમના તરફથી બહાર પડયું નથી ! વળી આ જ કહેવાતી હસ્તીએ એક સાધ્વીના હાથમાં હાથ આપી કૌમી એકતાની ચેઈન બનાવી પોતાના ફાસિક હોવાનું એલાન કર્યું હતું છતાં અંધશ્રધ્ધામાં રાચતી કૌમ આવા પીરોની પાછળ પડેલી છે !*

*આ છે કહેવાતા જાહિલ પીરોની હાલત ! કે ઈમાન શું છે તે જ નથી સમજતા ! ગૈર કોમો સાથે શરીઅતના વર્તુળમાં રહી સુમેળપૂર્વક રહેવાની કોણ ના પાડે છે ? પણ એક્તાના નશામાં ઈસ્લામના વર્તુળમાંથી નીકળી જઈ તેમનામાં ભળી જવાની ઈસ્લામ ક્યાંથી છૂટ આપશે ? ક્યાં બુદ્ધિ જતી રહી છે આવા સુલેહકુલ્લી પીરો તથા મુરીદોની ? એક સમય હતો જ્યારે કાફિર ખાનકાહ પર આવતો તો ઈમાનવાળો બનીને જતો હતો ! આજે આવનારો ગૈર સૌનાં ઈમાન લઈને જતો રહે છે ! શું જરૂરત છે આવાં નાટકોની ?! હે મુસલમાન ! સાંભળ !*

***તેરે દામનમેં હૈ કિસ લાલો જવાહિર કી કમી !***
***તૂ કિસી ગૈર કે દામન કી તરફ ક્યૂં દેખે ?!***

*અસલ રાઝ કામયાબીનું આ છે કે :–*

***કુદરતેં ફિર સાથ હોં, ફિર ફિતરતેં આઝાદ હોં***
***બાત બસ ઈત્ની સી હૈ મોં'મિન તો બન જાએ કોઈ ?!***

*માટે હે સુન્નીઓ ! સાવધાન થઈ જાવ ! આવા પીરની પાછળ રહેશો તો ઈમાનથી પણ હાથ ધોઈ બેસશો અને ઈમાન ગયું તો હમેશાંની જહન્નમ તમારા સ્વાગત માટે તૈયાર છે તે ન ભૂલશો ! મીઠી વાણી તથા મીઠી વાતો એક બાજુ રાખો ! પ્રથમ શરીઅતનો દામન ચુસ્તતાથી પકડો !] –પ્રકાશક*

ઉપરોક્ત લખાણોનો ખુલાસો એ કે પીર થવાની જે એક શરત આલિમ હોવું છે એનો મતલબ એ છે કે જરૂરી મસાઈલનો જાણકાર હોય અને અહલે સુન્નતના અકીદાથી સંપૂર્ણપણે વાકેફ હોય, એટલા માટે કે તે જો અહલે સુન્નતના અકીદાથી વાકેફ નહીં હોય તો કુફ્ર તથા ઈસ્લામ અને ગુમરાહી તથા હિદાયતમાં તફાવત કરી શકશે નહીં અને જેહાલતના કારણે ક્યારેક જીભ પર એવા શબ્દો લઈ આવશે અને કોઈ એવી હરકત

કરી બેસશે જેનાથી કુફ્ર લાગુ થતુ હોય. વળી તેને ઈલ્મ જ નથી કે આવું બોલવું અથવા કરવું કુફ્ર છે જેથી તૌબા પણ કઈ રીતે કરશે ?! અને જ્યારે તૌબા નહીં કરે તો ઈસ્લામમાં કઈ રીતે દાખલ થશે ?! અને જો કોઈ તેને બતાવે કે આ કુફ્ર છે તો એક સીધો સાદો મુસલમાન તો ડરી જાય અને તૌબા પણ કરી લે પણ તે માણસ જેની પાસે અકીદતમંદ મુરીદોની ભીડ હોય તેનાથી કઈ રીતે એ શક્ય છે કે હક્કને સ્વીકારીને તૌબા કરી લે ! અને જો તે માણસ હક્ક પરસ્ત સાબિત થાય અને હક્ક વાત કબૂલ પણ કરી લે તો કેટલું ? એટલું કે ખૂદ તૌબા કરી લીધી, પણ કુફ્રના કારણે જ બયઅત તૂટી હવે તેની તજદીદ (નવેસર બયઅત) કરે, એટલે કે કોઈ અન્ય પીરથી નવી બયઅત કરે અને શજરો પણ એ નવા પીરના નામથી ચાલુ કરે ભલે તે આગલા પીરનો ખલીફા જ હોય. આ વાત મુરીદો તથા અકીદતમંદોની ભીડ રાખનાર શખ્સ કઈ રીતે સ્વીકારે ! અને આ પીર સાહબ એ વાત પર પણ રાજી થશે નહીં કે હવે મુરીદ કરવાનું જ છોડી આપે ! યકીનન ! એ જ તૂટેલો સિલસિલો ચાલુ રાખશે.

એટલા માટે જરૂરી છે કે એવા પીરના હાથમાં હાથ આપે કે જે જરૂરી મસાઈલ તથા તમામ અકાઈદે અહલે સુન્નતથી વાકેફ હોય.

**ચોથી શરત : ફાસિકે મુઅલિન (એટલે જાહેરમાં ઉઘાડા છોગે ગુનાહ કરનાર) ન હોય.** એની સ્પષ્ટતા કરતાં હુઝૂર ઈમામ અહમદ રઝા قدس سرہ ફર્માવે છે : આ શરત ઉપર હુઝૂર સુધી પહોંચનો આધાર નથી કેમ કે એકલુ ફિસ્ક ક્રમ કટ થવાનો સબબ નથી.

પણ પીરની તા'ઝીમ લાઝમી છે અને ફાસિકની તૌહીન વાજિબ છે અને બંનેનું સંગમ બાતિલ (અસંભવ) છે. એનો અર્થ એ છે કે જો પીર ફાસિક હોય (જાહેરમાં ગુનાહ કરનાર) તો પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી સિલસિલો પહોંચી જવો શક્ય છે એટલા માટે કે કેવળ ફિસ્કથી સિલસિલો ખત્મ નથી થતો, પણ કેમ કે શરીઅતમાં પીરની ઈજ્જત તથા તા'ઝીમ જરૂરી છે અને ફાસિકની તૌહીન થવી તથા તા'ઝીમ ન થવી જરૂરી છે અને તા'ઝીમ તથા તૌહીન બંને વિરોધાભાસી ચીજો છે જેમનું સંગમ થવું અસંભવ છે એટલા માટે ફાસિકને પીર બનાવવો જાઈઝ નથી.

**હઝરત બાબ ફરીદુદ્દીનગંજ શકર ચિશ્તી** قدس سرہ પીરના માટે આલિમ હોવું લાઝિમ ઠરાવે છે અને ફર્માવે છે કે, "જાહિલ પીર શૈતાનનો મસ્ખરો (ઠઠ્ઠાબાઝ) છે." *(રૂહે તસવ્વુફ)*

**હઝરત મુજદ્દિદ અલ્ફેષાની** علیہ الرحمۃ والرضوان ફર્માવે છે, "જેણે જઝ્બ તથા સુલૂકની સાથે પોતાનું કામ પૂર્ણ નથી કર્યું અને પીરની ગાદી પર બેસી ગયો તેની સોહબત તાલિબના માટે કાતિલ ઝહેર છે અને તેના પ્રતિ રુજૂઅ કરવું ખતરનાક બીમારી છે. આવા પીરની સોહબત તાલિબની ઉચ્ચ લાયકાતને પસ્તીમાં લઈ જાય છે અને ઉચ્ચતા પરથી નીચે પાડી દે છે." *(મકતૂબ નં. ૬૨)*

**પ્રિય વાંચકો !** ઉપરોક્ત લખાણ પરથી સાચા તથા જૂઠા પીરને પારખવાનું એક માપદંડ મળી ગયું. જે આ માપદંડ પર સહીહ ઉતરે તેને જ તમારો પીરો મુર્શિદ તથા રહનુમા બનાવવો જોઈએ અને એવા કામિલ પીરની ખૂબ ઈજ્જત તથા તા'ઝીમ કરવી જોઈએ જેથી સહીહ તૌર પર પીરનો ફયૂઝ હાંસલ થઈ શકે. અને તસવ્વુફની કિતાબોમાં જે પીરની અઝમત તથા ખિદમતનું વર્ણન છે તેનો અર્થ એ જ પીર જે ઉપરોક્ત શરતોવાળો હોય. જો આવો સર્વ શરતોવાળો પીર મળી જાય તો જિંદગી તેની ખિદમતમાં ગુજારી દેવી જોઈએ, નહીં તો (જે ઉપરોક્ત સર્વ શરતોવાળો નથી છતાં પીર બન્યો છે તો) મક્કાર, ધોકાબાઝ તથા દજ્જાલ સિફત પીરોથી તો દૂર રહેવામાં જ દુનિયા તથા આખેરતની ભલાઈ છે. અલ્લાહ તઆલા સાચી સમજ અતા કરે. *(આમીન)*

બીજી જરૂરી વાત એ હતી કે શું કોઈ ખુદાના ખાસ બંદાના મુરીદ થવું જરૂરી છે ? જો જરૂરી નથી તો સૂફીઓના આ કથનનો શો જવાબ છે કે, "જેનો કોઈ પીર નથી તેનો પીર શૈતાન છે."

તો આ વાતની સંપૂર્ણ સ્પષ્ટતા માટે હું તમારી સમક્ષ ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ઈમામ

અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી قدس سرہ ની કિતાબ "નિકાઉસ્સલાફા"માંથી લખાણ રજુ કરું છું.

હઝરત ઈમામ અહમદ રઝા લખે છે કે, "શયખ એટલે મુર્શિદ તથા રાહનુમા તથા રાહે ખુદાનો હાદી (હિદાયત કરનાર) બે પ્રકારનો છે : આમ (સામાન્ય) તથા ખાસ.

**આમ હાદી (હિદાયત કરનાર):** કલામુલ્લાહ (કુર્આન) તથા રસૂલનું કલામ (હદીષ) તથા શરીઅત તથા તરીકતના ઈમામોનું કલામ (વાણી) તથા જાહેર તેમજ બાતિનના ઈલ્મોના જાણકાર ઉલમા. એ સહીહ સિલસિલા (ક્રમ) પર કે અવામ (પબ્લિક)નો હિદાયત કરનાર (હાદી) આલિમોનાં કથનો, આલિમોના રહનુમા ઈમામોનાં કથનો, ઈમામોનો મુર્શિદ (રાહબર) રસૂલની વાણી, રસૂલનો રહબર કલામુલ્લાહ.

**ખાસ હાદી (હિદાયત કરનાર) :** ખાસ એ કે ઝૈદ કોઈ ખાસ બંદાએ ખુદા, હિદાયત પામેલ હાદી, પેશ્વાઈ તથા હિદાયત કરવાને કાબેલ, પીર થવાની સર્વ શરતોને આધિન એવા પીરના હાથ પર મુરીદ બને (બયઅત કરે) અને પોતાની વાણી તથા વર્તન અને પ્રવૃત્તિઓ તથા અન્ય અવસ્થાઓમાં તેની શરીઅત તથા તરીકત મુજબની હિદાયતનો પાબંદ હોય.

શયખ તથા મુર્શિદ (પીર) પ્રથમ અર્થમાં (આમ હાદી) દરેક શખ્સને માટે હોવો અનિવાર્ય છે અને એવો પીર વિહોણો તદન ઈસ્લામની રાહથી દૂર છે. અને આગળ ફર્માવે છે કે **સુન્ની સહીહુલ્ અકીદા કે જે ઈમામોને માને છે, ઈમામોની તકલીદને જરૂરી જાણે છે, ઔલિયાએ કિરામનો સાચો અકીદતમંદ છે અને તમામ અકીદાઓમાં હક્ક રાહ પર અડગ છે તે હરગિઝ બેપીર (પીર વિનાનો) નથી.** તે ચારેવ પાક મુર્શિદો એટલે ખુદાના કલામ (કુર્આન), કલામે રસૂલ (હદીષ), ઈમામો તથા જાહેર તથા બાતિનના આલિમો તેના પીર છે. બલ્કે જો આ પ્રમાણે છે તો અન્ય લાખો અહલે સુન્નત મુસલમાનોની જેમ તેનો હાથ શરીઅતે પાકના હાથમાં છે ભલે જાહેરી રીતે કોઈ ખાસ ખુદાના બંદાના હાથ પર બયઅત (મુરીદ) ન થયો હોય.

પ્રિય વાંચકો ! ઉપરોક્ત લખાણથી એ વાત ચમકતા સૂર્ય માફક રોશન થઈ ગઈ કે સૂફીઓનું કથન કે, "જેનો કોઈ પીર નથી તેનો પીર શૈતાન" એનો મતલબ ક્યો પીર છે ? **જે માણસ ખુદાના કલામ તથા રસૂલના કલામ તેમજ ઈમામો તથા ઉલમાને માનતો હોય તો તે (તેના પીરના સ્થાને છે) તે ઈન્સાન બેપીર નથી, ભલે જાહેરી રીતે કોઈ ખાસ બંદાએ ખુદાનો મુરીદ ન હોય.**

હા ! સર્વ શરતોના પાબંદ પીરના મુરીદ થવું અને તેનાથી ફયૂઝ હાંસલ કરવો યકીનન એક સારું કામ છે.

અંતમાં તમામ મુસલમાનોને વિનંતિ છે કે **આ લખાણને વારંવાર વાંચો અને તેના પ્રકાશમાં ખરા ખોટા પીરની ઓળખ ખૂદ કરી લો ! કોઈના મોટા ઘરાના કે લોકોની ભીડભાડ અને પછડાક્યાં મારીને ના'રા મારનારાઓના દેખાવોથી તેમજ લાલચુ દુનિયા પરસ્ત મોલ્વીઓના સ્ટેજ પર ઉભા રહી પીર તરફ આંગળી ચીંધી ચીંધીને વખાણો કરી દેવાથી કે લકબોના એલાનો કરી દેવાથી ભરમાશો નહીં !**

**ખબરદાર ! અંધશ્રધ્ધાથી નહીં પણ શરીઅતમાં શ્રધ્ધા રાખીને શરીઅતના ત્રાજવે જ જેને પીર સમજો તેને તોલી જુઓ ! અગર ઉપરોક્ત ચાર શરતોમાંથી કોઈ એક પણ તૂટતી કે છૂટતી જણાય તો તે ગમે તે હોય શકે છે પીર નથી થઈ શક્તો ! વલી નથી થઈ શક્તો !** એ વાતની ગાંઠ વાળી લેશો, અને એવા ફાસિક કે જાહિલના હાથમાં હાથ આપશો નહીં, નહીં તો તમે નાઈન્સાફી કરી ગણાશે. માટે ખુદાએ સદ્‌બુદ્ધિ આપી, શરીઅત તમારા સામે રાખી તો તેનાથી જ કામ લો. ખુદા પાક તેના રસૂલે પાકના સદકામાં સૌને સાચી સમજ આપે. (આમીન)

**નોંધ : "સાચા પીરની ઓળખ"** માટે વધુ માહિતી જાણવા માગતા હોય તેમણે **"સૂફીપણાની વાસ્તવિક્તા"** કિતાબ **દયાદરાના** સરનામેથી (મફત) મંગાવવી. *(સંપૂર્ણ)*

# યુનો (સંયુક્ત રાષ્ટ્રસંઘ)ની સ્થાપ્નાનો હેતુ

(કાર્યાલય)

૬ એપ્રિલ ૧૯૪૫ ની સવાર જાપાનના શહેર હીરોશીમાવાસીઓ માટે મુસીબતો તથા દર્દો સાથે લઈને બહાર આવી. ૮ વાગીને ૧૫ મિનિટ થવા આવી હતી, પોતાની રોજનીશી પ્રમાણે તે દિવસે પણ હીરોશીમાવાસીઓ ચૈન તથા સુકૂનની સાથે ઊંઘમાંથી જાગીને કેટલાક દિવસનાં કામોની તૈયારી કરી રહ્યા હતા તો કેટલાક નાશ્તાના મેજ પર બેસીને હસી ખુશી વાતોમાં વ્યસ્ત હતા, સ્ત્રીઓ ઘરગથ્થુ કામકાજમાં વ્યસ્ત હતી તો પુરૂષો બાહ્ય જરૂરતોના માટે નીકળવાવાળા જ હતા. બાળકો નાશ્તાથી પરવાર્યા બાદ સ્કૂલ માટે તૈયાર જ થઈ રહ્યાં હતાં એવામાં અચાનક કયામત છવાઈ ગઈ ! વસંતો પાનખરોમાં ફેરવાઈ ગઈ, ખુશી મજાકમાં અટ્ટહાસ્યો આહો તથા ચીખોના દર્દમય શોરોમાં ફેરવાઈ ગયાં, લહેરાતી હરિયાળીઓ ખામોશ રણ પ્રદેશમાં ફેરવાઈ ગઈ, મયકદાઓ માતમકદાઓ બની ગયાં, અમેરિકાએ જુલ્મનો એક નવો ઈતિહાસ સ્થાપિત કરતાં વિ□નો પ્રથમ એટમી હુમ્લો કરી આપ્યો હતો. પળવારમાં લગભગ ૧,૬૦,૦૦૦ (એક લાખ સાઈઠ હજાર) નિર્દોષ લોકો મૃત્યુના ખોળે ચાલ્યા ગયા ! અચાનક ઉપસ્થિત થનારા તોફાનથી ઉઠનારી ધૂળ હજી શમી ન હતી, છવાઈ જનાર અંધકારની કાળાશ હજી ખત્મ પણ થઈ ન હતો, તબાહ થનારાઓના સ્વજનોની આંખોએથી વહેનારો પ્રવાહ હજી થમ્યો પણ ન હતો, આખુ જગત આશ્ચર્યનો તમાશો બનીને પોતાની આંખો હજી ચોળી રહ્યું હતું એવામાં ત્રણ દિવસના ટૂંકા ગાળા પછી જાપાનનુ એક અન્ય શહેર આ આફતથી ભેટયું અને આ વખતે આ તબાહકુન બર્બાદીને નાગાસાકીના શહેરજનોએ વેઠી. ૯ ઓગસ્ટ ઈ.સ. ૧૯૪૫ ના રોજ ૧૧ વાગીને બે મિનિટે વિ□નો બીજો એટમ બોમ્બ નાગાસાકી પર ફેંકવામાં આવ્યો. અહીંનું દશ્ય પણ હીરોશીમાથી કાંઈ અલગ ન હતું, ૭૫,૦૦૦ નિર્દોષ વ્યક્તિઓ મૌતનો કોળિયો બની ગઈ !

આ બીજા વિ□યુધ્ધની આછેરી ઝલક છે ! અડધી સદીમાં બે મહાન જંગોએ આખા વિ□ને કંગાળ બનાવી નાખ્યું. પૂરી ઈન્સાનિયત તબાહી તથા બર્બાદીના દ્વારે પહોંચી ગઈ. દુનિયાથી આર્થિક વ્યવસ્થા વેરવિખર થઈને રહી ગઈ. લાખો બલ્કે કરોડો વ્યક્તિઓ બે વિ□યુધ્ધોની આગમાં શેકાઈને રહી ગઈ.

આગનાં આ બે તોફાનોએ બુદ્ધિજીવીઓને એ સોચવા પર મજબૂર કરી આપ્યા કે એક એવી કમિટી રચવામાં આવે જેના થકી વિ□ યુધ્ધો આપસમાં ચર્ચાઓ થકી સુલઝાવવામાં આવે. આપસના મતભેદો જંગના મેદાનમાં નહીં બલ્કે વાતાઘાતની મેજ પર બેસીને ઈત્મિનાન તથા સુકૂનની સાથે દૂર કરી લેવામાં આવે. રાજનૈતિક સમસ્યાઓને ઉગ્રતાના માર્ગે નહીં પણ સુલેહ તથા સલામતીની સાથે હલ કરી લેવામાં આવે.

આ બેક ગ્રાઉન્ડ હેઠળ "યુનો"ની સ્થાપ્ના થઈ. યુનોની સ્થાપ્નાના પાયના હેતુઓ સામાજિક, કૌમી, ધાર્મિક, જાતિ તથા વ્યક્તિ સ્વતંત્રતા, લોકશાહીને ઉત્તેજન, સામ્રાજિયતને દૂર કરવું, સામ્યાવાદને દૂર કરી સમાજવાદ સ્થાપવો વગેરે છે. પરંતુ વર્તમાન પ્રસંગો તથા બનાવોની મડાગાંઠો અને વિ□ના બનાવો પર દષ્ટિ ફેંકવામાં આવે તો તેની સ્થાપ્નાનો હેતુ ઉપરોક્ત હેતુઓથી તદ્દન વિરૂધ્ધ જોવા મળે છે ! અને એ વાત ઉભરાઈને સ્પષ્ટપણે સામે આવી જાય છે કે ૨૪ ઓક્ટોબર ૧૯૪૫ ના

રોજ **યુનોની સ્થાપ્ના અમેરિકા, બ્રિટન તથા અન્ય વિકસીત દેશોના લાભોની રક્ષા તથા સલામતીના માટે, તેમની ચડતી તથા બઢતીના માટે થઈ હતી,** કેમ કે તેના ઈતિહાસ પર નજર દોડાવવામાં આવે તો તેના ફૈંસલાઓથી પક્ષપાત ઉઘાડો થઈને સામે આવી જાય છે.

તેની ઉઘાડી સાબિતી ઈરાક પરથી પાબંદી હટાવવા સંબંધે યુનોનો હાલનો નિર્ણય છે. ૧૩ વરસોથી આર્થિક પાબંદીઓથી બદ્હાલ ઈરાક ગરીબ તથા મુફલિસીના ઘા વેઠી રહેલી ઈરાકી પ્રજાને આર્થિક પાબંદીઓથી છૂટકારો છેવટે મળી જ ગયો. વર્તમાન સંજોગોમાં આ ફૈંસલો શું પ્રશંસાને પાત્ર કદમ છે ? શું આ કસમયના નિર્ણયની હિમાયત કરવી જોઈએ ? મારા આ પ્રશ્નથી ઘણા લોકો એ પરિણામ તારવી શકે છે કે હું ઈરાકી પ્રજા પર લાગુ પાડેલ પાબંદીઓનો હામી છું, હું ઈરાકીઓના હક્કમાં થનાર આ ભલાઈનો સખ્ત વિરોધી છું.

તો જી હા ! હું યુનોના આ મહત્વના ફૈંસલાનો સખ્ત વિરોધી છું અને વિ□નો દરેક શાંતિપ્રિય તથા ન્યાયપ્રિય શખ્સ તેના આ કસમયના ફૈંસલાનો સખ્ત વિરોધી હશે. કેમ કે આ નિર્ણય પણ અમેરિકા અને તેના અન્ય વિકાસીત યુતી દેશોના લાભ ખાતર કરવામાં આવ્યો છે ! શું ઈ.સ. ૧૯૯૧ થી આજ સુધી ઈરાકી પ્રજા કફોડી હાલતમાં ન જીવી રહી હતી ? લાખો ઈરાકી બાળકોએ ખોરાકની કમીના કારણે ઘૂંટાઈ ઘૂંટાઈને દમ નથી તોડયો ? ઈરાકી બાળકો, વૃદ્ધો તથા સ્ત્રીઓએ ફાફકશીના બદ્તરીન દિવસો નથી પસાર કર્યા ? **UNO** ની પાબંદીના કારણે જ પ્રથમ અખાતી યુધ્ધની ઝેરીલી અસરોના કારણે વિવિધ પ્રકારની બીમારીઓમાં સપડાયેલા લાખો ઈરાકીઓની પેઢીઓ દવાઓની કમીના કારણે અપંગ તથા બર્બાદ થઈ ગઈ. શું આ સર્વ હકીકતો ઢાંકી છુપી હતી ? **એ સમયે યુનોની આંખો આંધળી થઈ ચૂકી હતી ?** વિ□ની વિવિધ સંસ્થાઓ થકી ઈરાકીઓ તથા બાળકોનાં મૃત્યુના આંકડાઓ વિવિધ રીતે કરવામાં આવેલ સર્વેક્ષણો, સવિસ્તાર તથા સંક્ષિપ્ત રીતે તેના રિપોર્ટો દિન પ્રતિ દિન લોકો સમક્ષ આવતા રહ્યા, શું આ સર્વ હકીકતો યુનો તથા તેના સભ્યોના સભ્યોથી છુપી હતી ?

કાંઈ પણ નહીં ! જાણી બુઝીને યુનો તથા તેના સભ્યો આંખ આડા કાન કરતા રહ્યા, કેમ કે તે વખતે ઈરાકના તેલ ભંડારોથી તેમને કોઈ ફાયદો હાંસલ ન હતો અને હવે જ્યારે ઈરાક પર અમેરિકા તથા તેના યુતી દળોનો સંપૂણે કબ્જો થઈ ગયો છે અને તેમના લાભના માર્ગો ઉઘડી ચૂક્યા છે તો આ પાબંદી તેમના માર્ગ આડે કાંટાળી વાડની જેમ આડરૂપ હતી જેથી તેને દૂર કરવું એકદમ જરૂરી સમજવામાં આવ્યું અને દુનિયાવાળાઓને ખાસ કરીને ઈરાકીઓને એ રીતે પ્રભાવિત કરવાનું હતું કે અમે તમને ગરીબી તથા મુફલિસીની બલાઓથી મુક્તિ અપાવી રહ્યા છીએ, તમારી મુશ્કેલીઓને ખત્મ કરી રહ્યા છીએ, તમને ભલાઈ તથા રાહતના માર્ગોથી મિલાવવા માટે આ પાબંદી હટાવી રહ્યા છીએ.

જ્યારે હકીક્ત તેના તદ્દનથી વિપરીત છે ! આ પાબંદીઓ ઉઠાવવા પાછળ ઈરાકની પ્રગતિ કે ઈરાકીઓની ભલાઈ સાથે દૂરનો પણ સંબંધ નથી. આ પાબંદીઓ કેવળ અને કેવળ અમેરિકી તથા પશ્ચિમી લાભો ખાતર જ ઉઠાવવામાં આવી છે.

આ વાતો તો પાબંદી ખત્મ કરવા સંબંધે હતી પરંતુ જરા ભૂતકાળ પ્રતિ દૃષ્ટિ ઘુમાવો અને પાબંદી લગાડવાના સબબો તથા કારણોનો પણ સંક્ષિપ્તમાં અભ્યાસ કરતા ચાલો.

"કુવૈત પર ઈરાકી હુમ્લો અને તેના પર કબ્જો તેમજ યુનો થકી કરવામાં આવેલ અલ્ટિમેટમને ધ્યાનમાં ન લેવું" આ પાબંદીના પાયાના સબબો તથા કારણો છે. અહીં પણ યુનોએ પોતાના પક્ષપાતી વલણને પ્રદર્શિત કર્યું છે. ઈરાકે કુવૈત પર જ્યારે હુમ્લો કર્યો અને પછી કબજો કર્યો તો તેને જુલ્મી કાર્યવાહી ગણવામાં આવી અને સભ્ય દુનિયાની સલામતી માટે આ હુમ્લાને એક જબરદસ્ત ખતરો

સમજવામાં આવ્યો. અને વિ□શાંતિની મજબૂતીને લક્ષમાં રાખીને એ આર્થિક પાબંદીઓને લાગુ પાડવી અનિવાર્ય સમજવામાં આવી. પરંતુ આ બનાવના થોડાક મહીનાઓ પહેલાં ઈરાક અને ઈરાન લગભગ આઠ વરસો સુધી આપસમાં લડતાં રહ્યાં તો યુનો ખામોશ કેમ બેઠુ રહ્યું ? આ દરમ્યાન લગભગ ૨૦ લાખ પબ્લિકનું નાહક લોહી રેડાયું. આ ખૂનરેઝીને રોકવાના માટે યુનોનો સભ્ય સમાજ ક્યાં ગુમ હતો ? થોડાક હજી આગળ આવો ! અરબ તથા ઈઝરાઈલની ઈ.સ. ૧૯૬૭ ની લડાઈને જુઓ. **જ્યારે ઈઝરાઈલે જોલાનની પહાડઓ તથા પેલેસ્ટાઈનના ઈલાકાઓ સહીત અન્ય વિવિધ અરબ ઈલાકાઓ પર જબરદસ્તી કબજો કર્યો ત્યારે યુનોએ ઈઝરાઈલની આ ઉઘાડી જબરદસ્તી તથા સરકારી આતંકવાદી પ્રવૃત્તિને લગામ આપવાના માટે તેમના પર પાબંદી કેમ ન લાગુ પાડી ? જો અમુક ઠરાવો પસાર પણ થયા તો અમેરિકાના વિટોને ભેટ ચઢી ગઈ ! શું યુનોનું અસ્તિત્વ તે વખતે ન હતું ?!**

એ જ પ્રમાણે આતંકવાદના મસ્અલા પર એક ઉડતી નજર દોડાવતા ચાલીએ. જ્યારે ત્રીજી દુનિયા અને પ્રગતિશીલ દેશો આતંકવાદના શિકાર બને છે તો તેમને વિકસીત દેશો થકી સબ્ર તથા સંયમનો પાઠ ભણાવવામાં આવે છે. પરંતુ એ જ પ્રસંગ જ્યારે અમેરિકા અથવા તેના અન્ય વિકસીત પશ્ચિમી સાથી દેશોની સાથે થાય છે તો એક તોફાન ઉભુ થઈ જાય છે ! **તેનાથી બદલો લેવા માટે કેવળ શંકાના આધારે તેને પૃથ્વીના પટ પરથી ના'બૂદ કરવાના મજબૂત સંકલ્પની સાથે પૂરા સાઝો સામાનની સાથે શસ્ત્રસજ્જ થઈને ચઢાઈ કરી દેવામાં આવે છે, અને "યુનો" ઠરાવને મંજૂર કરીને ખુલે આમ આતંકવાદી પ્રવૃત્તિ કરવાની પરવાનગી પૂરી પાડી દે છે.**

૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ પછીનો પ્રસંગ કોઈને દેખાડવાની જરૂરત નથી જ્યારે યુનો (સંયુક્ત રાષ્ટ્ર સંઘ)ની બેવડી નીતિના સબબે દુનિયાનો સૌથી મેહફૂઝ અને અમ્નો સલામતિવાળો દેશ અફઘાનિસ્તાન લૂંટાઈ ગયો. પરંતુ આ બનાવના થોડાક દિવસો પછી જ્યારે ૧૩ ડિસેમ્બરનો દિવસ આવ્યો. દુનિયાનો બીજો સૌથી અધિક વસ્તીવાળા દેશ હિંદના શાંતિપ્રિય નાગરિકોની સલામતીને ચેલેન્જ કરવામાં આવી અને હિંદુસ્તાનની ગવર્નમેન્ટે એ ચેલેન્જને સ્વીકારવાનો નિર્ણય લીધો તો યુનોનો નાદાન તથા ત્રાસવાદી શિક્ષક સબ્ર તથા સંયમનો પાઠ શીખવાડવા લાગ્યો ! તેને આ મામલા સાથે શાંતિપૂર્ણ રીતે વર્તી લેવાની અપીલો કરવા લાગ્યો. **શું યુનોની દષ્ટિએ વર્લ્ડ ટ્રેડ સેન્ટરના કાટમાળ નીચે દમ તોડનારાઓની જાનો જ કિંમત હતી ?! હિંદુસ્તાની પાર્લામેન્ટની અંદર ગોળી ખાઈને ખાઈને મરનારાઓની જાનોની કોઈ કિંમત ન હતી ? શું ન્યૂયોર્ક અને પેન્ટાગોનના હુમ્લાઓમાં માર્યા જનારાઓની રૂહો ખૂબ જ કિંમતી હતી ?! હિંદુસ્તાની પાર્લામેન્ટમાં માર્યા જનારાઓની લાશોની કોઈ કદરો કિંમત ન હતી ?** એ જ હાલ સ્વહક્કોના રક્ષણ (Self determination)ના સંબંધે યુનોના ફેંસલાનો છે. લગભગ ૩૬ વરસોથી ઈઝરાઈલના નાજાઈઝ કબ્જાના વિરોધમાં જદ્દો જેહદ કરી રહેલા પલેસ્ટાઈનીઓના સ્વહક્કોના રક્ષણની લડાઈને **આતંકવાદ** ગણાવે છે ! તો બીજી બાજુ ઈન્ડોનેશિયાના એક નાના સરખા હિસ્સા પર અમુક માથા ફરેલ ત્રાસવાદીઓના વિદ્રોહ અને તેમની અલગતાવાદી ચળવળને આઝાદી માટેની ચળવળમાં ખપાવીને તેને આઝાદ કરાવી આપ્યું.

ઈન્ડોનેશિયા અને તયમૂર, પેલેસ્ટાઈન તથા ઈસ્રાઈલની ખેંચતાણ વિવિધ પ્રકારની છે પરંતુ સંજોગો કાંઈક સમાન છે. એક તરફ પેલેસ્ટાઈની પોતાના તે હક્કને માટે લડી રહ્યા છે જે હક્કને ઈ.સ. ૧૯૬૭ ની છ દિવસની જંગમાં છીનવી લેવામાં આવ્યો હતો. તેમને તેમનાં ઘરોએથી બળપૂર્વક કાઢી નાખીને શરણાર્થી જેવી જિંદગી ગુજારવા માટે

મજબૂર કરવામાં આવ્યા. આ જદ્દો જેહદ તો જાઈઝ છે. આ જદ્દો જેહદને સ્વહક્કોનું રક્ષણ ગણવી જોઈએ કેમ કે દરેક વ્યક્તિને તેનો હક્ક મળવો જોઈએ. તેમજ પોતાના જાઈઝ હક્કોની માંગણી તથા પ્રાપ્તિનો હક્ક દરેક વ્યક્તિને હાંસલ છે. બીજી તરફ તયમૂરમાં અમુક ગણ્યા ગાંઠયા ગુંડાગીરીવાળી વૃત્તિવાળા તથા પૂર્વગ્રહ તથા સંકૂચિત માનસ ધરાવનારા લોકોએ ઈન્ડોનેશિયાથી અલગતા માટે માંગણી શરૂ કરી... પછી આ માંગણીએ શસ્ત્ર સજ્જ થઈ જદ્દો જેહદનું રૂપ અપનાવ્યું અને એ બાગીઓ અને ત્રાસવાદીઓને યુનો સહિત બ્રિટન, અમેરિકા તથા અન્ય વિકસીત યુતી દેશોનું પીઠબળ મળતુ રહ્યું તેમજ દરેક રીતે તેમને મદદ તથા સહાય તથા પ્રોત્સાહન આપવામાં આવ્યું જેથી ઈન્ડોનેશિયા ગવર્નમેન્ટ માટે એ વિરોધ વંટોળ માથાનો દુઃખાવો બની ગઈ. ત્યારે ઈન્ડોનેશિયાની ગવર્નમેન્ટે તેને બળપૂર્વક કચડવાનો નિર્ણય કર્યો તો યુનોએ ચેતવણી આપી કે, "આ માનવ અધિકારનો ભંગ છે કે કોઈના સ્વહક્કોના રક્ષણની માંગણીને બળપૂર્વક દબાવી આપે." અને જ્યારે ઈન્ડોનેશિયાએ એ વોર્નિંગને ગણકાર્યા વિના પોતાના નિર્ણયને અમલમાં મૂકવાની કોશિશ કરી તો તેના પર જાત જાતની આર્થિક તથા સામાજિક પાબંદીઓ લાગુ પાડવામાં આવી. પરિણામે એ ખુશહાલ દેશનું આર્થિકતંત્ર જોત જોતામાં ખખડી ગયું. પોતાની પ્રજાની ગરીબી તથા મુફલિસીને જોતાં લાચાર થઈને ઈન્ડોનેશિયા ગવર્નમેન્ટે પોતાની પોલીસી બદલવી પડી અને યુનોના ઠરાવ મુજબ અમલ કરીને તયમૂરને આઝાદ કરી દેવું પડયું.

**બીજી બાજુ ઈઝરાઈલ એક તો નાજાઈઝ કબજો કરી ચૂકેલ છે અને ઉપરથી દિન પ્રતિ દિન જુલ્મનું નગ્ન તાંડવ ખેલી રહ્યું છે અને છતાં યુનો એ રીતે ખામોશ બેઠું રહે છે જાણે તેને એ બનાવો સાથે કોઈ સંબંધ જ ન હોય! પરંતુ ઈઝરાઈલી જુલ્મોથી તંગ આવીને જ્યારે કોઈ પેલેસ્ટાઈની છેવટનું કદમ ઉઠાવે છે અને પરિણામે એક જોરદાર ધમાકો થાય છે તો યુનોનો સેક્રેટરી જનરલ તુરતજ પ્રેસ કોન્ફરન્સથી સંબોધન થાય છે કે આ આતંકવાદ છે ! અમાનવીય કૃત્ય છે. આ એક ભયંકર તથા બુરો જુર્મ છે.** શબ્દોના સર્વ તીરો આ બનાવની ટીકામાં વાપરી નાખવાની કોશિશ કરે છે. પછી આ બનાવના તુરંત બાદ જ થોડાક કલાકોમાં બુઝદિલ, જાલિમ અને પ્રપંચી ઈસ્રાઈલી ફોજ, ટેંક, હોલિકોપ્ટર અને બુલડોઝરોની સાથે નિરાધાર પેલેસ્ટાઈનીઓ પર હલ્લો મચાવે છે અને સરઆમ નિરાધાર યુવાનોની છાતીઓને ગોળી વડે ચારણી કરી નાખવામાં આવે છે. સ્કૂલે જતાં બાળકોને રોકીને સરે આમ ધોરી માર્ગે તેમના નરમ તથા નાઝુક સીનાઓને પોતાનો નિશાનો અજમાવે છે. સ્ત્રીઓને ઘરોએથી ખેંચીને તેમની આબરૂ રેઝી કરવામાં આવે છે ત્યારે યુનોના તમામ સભ્ય એવા ખામોશ તમાશો જોનાર બની જાય છે જાણે કે બહેરાં, આંધળા તથા ગુંગા બની ગયા હોય. જો તેમની જીભ ખૂલે પણ છે તો કેવળ ઈઝરાઈલની રક્ષા માટે અને એવું નિવેદન કરવામાં આવે છે કે, "આ ઈઝરાઈલનો હક્ક હતો, ઈઝરાઈલી હુમ્લો પેલેસ્ટાઈનીઓના થકી કરવામાં આવેલ ત્રાસવાદનો પ્રત્યાઘાત હતો. કેમ કે દરેક દેશને પોતાની રક્ષાનો અધિકાર છે."

એવું જોઈતું હતું કે પેલેસ્ટાઈનને તેના જાઈઝ હક્કો અપાવીને જુલ્મી રીતે તથા જબરદસ્તી પેલેસ્ટાઈનની ભૂમી પર કબ્જો જમાવનાર ઈઝરાઈલ પર દરેક પ્રકારની સખતથી સખત પાબંદીઓ લાગુ કરી દેવામાં આવત અને તેના હોદ્દેદારો પર આંતરરાષ્ટ્રિય કાનૂન હેઠળ કેસ ચલાવવામાં આવત તેમજ તેમને જંગી મુજરિમ ઠરાવીને જેલના સળીયાઓ પાછળ રાખી દેવામાં આવત. પરંતુ એવું કાંઈ પણ થતું નથી ! આ સર્વ વાતોથી યુનોની પોલીસી તથા તેની સ્થાપ્નાનો હેતુ ઉઘાડો થતો જઈ રહ્યો છે.

# કાનૂનના પ્રકાર

અઝ :
જનાબ "જિગર" નબીપુરી
[લંડન, યુ.કે.]

ઈસ્લામના પાંચ રુકન : કલેમા, નમાઝ, રોઝા, ઝકાત અને હજ્જ. આ પાંચ સિદ્ધાંત પર બરાબર અમલ કરવો એને શરીઅત કહેવામાં આવે છે.

શરીઅતના કાનૂનના બે પ્રકાર છે :–

**૧.** જે કામ કરવાની મનાઈ કરવામાં આવી ન હોય તે.

**૨.** જે કામ કરવાની મનાઈ કરવામાં આવી હોય તે.

શરીઅતે મનાઈ નથી કરી એવાં કામ ત્રણ પ્રકારનાં છે : **(૧)** ફર્ઝ **(૨)** વાજિબ **(૩)** સુન્નત

**(૧) ફર્ઝ** : જે દલીલમાં કોઈ શંકા ન હોય તેવી દલીલને કતઈ કહેવામાં આવે છે અને એવી કતઈ દલીલથી જે કામ જરૂરી સાબિત થાય તેને ફર્ઝ કહેવામાં આવે છે. ફર્ઝ કામ કરનારને નેકી મળે છે અને નહીં કરનાર ગુનેહગાર થાય છે. વળી એનો ઈન્કાર કરનાર કાફિર ઠરે છે.

**(૨) વાજિબ** : કતઈ દલીલ સિવાયની દલીલ (દલીલે ઝન્ની : ગુમાન)થી જે કામ જરૂરી સાબિત થાય તેને વાજિબ કહેવામાં આવે છે. વાજિબ કામ કરનારને નેકી મળે છે અને નહીં કરનાર ગુનેહગાર થાય છે પણ ઈન્કાર કરનાર કાફિર નથી. (પણ ગુમરાહ છે.)

**(૩) સુન્નત** : સુન્નતના બે પ્રકાર છે : **(૧)** સુન્નતે મોઅક્કિદહ્ **(૨)** સુન્નતે ગેર મોઅક્કિદહ્. હુઝૂર પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ જે કામ સદા કર્યા કરતા હતા તે **સુન્નતે મોઅક્કિદહ્ કહેવાય** છે અને જે કામ કદી કર્યાં હોય અને કદી ન કર્યાં હોય તે **સુન્નતે ગૈર મુઅક્કિદહ્** કહેવાય છે. સુન્નતે મોઅક્કિદહ્ કરનારને નેકી મળે છે અને તેને નહીં કરનાર ઠપકાપાત્ર છે. પણ એને જે હલકું સમજશે તે કાફિર ઠરશે. **મુસ્તહબ** કામ કરનાર નેકીઓ પામશે અને છોડી દેનાર પર અઝાબ નથી.

શરીઅતે મનાઈ કરી છે એવા કામના પણ ત્રણ પ્રકાર છે : **(૧)** હરામ **(૨)** મકરૂહે તહરીમી **(૩)** મકરૂહે તન્ઝીહી.

**(૧) હરામ** : જે કામને માટે શંકા વગરની દલીલથી (દલીલે કતઈ) મનાઈ કરવામાં આવી હોય તે હરામ છે. "હરામ" કામ છોડી દેનાર નેકી પામશે અને હરામ કામ કરનાર સખ્ત ગુનેહગાર થશે અને તે હરામ હોવાનો ઈન્કાર કરનાર કાફિર છે.

**(૨) મકરૂહે તહરીમી** :– કતઈ દલીલ સિવાયની દલીલે ઝન્ની (ગુમાન)થી જેની મનાઈ સાબિત થાય છે તે મકરૂહે તેહરીમી કહેવાય. મકરૂહે તહરીમી કામ છોડી દેનાર (એવા કામ નહીં કરનાર) નેકી પામશે. અને એવું કામ કરનાર ગુનેહગાર થશે.

**(૩) મકરૂહે તન્ઝીહી** : મહેરબાની દર્શાવવા જે કામ કરવાની મનાઈ કરવામાં આવી હોય તેવા કામને મકરૂહે તન્ઝીહી કહેવાય. તેવાં કામ નહીં કરનાર ખૂબીઓ પામશે અને કરનાર પર ગુનોહ નથી.

★ ફર્ઝના અમલની સાથે એ'તેકાદ રાખવો ફર્ઝ છે. તે ફર્ઝ એ'તેકાદી કહેવાય. દા.ત. ચારે ઈમામોએ બતાવેલી કોઈ વાતનો બિલકુલ ઈન્કાર કરે તો તે કાફિર છે.

★ જે ફર્ઝ અને હરામનો ઈન્કાર કરતાં કુફ્રનો હુકમ લાગુ પડે તો ફર્ઝ એ'તેકાદી અને હરામ એ'તેકાદી કહેવાય.

★ જેનો અમલ કરવો જ ફર્ઝ છે એટલે જેના અમલનો નાશ થતાં તે અમલની યોગ્યતા નાશ થાય તે અમલી ફર્ઝ છે કે જેમાં મતભેદ હોય. આવા મતભેદના ઈન્કાર કરનાર પર કુફ્ર નથી

★ જેના માટે શરીઅતી હુકમ કે મનાઈ ન હોય એવા કામને મુબાહ કહેવાય.

# આઝાદીની ચળવળમાં સુન્ની ઉલમાનો રોલ

★ **લેખક** : મૌલાના શમ્સુલ કમર કાદરી ★ **અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

જાલિમ અંગ્રેજોની ગુલામીમાંથી ભારત દેશને આઝાદ કરાવવામાં સુન્ની આલિમોનો શું રોલ હતો ? કેવી કેવી કુર્બાનીઓ જેમ કે કાળાપાણીની સજા, ફાંસીની સજા અંગ્રેજો સામે જેહાદ કરવામાં સુન્ની ઉલમાએ વેઠી છે, તેના પર બુકાનીધારી દેવબંદીઓએ તેમજ અન્ય વર્તમાન ઈતિહાસકારોએ પડદો નાખી દીધો અને જેઓ અંગ્રેજોના મિત્રો તથા તેમની ગુલામી પર ફખ્ર કરતા હતા તે દેવબંદી પેશ્વાઓને આઝાદીના મુજાહિદ જાહેર કરી ઈતિહાસમાં ખયાનત કરી તેને વિકૃત કરવાની કોશિશ કરી છે. આવો ! અસલ હકીકત માટે નીચેનો લેખ વાંચીએ. *(–તંત્રી : બરકાતે ખ્વાજા)*

આ એક સ્પષ્ટ હકીકત છે કે ઈન્સાનની ફિતરતમાં આઝાદીનું ઘણુ દખલ છે બલ્કે આઝાદીને માણસની બીજી ફિતરત કહેવામાં આવે તો પણ ખોટું નથી. આઝાદીનું મેદાન એટલું વિશાળ છે કે માણસ તો માણસ છે જાનવર પણ આઝાદી તથા છૂટછાટની જિંદગીને કેદ રહેવાવાળી જિંદગી પર માન્યતા આપે છે, જેમ કે આપણે આસપાસના માહોલથી ઘણી સારી રીતે સમજી શકીએ છીએ.

ઉપરોક્ત લખાણથી અમારો મકસદ માનનીય પ્યારા વાંચકોનાં દિલો તથા દિમાગોને હિંદુસ્તાનની આઝાદી તરફ લઈ જવાં છે. અંગ્રેજોએ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના રૂપમાં પોતાની હુકૂમતના પાયા ભારતમાં નાખ્યા ત્યારે તેઓ વ્યાપારીઓની જેમ પોતાના રાત દિવસ પસાર કરી રહ્યા હતા પણ શહેનશાહ આલમગીરના દરબારીઓની કમજોરી તથા હિંદુસ્તાની નવાબો તથા રાજાઓના અંદરો અંદર થતા ઝઘડાઓથી ફાયદો ઉઠાવી ધીમે ધીમે હુકૂમતની લગામ તેઓએ પોતાના હાથમાં લઈ લીધી. પછી એક દિવસ એ પણ આવ્યો કે અંગ્રેજોએ સંપૂર્ણપણે ભારતને પોતાના કબ્જા હેઠળ કરી લીધું. પછી તો શું હતું, ભારતવાસીઓ પર વિવિધ રીતે જુલમ કરવો તેમનું પસંદીદા કામ બની ગયું. ખાસ કરી હક્ક વાત બોલનાર ઉલમાના ગૃપને પોતાના જુલ્મના નિશાન બનાવવામાં કોઈ કમી ન રાખી.

તેઓનો જુલ્મ એટલી હદે વધી ગયો હતો કે મોગલ હુકૂમતના છેલ્લા શહેનશાહ બહાદુરશાહ ઝફરના નાશતામાં તેમના જ સગા પુત્રોનાં મસ્તક (માથા) આપવામાં આવ્યાં. આ જાલિમ કૌમના જુલ્મ તથા હુકૂમતના પંજામાંથી નીકળવા જેવી રીતે દેશના બીજા લીડરો અને જાંનિસારોએ આઝાદીની ચળવળમાં ભાગ લીધો અને રાજનૈતિક, આર્થિક તથા જાતી ખિદમતો આપી તેવી જ રીતે ઉલ્માએ અહલે સુન્નતની એક મોટી સંખ્યાએ પણ આ ચળવળમાં ભાગ લીધો, અને માત્ર ભાગ લેવા પર જ બસ નહીં પણ જરૂરતના સમયે દરેક પ્રકારની કુર્બાની પેશ કરી. આ ચળવળમાં ભલે તરત જ તેઓ કામયાબ ન થઈ શક્યા પણ ઈ.સ. ૧૯૪૭ માં તેમના ખ્વાબોની સ્પષ્ટ તા'બીર તથા ચોખ્ખી શકલ હતી જ્યારે આપણે આઝાદીનો □સ લીધો.

ભૂતકાળની આ દાસ્તાન ઘણી જ દર્દનાક તથા લાંબી છે જે આ ટૂંકા લેખમાં નહીં સમાઈ શકે. પણ અમને આશ્ચર્ય એ વાત પર છે કે ભારતની ધરતીને

પોતાના જિગરના લોહીથી તાજગી આપનાર ઉલમાએ હક્ક તથા આઝાદીની ચળવળ ચલાવનાર રહનુમાઓને લોકો તથા રાજકરણીઓ ધીમે ધીમે ભૂલી રહ્યા છે અને આજની તાલીમગાહોમાં એવા લોકો વધી ગયા છે જે ભૂલીને પણ ઈ.સ. ૧૮૫૭ ના મુજાહિદોના નામ નથી લેતા !

આપણો કોમી ફર્ઝ છે કે આપણી ઉપર એહસાન કરવાવાળાઓને આપણે યાદ રાખીએ, તેમની કુર્બાનીઓ યાદ કરીએ તથા તેમને અકીદતના ફૂલો પેશ કરીએ જેથી આપણા દિલોમાં વલવલો બાકી રહે અને આઝાદીના જઝબાને તાકાત મળતી રહે અને આપણે તેઓના નિશાનો પર ચાલી પોતાની મંઝિલ તરફ સફર ચાલુ રાખીએ. જુઓ ! આજે પણ આ મુજાહિદોની બેનિશાન કબરોથી આ કેવો અવાજ આવી રહ્યો છે ! :–

**નિશાને મંઝિલે મકસૂદ હૈ મેરી તુર્બત**
**નિશાં યે છોળતા હૂં અહલે કારવાં કે લિએ**

## ★ આઝાદીની ચળવળ અને ઉલ્માએ અહલે સુન્નત ★

જે જાંબાઝ ઉલ્માએ અહલે સુન્નતે આમાં ભાગ લઈ નોંધ પાત્ર રોલ અદા કર્યો છે તેમાંથી માત્ર અમુક વિશે જ નીચે વર્ણન કરવામાં આવી રહ્યું છે :–

આ ઈન્કેલાબના મહાન મુજાહિદોમાં અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી, હાફિઝ રહમતખાન રૂહલા, મૌલાના ફયૂઝ અહમદ ઉસ્માની બદાયૂની, મૌલાના સૈયદ અહમદુલ્લાહ શાહ મદ્રાસી, મુફ્તી ઈનાયત અહમદ કાકોરવી, મૌલાના વઝીરખાન અકબરાબાદી, મૌલાના વિહાજુદ્દીન મુરાદાબાદી, મૌલાના લિયાકત અલી ઈલાહાબાદી, મુફ્તી સદરૂદ્દીન આઝુર્દા દહેલ્વી, મૌલાના ઈમામબખ્શ સોહબાની, મૌલાના મુફ્તી સૈયદ કિફાયત અલી મુરાદાબાદી, મૌલાના રઝા અલીખાં બરેલ્વી છે જેઓ આઝાદીની ચળવળમાં મોખરે જોવા મળે છે.

બેહતર એ છે કે ટૂંકમાં મુજાહિદોની સવાનેહ પણ બયાન કરી દેવામાં આવે જેથી તેઓની શખ્સિયત વિશે વધુ જાણકારી પ્રાપ્ત થાય.

**અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી :** ઈલ્મો અદબની દુનિયાના શહ સવાર, આઝાદીની ચળવળના મહાન કાઈદ તથા રહનુમા હિ.સ. ૧૨૧૩, ઈ.સ. ૧૭૯૭ માં દિલ્હીમાં પૈદા થયા. આપનું નસબનામુ બત્રીસ (૩૨) વાસ્તાઓથી સૈયદુના ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ થી મળે છે. *(તહકીકુલ ફતાવા, પેજ–૮)* અકલિયા તથા નકલિયા ઉલૂમ પર મહારત હોવાની સાથો સાથ આપ શેઅરો શાયરી પણ પસંદ ફર્માવતા હતા. જેમ કે આ વાકિઓ તેના તરફ ઈશારો કરે છે કે જ્યારે આપના વાલિદ અલ્લામા ફઝ્લે ઈમામ આપને શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ના હવાલે કરવા ગયા તો તેમણે વાતો દરમ્યાન કહ્યું કે ફઝ્લે હક્કને શેઅરો શાયરીથી પણ લગાવ છે, તો શાહ સાહબે એક શબ્દ વિશે કહ્યું કે આ શબ્દ ગરીબ (ઉપયોગમાં ન હોઈ તે) છે. તો અલ્લામા ફઝ્લે હક્કે તરત જ વીસ અશ્આર એવા પેશ કરી દીધા જેમાં તે શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, પછી હજુ વધુ સંભળાવવા જતા હતા પણ આપના વાલિદ સાહબે રોકી દીધા અને કહ્યું કે અદબ આ જ છે. *(માસિક હિજાઝ જદીદ, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૮૯, પેજ–૪૮)*

આપના વાલિદ અલ્લામા ફઝલે ઈમામ ખૈરાબાદી પોતાના સમયના આલિમોમાં ઉચ્ચ દરજ્જો ધરાવતા હતા. અલ્લામા ફઝ્લે હક્ક رحمۃ اللہ علیہ એ માત્ર ૧૩ વરસની ઉમરમાં તે સમયમાં પઢાવવામાં આવતા દરેક ઉલૂમ તથા ફુનૂનમાં સંપૂર્ણ મહારત મેળવી લીધી (અને ચાર મહીના તથા અમુક દિવસોમાં કુર્આન શરીફ પણ મોઢે કરી લીધું) ખાસ કરી મંતિક તથા ફલસફા (તત્વ જ્ઞાન)માં કમાલ હતું. *(ખૂનકે આંસૂં, પેજ–૫૯, ભાગ–૧)*

આપની બુદ્ધિ તથા અકલમંદી અને ખુદાએ બખ્શેલા કમાલની કબૂલાત માત્ર આપની જેમ

અકીદા ધરાવનાર લોકોએ જ નહીં પણ ગૈરોએ પણ કબૂલ કરી છે, જેમ કે સર સૈયદ અહમદખાં લખે છે :

"બધા જ ઈલ્મો તથા ફનોમાં અજોડ અને મંતિક તથા હકીકત તો જાણે આપની જ અક્કલે ઘડયાં હોઈ એવું હતું તેમના સમયના આલિમોમાં શું તાકાત અને મજાલ કે આપની જેમ ઉચ્ચ કમાલ ધરાવનાર માણસ સાથે મુનાઝરો કરે. ઘણી વાર જોવામાં આવ્યું કે જે લોકો પોતાને સમયના અજોડ સમજતા હતા જ્યારે તેઓએ આપ (અલ્લામા ફઝલે હક્ક)ની જબાનથી એક વાક્ય સાંભળ્યું તો પોતાના દા'વા ભૂલી ગયા અને આપની શાગિર્દીને લાઈકે ફખ્ર સમજવા લાગ્યા." *(મકાલાતે સર સૈયદ, પેજ–૧૪૮)*

આ છે એક સુન્ની આલિમ તથા મર્દે મુજાહિદ જેમના કમાલની કબૂલાત સર સૈયદ અહમદખાં જેવો પોલીસી ચલાવનાર (નેચરી) માણસ પણ કરે છે.

**મૌલાના ફૈઝ અહમદ ઉસ્માની બદાયૂની:** આપ હિ.સ. ૧૨૨૩, ઈ.સ. ૧૮૦૮ માં પૈદા થયા. ચૌદ (૧૪) વરસની ઉમરમાં આપે ઈસ્લામી તા'લીમ સંપૂર્ણ કરી પઢાવવા લાગ્યા. વિવિધ ઈલ્મો પર આપને કમાલ હાંસલ હતું. ઈસ્લામની તબ્લીગ તથા ઈસાઈયતના રદમાં પણ આપ ખૂબ જ માહિર હતા. આગ્રાની જુમ્મા મસ્જિદ જે તે સમયે ખંડરની જેમ બની ગઈ હતી તેનું ફરી સમારકામનું કરાવવા આપે કોશિશો શરૂ કરી જેના પરિણામે માત્ર સમારકામ જ નહીં પણ આ મસ્જિદ દીની તથા ઈલ્મી કામોનું મર્કઝ બની ગઈ.

મૌલાના સૈયદ અહમદુલ્લાહ મદ્રાસી જનરલ બખ્તખાં, મૌલાના વઝીર અકબરાબાદી અને બીજા પૂર્વજ આલિમો સાથે આપના ખાસ સારા સંબંધો હતો.

**મુફ્તી ઈનાયત અહમદ કાકોરવી :** આપ નવ શવ્વાલ, હિ.સ. ૧૨૨૮, ઈ.સ. ૧૮૧૩ એ દેવા, જિલ્લા બારબંકીમાં પૈદા થયા. રામપૂર, દિલ્લી, અલીગઢમાં આપે તા'લીમ સંપૂર્ણ કરી પછી અલીગઢમાં મુફતી અને મુન્સિફ (જજ) નક્કી કરવામાં આવ્યા. ફફવંદ શરીફ જિલ્લા ઈટાવામાં પણ મુન્સિફ (ફૈસલો કરનાર) બનાવવામાં આવ્યા જે સમયે તેઓ મુન્સિફના રૂપમાં બરેલી શરીફ પહોંચ્યા તો ઠેકઠેકાણે ઈ.સ. ૧૮૫૭ ના ઈન્કિલાબની ચિંગારીઓ ઉડી રહી હતી અને આઝાદીપસંદ લોકોની હલચલ ચાલુ હતી, આપ પણ આવી બેઠકોમાં ભાગ લેવા લાગ્યા અને અમલી રીતે પણ જંગોમાં ભાગ લેવા લાગ્યા.

૯–જૂન, ઈ.સ. ૧૯૫૭ એ જનરલ બખ્તખાં અને મૌલાના સરફરાઝ અલી શાહજહાંપૂરીની કયાદતમાં મુજાહિદોનો કાફલો જ્યારે દિલ્હી પર હુમ્લો કરવા બરેલીથી રામપૂર પહોંચ્યો ત્યારે આપે પણ અંગ્રેજો વિરૂધ્ધ જંગોમાં ભાગ લીધો હતો જેના કારણે ઈ.સ. ૧૮૫૭ ના ઈન્લિાબની કોશિશ ઠંડી પડતાં તથા દિલ્હી પર સંપૂર્ણ કબ્જા પછી અંગ્રેજોએ આપને પણ કાલાપાની મોકલી દીધા હતા જ્યાં પહેલેથી જ આઝાદીની ચળવળના તાજદાર અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી અને મુફતી મઝહર કરીમ દરિયાબાદી હાજર હતા. આ કેદના સમયગાળામાં આપે કુર્આન મોઢે કર્યું અને કોઈ પણ કિતાબની મદદ વિના સીરતે નબી પર "તવારિખે હબીબે ઈલાહ" નામની બેહતરીન કિતાબ લખી જેના બદલામાં હિ.સ. ૧૨૭૭ માં આપને છૂટકારો મળ્યો પછી હિંદુસ્તાનમાં પરત આવી લગભગ બે વરસ પઢાવતા રહ્યા પછી હજ્જના સફર દરમ્યાન આપનો ઈન્તેકાલ થઈ ગયો.

**મૌલાના લિયાકત અલી ઈલાહાબાદી :** જિલ્લા ઈલાહાબાદના આલિમ તથા ફાઝિલ લોકોમાં ઘણા જ પ્રિય ગણાતા કાદરી સિલસિલાના બુઝુર્ગ મૌલાના લિયાકત અલી ઈલાહાબાદીનો પ્રભાવ અંગ્રેજ હુકૂમતના સિપાહીઓ ઉપર પણ હતો.

૧૮૫૭ના ઈન્કિલાબ પછી આપે ઈલાહાબાદમાં આઝાદીની ચળવળની બાગડોર સંભાળી,

ઈલાહાબાદમાં પોતાના અકીદતમંદો અને મુરીદો તથા ચાહકો સિવાય પોતાના વતનથી મુહબ્બત કરનાર સિપાહીઓને પણ ભેગા કર્યા જ્યાં આપે બહાદુરશાહ ઝફરના નામનો ઝંડો લહેરાવ્યો અને ત્યાં હાજર બધા જ લોકોએ આપને એકમતે ત્યાંના અમીર ચૂંટયા. અમીર ચૂંટાયા પછી આપે એક પરચા વડે લોકો તથા વતનથી મુહબ્બત રાખનાર સિપાહીઓને આદેશ આપ્યો અને જાલિમ અંગ્રેજો સાથે (વિરૂધ્ધ) જંગ કરવા અને તેઓને દેશથી બાહર ખસેડી બહાર કરી દેવાનો હુકમ આપ્યો.

આ પરચાથી પ્રભાવિત થઈ લોકોએ હજારોની સંખ્યામાં ભેગા થયા અને આપના ઝંડાની નીચે આવી ખૂબ જ બળપૂર્વક અંગ્રેજોનો મુકાબલો કર્યો પણ અમુક ગદ્દારોના કાવત્રાને કારણે આપની ફોજ હારી ગઈ અને આપ ઈલાહાબાદથી લખનૌ પહોંચી મૌલાના અહમદુલ્લાહ શાહ મદ્રાસીની ઝંડા હેઠળ આવી ગયા.

આઝાદીની ચળવળના કાઈદોમાંથી આઝાદીના તાજદાર અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી, મૌલાના ફૈઝ અહમદ બદાયૂની, મુફતી ઈનાયત અહમદ કાકોરવીના જીવન ચરીત્રની ટૂંકી ઝલક તથા મૌલાના લિયાકત અલીના પોલિટિક્લ સ્થિતિ પર હલકી રોશની નાખ્યા પછી આપણા અસલ મકસદ તરફ આવીએ કે પહેલી આઝાદીની જંગમાં ઉલ્માએ અહલે સુન્નત ખાસ કરીને અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીનો રોલ કેટલો બુલંદ હતો અને આપ દીન તથા લોકોના ભલા પ્રત્યે કેટલા સરગરમ રહ્યા એ વિશે "બાગી હિંદુસ્તાન"માં મૌલાના અબ્દુશશહીદખાં શેરવાની લખે છે : (અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી)થી જનરલ બખ્તખાન મળવા પહોંચ્યા, રાય મશ્વેરા પછી અલ્લામાએ છેલ્લું તીર તરકશમાંથી કાઢયું. જુમ્માની નમાઝ પછી જુમ્મા મસ્જિદમાં ઉલમા સામે તકરીર કરી ફત્વો (અંગ્રેજો વિરૂધ્ધ) પેશ કર્યો જેના પર મુફતી સદરુદ્દીન આઝુર્દા દિલ્હી, મૌલ્વી અબ્દુલ કાદિર, કાઝી ફૈઝુલ્લાહ દહેલ્વી, મૌલાના ફૈઝ અહમદ બદાયૂની, ડો. મોલ્વી વઝીરખાં અકબરાબાદી, સૈયદ શાહ રામપૂરી વગેરેએ સહીઓ કરી. આ ફતવાના જાહેર થતાં જ દેશભરમાં આઝાદીની કોશિશો વધી ગઈ અને દિલ્હીમાં નેવું (૯૦) હજાર સિપાહીઓ ભેગા થઈ ગયા. *(બાગી હિંદુસ્તાન, પેજ–૧૫૬)*

વાંચકોની ઈન્સાફ પસંદ નજરો પર ભરોસો છે કે આપ લોકોએ આ ટૂંકા લખાણ પછી પોતાનો દિલી તથા દિમાગી ફૈસલો કરી લીધો હશે કે ઉલ્માએ હક્ક, સુન્ની આલિમોએ આઝાદીની ચળવળમાં ઘણો જ મોટો ભાગ ભજવ્યો છે. સુન્ની આલિમોએ જે રીતે આઝાદીની લડતમાં ભાગ લીધો છે તેના સંપૂર્ણ વર્ણન માટે એક મોટી કિતાબની જરૂર છે પણ અહીં ટૂંકમાં થોડુ વર્ણન કરવામાં આવી રહ્યું છે.

**શેખ મુહમ્મદ ઈસ્માઈલ પાણીપતી :** "ઈ.સ. ૧૮૫૭ માં ઉલમાનો ભાગ" કિતાબમાં કંઈક આ રીતે લખે છે :–

ઉલ્માએ ઈસ્લામ પહેલેથી જ બે ગૃપોમાં વહેંચાયેલા છે : એક તો એ જે હક્ક તથા ઈન્સાફના ફેલાવવાને પોતાનો ફરજ ગણે છે અને લોકોની ખિદમતને અલ્લાહની ઈબાદતનો એક ભાગ ગણે છે. આ જ કારણ છે કે આ સાચા આલિમોએ દરેક જમાનામાં જુલમ અને ગુલામી વિરૂધ્ધ જંગ કરી અને મોટા મોટા જાલિમ હાકેમોની પણ પરવા ન કરી.

અંગ્રેજોના સમયમાં પણ આવા આલિમોની કમી ન હતી જેઓ નવા હાકિમોને ડાકૂ તથા જાલિમ કહેતા હતા અને પોતાની પ્યારી જાનો કુર્બાન કરતા હતા. *(ખૂનકે આંસૂં, પેજ–૩૭)*

આથી ઈ.સ. ૧૮૭૫ની લડાઈઓથી ઘણી મુદ્દત પહેલાં જ દેશભરમાં ઉલમાએ ઈસ્લામના નેજા હેઠળ અંગ્રેજોનો વિરોધ શરૂ થઈ ચૂક્યો હતો. ઉલમાએ હક્ક સિપાહીઓ અને છાવણીઓમાં ગામડાઓ તથા શહેરોમાં ક્યાંક જાહેર તો ક્યાંક ખાનગી રીતે અંગ્રેજો વિરૂધ્ધ જેહાદની તલ્કીન કરતા હતા.

જેણે પણ "હન્ટર"ની કિતાબ પઢી હશે તેને ખબર હશે કે ઉલમાએ હક્કની આ ચળવળ ઓગણીસમી સદીની શરૂઆતથી જ કાયદેસર રીતે ચાલી રહી હતી. અને બંગાલથી પેશાવર સુધી આ ચળવળની હેડ ઓફિસો કાયમ હતી જ્યાં આઝાદીના મુજાહિદોની તા'લીમ તથા તર્બિયત થતી હતી. ઈ.સ. ૧૮૫૭ માં જ્યારે લાખો વતનના ચાહકોએ આઝાદીનો ઝંડો લહેરાવ્યો ત્યારે ઓલ્મા પણ મેદાને જંગમાં આવી ગયા. તેઓએ ઠેર ઠેર આઝાદી માટે તબ્લીગ કરી અને લોકોને તેમાં ભાગ લેવા દા'વત આપી.

**મૌલાના પીર અલી** : પટનાના પ્રખ્યાત આલિમ હતા. તેમનો વ્યવસાય કિતાબો વેચવાનો હતો પણ દિલમાં અંગ્રેજોની દુશ્મની હતી. લડાઈની ખબર સાંભળી તેમના દિલમાં પણ જઝબો ઉભર્યો અને પોતાનો વ્યવસાય છોડી મેદાનમાં આવી નીકળ્યા. લોકોને હાથમાં લઈ લીધા અને મુસલમાનોને જિહાદ કરવા માટે ઉભાર્યા. લોકોના ટોળે ટોળા આપના ઝંડા નીચે જમા થઈ ગયા. *(તારીખે બગાવતે હિંદ, પેજ–૬૧)*

દિલ્લી તથા મેરઠની ખબરો જ્યારે લખનૌ પહોંચી તો ત્યાં પણ આઝાદીના ઈચ્છુકોએ આઝાદી મેળવવા માટે કોશિશો શરૂ કરી દીધી. મિર્ઝા બિરજેશ કદરની બાદશાહતનું એલાન કરનાર અને લોકોને આઝાદી માટેની જંગમાં ભાગ લેવાની તબ્લીગ કરનાર બીજું કોઈ નહીં પણ એક આલિમ જ હતા અને તે **સૂફી અહમદુલ્લાહ શાહ** હતા જે ઉચ્ચ હોદ્દો ધરાવતા હતા અને ખૂબ સારા સિપાહી પણ હતા.

આઝાદીની જંગમાં જે રીતે બીજા મતવાળાઓએ ભાગ લીધો તે જ રીતે આલિમો તથા ફાઝિલોએ પણ આગળ વધી ભાગ લીધો. જ્યારે દિલ્લીમાં આઝાદીની લડાઈનું જોર હતું અને જનરલ બખ્તખાન આ લડાઈનો હીરો હતો તો તેણે વિચાર્યું કે જો આ સમયે ઉલમાથી જેહાદનો ફત્વો લઈ લેવામાં આવે અને તેને ફેલાવી દેવામાં આવે તો લોકોમાં એક નવો જોશ પેદા થઈ જશે. પછી તેણે ઉલ્માથી જેહાદનો ફત્વો લીધો અને તેને દિલ્હીની ગલી ગલીમાં લગાડી દીધો. આ ફત્વાનું મશહૂર થવું જ હતું કે લોકોમાં એક વીજળી દોડી ગઈ અને તેઓ પરવાનાઓની જેમ આઝાદીની લડાઈમાં કૂદી પડયા. સાહિત્યકાર ઝુકાઉલ્લાહ જેવા આદમીએ પણ કબૂલ કર્યું છે. આ વિશે તે લખે છે :– જ્યારે બખ્તખાને એ ફત્વો લખાવ્યો કે મુસલમાનો પર જેહાદ ફર્ઝ છે જેની અસર એ થઈ કે મુસલમાનોમાં મઝહબી જોશ ઘણુ જ વધી ગયું. *(તારીખે ઝુકાઉલ્લાહ)*

જ્યારે દિલ્લીના ગલી કૂચાઓમાં આઝાદીની જંગ ચાલી રહી હતી અને બજારોમાં લાશોના ઢગલા પડયા હતા. જો એક તરફ મખદૂમ શાહ મહમૂદ જેવો આલિમ પોતાના મુરીદો સહીત જંગના વિરૂધ્ધ હતો તો બીજી તરફ અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી, મૌલાના જા'ફર થાને□રી, મૌલાના ઈમામ બખ્શ સોહબાની, મૌલાના તબારક અલી, મુફતી ઈનાયત અહમદ કાકોરવી, મુફતી અઝહર કરીમ દરિયાબાદી, મૌલાના અહમદુલ્લાહ, મૌલાના યહ્યા અલી, મુ. ઈન્આમુલ્લાહ ગોયા, મુ. લુત્ફુલ્લાહ અલીગઢી, મૌ. ફઝલે રસૂલ બદાયૂની, મૌલાના ફઝલે ઈમામ ખૈરાબાદી વગેરે સેંકડો આલિમો અને ફાઝિલો એવા પણ હતા જે જંગમાં સંપૂર્ણપણે હાજર હતા. જ્યારે મુગલીયા કુટુંબના છેલ્લા ચશ્મો ચિરાગને મૃત્યુને ઘાટ ઉતારવામાં આવ્યા, તખ્ત તથા તાજ છીનવી લેવામાં આવ્યા અને વતનમાં જાંનિસારોને વીણી વીણી ગોળીઓના નિશાને ચઢાવવામાં આવ્યા તો તેમાં ઉલમાએ અહલે સુન્નત (સુન્ની આલિમો) પણ હતા. જે આલિમો તથા ફાઝિલો અને મુફતીઓએ જેહાદના ફત્વા પર સહીઓ કરી હતી તેઓને સખત તકલીફો આપવામાં આવી. *(દઅવત ત્રણ દિવસીય, દિલ્હી, ૨૮ ઓગષ્ટ, પે.–૨, કોલમ, ૩, ૪, ૫ પછી, પે–૫, કોલમ નં. ૧, ૨)*

દિલ્હીના એક પત્રકાર ચીની લાલ "આઝાદીની

ચળવમાં ઉલમાએ અહલે સુન્નત''ના કિરદારની પ્રશંસા કરતાં કંઈક આ રીતે લખે છે, ''ઉલ્માએ દીન (સુન્ની ઉલ્મા)એ આખા શહેરના મુસલમાનોને ભેગા કરી અંગ્રેજો વિરૂધ્ધ જેહાદ કરવાની તા'લીમ આપી અને કહ્યું કે કાફિરોને કતલ કરવામાં મોટો બદલો મળે છે. હજારો મુસલમાનો તેમના ઝંડા હેઠળ આવી ગયા. *(બહાદુરશાહ ઝફર, મુકદમા, પેજ–૧૧૭)*

ઉલમાએ અહલે સુન્નત વ જમાઅત જુમ્મા મસ્જિદ અને બીજી અન્ય મસ્જિદોમાં મજિલસો કાયમ કરી પોતાની જોશીલી તકરીરો તથા લખાણોથી મુસલમાનોમાં જેહાદનું જોશ પૈદા કરતા રહ્યા. જેમ કે મુફ્તી ઈન્તેઝામુલ્લાહ પોતાની કિતાબ ''ઉલ્માએ હક્ક ઔર ઉન્કી મઝલૂમિયત કી દાસ્તાનેં''માં *(પેજ–૫૬)* પર લખે છ કે :– દિલાવરે જંગ મોલ્વી અહમદુલ્લાહ શાહ મદ્રાસી આગ્રાથી લખનૌ આવી ઈસ્ટ ઈન્ડિયા કંપનીના કબ્જાનો વિરોધ કરી રહ્યા હતા. મૌલાના ફઝલે હક્ક પણ તેમની સાથે થઈ ગયા અને સરકારી નોકરીને છોડી અલવર ચાલ્યા ગયા. ઈ.સ. ૧૮૫૭ ની લડાઈ થઈ તો દિલ્હી આવી બહાદુરશાહ ઝફરને મળ્યા. અહીં જનરલ બખ્ત જામી ગયો હતો. નસ્રાનીઓ વિરૂધ્ધ મૌલાનાએ જેહાદનો ફત્વો આપ્યો અને તેના પર મુફ્તી સદરુદ્દીન આઝુર્દા, મૌલ્વી ફૈઝ અહમદ બદાયૂની, ડો. મોલ્વી વઝીરખાં અકબરાબાદી વગેરે એ સહીઓ કરી. *(ઈસ્ટ ઈન્ડિયા કંપની અને બાગી ઉલ્મા, પેજ–૫૩)*

## ★ અમુક નામ ચીન આઝાદીની ચળવળના નેતાઓ ★

ઉપરના પાનાંઓમાં આપણે સાહિત્યની રોશનીમાં ઓલ્માએ અહલે સુન્નત વ જમાઅતની આઝાદીની જંગમાં આપેલ ખિદમતોને નિહાળી કે અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીએ પોતાની તકરીરો તથા લખાણો વડે અને બીજા ઉલ્માએ દરેક પ્રકારની કુર્બાની આપી અને તેમના ન ભૂલાઈ એવાં કારનામાંઓનું ઘણાયે મુફક્કિરો, લેખકો તથા સાહિત્યકારોએ પોતાની રીતે વર્ણન કર્યું જે કિતાબોમાં ઠેક ઠેકાણે જોવા મળે છે. પણ આટલી સ્પષ્ટ હકીકતો હોવા છતાં અમુક લોકોએ આ મહાન શખ્સિયતોના તાજ્જુબમાં નાખી દેનાર કારનામાંઓ અને મોટી ખિદમતોને માત્ર લખાણોમાંથી જ નહીં પણ લોકોનાં દિલો તથા દિમાગમાંથી જ ભૂંસી નાખવાની નાપાક કોશિશમાં કોઈ કમી ન બાકી રાખી અને પોતાના મોટા મુલ્લાઓ અને ઈમાનફેંક રહનુમાઓને આઝાદીની ચળવળના હીરો તથા શહીદનાં ટાઈટલો આપી તેઓને મશ્હૂર કરવામાં તથા ઉલ્માએ અહલે સુન્નત વ જમાઅત વિરૂધ્ધ માહોલ બનાવવામાં પૂરી રીતે લાગી રહ્યા. આ તે મુલ્લાઓ અને નેતાઓ હતા જેમની જિંદગી અને ખાન પાનનો આધાર અંગ્રેજો પર હતો. કોઈએ સાચુ જ કહ્યું છે :–

**જબ ગુલિસ્તાં કો ખૂં કી ઝરૂરત પળી**
**સબસે પહલે હમારી હી ગરદન કટી**

**ફિર ભી કહતે હૈં હમસે યે અહલે ચમન**
**યે ચમન હૈ હમારા, તુમ્હારા નહીં !**

યોગ્ય એ જ છે કે લોક અદાલતમાં તે લખાણો પણ આવી જાય જેના વડે દેવબંદી ફિર્કાના જાણીતા મુલ્લાઓ તથા ઈમાનના સૌદાગર નેતાઓની પોલી ખુલી જાય જેમને આઝાદીના હિરો તથા શહીદ જેવા બનાવટી ટાઈટલો આપવામાં આવ્યાં છે અને આ વાત દિવસના અજવાળાની જેમ જાહેર થઈ જાય કે દેવબંદી આલિમોના અંગ્રેજો સાથે કેટલા ખાસ તાલ્લુકાત અને સંબંધો હતા. આથી સર સૈયદ અહમદ ખાનનો લેખ ''મકાલાતે સરસૈયદ, ભા. ૯''માં પેજ નં. ૧૨૫ થી ૨૦૭ સુધી ફેલાયેલ છે જેમાં તેમણે દલીલો વડે સાબિત કર્યું છે કે સૈયદ અહમદ રાયબરેલ્વી અને ઈસ્માઈલ દહેલ્વીની ચળવળનો અંગ્રેજી હુકૂમતના વિરોધ સાથે દૂરનો પણ વાસ્તો તથા સંબંધ ન હતો બલ્કે આ લોકો અંગ્રેજોના ઈશારે શીખો વિરૂધ્ધ લડવા નીકળ્યા હતા. લેખના છેલ્લે મકાલાતે સર સૈયદના સંપાદકે હાશિયામાં લખ્યું છે :

"સર સૈયદે ઉપરોક્ત વાત પોતાના લેખમાં વારંવાર લખી છે કે હઝરત સૈયદ અહમદ રાયબરેલ્વી અને શાહ ઈસ્માઈલ શહીદ હરગિઝ હરગિઝ અંગ્રેજી હુકૂમતના વિરોધી ન હતા અને ન તો તેઓએ અંગ્રેજો વિરૂધ્ધ જેહાદનું એલાન કર્યું હતું. સર સૈયદના આ બયાનનું સમર્થન વિવિધ સાહિત્યકારોએ પણ કર્યું છે. જેમ કે નવાબ સિદીક હસન પોતાની કિતાબ "તર્જુમાનુલ્ વહાબિયા"ના પેજ–૧૨૧ અને ૮૮ પર આ જ રીતે "સવાનેહે અહમદ" લેખક મૌલ્વી મુહમ્મદ જા'ફર થાને□રીમાં વીસ (૨૦) જગ્યાઓ પર, મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીનું જીવનચરિત્ર જેનું નામ "હયાતે તૈયબા" છે તેના પેજ નં. ૧૫૯ , ૨૯૪ અને ૨૯૨ પર પણ આ જ વાતનું વર્ણન કરવામાં આવ્યું છે." *(મકાલાતે સર સૈયદ, ભા. ૯, પેજ–૨૦૭)*

હવે દેવબંદી આલિમોની અંગ્રેજો પ્રત્યે દોસ્તી વિશેની બીજી સ્પષ્ટ ભારે ગવાહી જુઓ :–

## ★ દેવબંદી મોલ્વીઓની અંગ્રેજ દોસ્તી ! ★

"મૌલાના હફીઝુર્રહ્માન સીવહારવી નાઝિમે આ'લા જમીઅતે ઉલ્માએ હિંદ, દિલ્હીએ કહ્યું કે **ઈલ્યાસ સાહબની તબ્લીગી તહરીક (સંગઠન, ચળવળ)ને શરૂઆતમાં હાજી રશીદ અહમદ સાહબના ઝરીયે હુકૂમત (અંગ્રેજ) તરફથી અમુક રૂપિયા મળતા હતા પછી બંધ થઈ ગયા.** *(મુકાલમએ સદરુદ્દીન, તાહિર અહમદ કાસમી, દિલ્હી, પેજ–૮)*

હવે વાત ઢંકાયેલી કે છુપાયેલી નથી કે દેવબંદી આલિમોની અંગ્રેજો સાથે કેવી દોસ્તી અને કેટલા મજબૂત સંબંધ હતા. હજુ બેકદમ આગળ વધી થાનાભવનની પણ સૈર કરીએ અને અશ્રફઅલી થાનવીની અંગ્રેજો સાથે દોસ્તીની પોલ પણ જાણીએ ! :

"મોલ્વી શબ્બીર અહમદ સાહબ દેવબંદી સદર જમીઅતુલ ઈસ્લામ કલકત્તાએ મોલ્વી હિફઝુર્રહ્માન સાહબના જવાબમાં કહ્યું કે **જુઓ ! અશ્રફ અલી થાનવી સાહબ મારા અને તમારા માનીતા બુઝુર્ગ અને પેશ્વા હતા એમના વિશે લોકોને કહેતાં સાંભળવામાં આવ્યા છે કે તેમને (અશરફ અલીને) છસો (૬૦૦) રૂપિયા પગાર હુકૂમત (અંગ્રેજ) તરફથી મળતો હતો.** *(મુકાલમએ સદરુદ્દીન, પેજ–૧૦ અને ૧૧)*

દેવબંદી આલિમોમાં જેને જુઓ તેનું દામન અંગ્રેજોના દામનથી બંધાયેલું છે. શું હજુ પણ દિમાગના કોઈ ખૂણામાં શકની સોય બાકી રહી ગઈ છે કે દેવબંદી મોલ્વીઓ અંગ્રેજોના ખરીદાયેલા ગુલામો ન હતા ?! ઉપરોક્ત લખાણથી તેમના ઢોલની પોલ ખુલી જાય છે અને એ હકીકત આઈનાની જેમ સ્પષ્ટ થઈ જાય છે કે **જ્યાં એક તરફ સુન્ની આલિમો ભારતની આઝાદી માટે પૂરી કોશિશો કરી રહ્યા હતા અને પોતાના વતનની જમીનને નાપાક કદમોના કબ્જામાંથી છોડાવવામાં લાગ્યા હતા અને મુસીબતો વેઠી રહ્યા હતા ત્યાં જ બીજી બાજુ દેવબંદી મુલ્લાઓ અંગ્રેજોના પીઠ્ઠુ અને તેમના એજન્ટ બન્યા હતા અને પોતાને અંગ્રેજોના ગુલામ તથા ફર્માબરદાર જાહેર કરવામાં ફખ્ર અનુભવી રહ્યા હતા.**

[જેમ કે ખૂદ દેવબંદી પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી કહે છે કે, "હું જ્યારે હકીકતમાં (અંગ્રેજ) સરકારનો ફર્માબરદાર (આજ્ઞાંકિત) છું તો જૂઠા આક્ષેપોથી મારો વાળ વાંકો થશે નહીં, જો માર્યો પણ જઈશ તો (અંગ્રેજ) સરકાર "માલિક" છે, તેને અધિકાર છે, જે ચાહે કરે !" *(તઝકેરતુર્રશીદ, ભાગ–૧, પેજ–૮૦, લેખક : આશિક ઈલાહી મેરઠી દેવબંદી)* આ છે દેવબંદી પેશ્વા કે જે કહે છે, "રસૂલના ચાહવાથી કાંઈ જ થતુ નથી !" અને અહીં અંગ્રેજોના અધિકાર આગળ કેવા ઝુકીને શિર્ક કરી રહ્યા છે !]

**હમ શૈખ કી સુનતે થે મુરીદોંસે બુઝુર્ગી**
**તેહરીરસે દેખા તો અમામે કે સિવા હૈ**

*(સંપૂર્ણ)*

# રાહત અને મુશ્કેલીમાં મેહમાન નવાઝી

અઝ : મૌલાના અલ્તાફહુસૈન મિસ્બાહી-વાગરા

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ બયાન કરે છે કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે બે માણસનો ખોરાક ત્રણ માણસ માટે કાફી હોય છે, અને ત્રણનો ખોરાક ચાર માટે કાફી હોય છે. *(મુસ્લિમ શરીફ)*

આ હદીષથી આપણને જાણવા મળ્યું કે આપણે ભોજન માટે બેઠા હોય અને કોઈ મેહમાન આવી જાય અથવા પડોશી ભાઈ ભૂખ્યો હોય, યા કોઈ ફકીર ગરીબ માણસ ભૂખ્યો હોય તો આપણા ભોજનમાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની હદીષ પ્રમાણે આ બધા વ્યક્તિઓને પણ સામેલ કરી લો, કારણ કે બે આદમીઓનું ભોજન ત્રણને કાફી થઈ જાય છે અને ત્રણનું ચારને કાફી થઈ જાય છે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ બયાન કરે છે કે એક શખ્સે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં આવીને કહ્યું કે હું ભૂખ્યો છું ! આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની એક બીવી પાસે પૈગામ મોકલ્યો (કે ભાણુ છે કે નથી જેથી આ ગરીબ માણસ માટે પૂરતુ થઈ જાય). આપ صلی اللہ تعالیٰ علیہ وسلم નાં બીવી સાહેબાએ જવાબ આપ્યો, એ જાતની કસમ ! કે જેણે તમોને હક્કની સાથે મોકલ્યા છે, મારી પાસે પાણી સિવાય કશુંય નથી ! પછી આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ બીજી બીવી પાસે પૈગામ મોકલ્યો, તેમણે પણ એ જ જવાબ આપ્યો. ત્યાં સુધી કે બધી બીવીઓએ આ જ જવાબ આપ્યો કે, કસમ છે એ જાતની કે જેણે આપને હક્કની સાથે મોકલ્યા છે મારી પાસે પાણી સિવાય કશું જ નથી ! અંતમાં આપે મેહફિલને સંબોધીને ફર્માવ્યું કે જે માણસ આ પુરૂષને મેહમાન બનાવશે અલ્લાહ તઆલા તેના પર રહમ ફર્માવશે. અન્સારમાંથી એક માણસે ઊભા થઈને કહ્યું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ પુરૂષને હું મેહમાન બનાવીશ. તે માણસ પેલા મેહમાનને પોતાના ઘરે લઈ ગયા અને પોતાની બીવીને પૂછયું, તારી પાસે (ખાવાની) કોઈ ચીજ છે ? બીવીએ કહ્યું, કેવળ બાળકોનું ભોજન છે. તેમણે પોતાની બીવીને કહ્યું કે બાળકોને કોઈ ચીજ આપીને બેહલાવી દો ! અને જ્યારે આપણા મેહમાન આવે તો ચિરાગ બુઝાવી દેજો અને આ મેહમાન પર એ જાહેર કરજે કે આપણે ખાવા ખાઈ રહ્યા છીએ. પછી તે બધાં ભોજન માટે બેસી ગયા અને મેહમાને ભોજન કરી લીધું.

જ્યારે સવાર થઈ તો તે અન્સાર માણસ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજર થયા તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે તમે જે મેહમાનની સાથે સારી રીતે વર્તયા અલ્લાહ તઆલા આ વાતથી ઘણો ખુશ થયો. *(મુસ્લિમ શરીફ, બાબ–૭૨૪)*

આ હદીષથી આપણને ઘણી બધી વાતોની ખબર પડી : **(૧)** પતિની ફર્માંબરદારી કે બેટાઓ સાથે અતૂટ મહોબ્બત હોવા છતાંય બેટાઓને એક બહાનુ કાઢી ખાવાથી દૂર રાખ્યા અને મેહમાન નવાઝી કરી. **(૨)** નફ્સની નાફર્માની કે બંને જણાને જાતે પણ ખાવાનો સમય થઈ ગયો હતો છતાં ન ખાધુ અને ચિરાગ ઓલવીને મેહમાનને ખાવા દીધું. **(૩)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ગયબદાં નબી છે કેમ કે તે માણસની જેણે મેહમાન નવાઝી કરી હતી કોઈને ન ખબર હતી કે તેનાથી અલ્લાહ તઆલા ખુશ થઈ ગયો છે, પણ રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જાણ થઈ ગઈ ! તો એને ગૈબનો ઈલ્મ કહેવાય જે અલ્લાહ તરફથી મળે છે, અને **(૪)** વાત એ કે આપણે રાહતમાં હોય કે મુશ્કેલીમાં હર હાલમાં મેહમાનની મેહમાન નવાઝી કરવી તે ઘણુ ફઝીલતનું કામ છે. અલ્લાહ તઆલા અમલ કરવાની નેક તૌફીક આપે. *(આમીન)*

# મેઅરાજમાં ખુદાના દીદાર વિશે વાંધાઓ અને તેના જવાબ

**કાર્યાલય**

**તૂરે મૂસા ઔર હૈ, અર્શે મુઅલ્લા ઔર હૈ**
**અપના જાના ઔર હૈ, ઉસ્કા બુલાના ઔર હૈ**

''પાક છે તે ઝાત જેણે સૈર કરાવી પોતાના બંદાને રાતોરાત મસ્જિદે હરામથી મસ્જિદે અકસા સુધી.'' *(સૂ. બની. ઈસ્રાઈલ, આ. ૧)*

શબે મેઅરાજ (૨૭ રજબ શરીફ) નબીએ કરીમ ﷺ એ રાતોરાત મસ્જિદે હરામથી મસ્જિદે અકસા પહોંચી ત્યાં સર્વ અંબિયાની ઈમામત કરી ત્યાર બાદ આસ્માનોની સૈર કરી, જન્નત તથા દોઝખનો મુશાહિદો કર્યો તથા રબ્બે કરીમના દીદારથી મુશર્રફ થયા. રબ તઆલાએ પોતાના મહબૂબ ﷺ ને એ શાનો શૌકત સાથે બોલાવ્યા કે જન્નતને દુલ્હન જેમ શણગારવામાં આવી, હૂરોને સજાવવામાં આવી, જહન્નમની તીવ્રતાને નરમ કરવામાં આવી, આસ્માનોના ફરિશ્તાઓને બાઅદબ હાથ બાંધીને ઊભા રહેવાનો હુકમ થયો, આસ્માનોના દરવાજાઓના દરવાનોને ચાવીઓ સાથે બાઅદબ ઊભા રાખવામાં આવ્યા..... સારાંશ કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબને ખૂબ ઈજ્જત આપી અને પોતાના દીદાર કરાવ્યા.

પણ રબના દીદાર બાબતે કેટલાક લોકો વાંધા રજુ કરીને તેનો ઈન્કાર કરે છે તો એના રદિયામાં આ લેખ રજુ કરીએ છીએ જેને વાંચો અને ઈમાનને મજબૂત બનાવો.

**ઔર કોઈ ગૈબ ક્યા તુમ સે નિહાં હો ભલા**
**જબ ન ખુદા હી છુપા તુમ પે કરોળોં દુરૂદ**

## ★ રબના દીદાર કરવા વિશે હદીષો ★

મરફુઅન હદીષો થકી ઈમામ અહમદ પોતાની ''મુસ્નદ''માં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરે છે. ફર્માવે છે, **મેં મારા રબ** عزوجل **ને જોયો.** ઈમામ અલ્લામા જલાલુદ્દીન સિયૂતી ''ખસાઈસે કુબરા'' અને અલ્લામા અબ્દુર્રઉફ મુનાવી તયસીર શરહે ''જામેઉસ્સગીર''માં ફર્માવે છે, આ હદીષ સનદ સાથે સહીહ છે.

ઈબ્ને અસાકિર હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી રિવાયત કરે છે, હુઝૂર સૈયદુલ મુરસલીન ﷺ ફર્માવે છે કે, **''બેશક ! અલ્લાહ તઆલાએ મૂસા** علیہ السلام **ને કલામની દૌલત બખ્શી અને મને પોતાનો દીદાર અતા ફર્માવ્યો, મને શફાઅતે કુબરા અને હૌઝે કૌષરથી ફઝીલત બખ્શી.''**

એ જ મોહદ્દિષ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما થી રિવાયત કરે છે : ''રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, મને મારા રબ عزوجل એ ફર્માવ્યું, મેં ઈબ્રાહીમને મારી દોસ્તી આપી અને મૂસા સાથે કલામ ફર્માવ્યું અને હે મુહમ્મદ ! મવાજેહ બખ્શયું કે **બેપર્દા તથા બેહિજાબ તમને મારો જમાલે પાક દેખાડયો.''**

હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہا થી રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺ સિદરતુલ્ મુન્તહાની સ્થિતિ બયાન ફર્માવી રહ્યા હતા. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હુઝૂરે તેની પાસે શું જોયું ?

ફર્માવ્યું, **"મને તેની પાસે દીદાર થયો !"**

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મેઅરાજ શરીફમાં રબ તઆલાના દીદાર કર્યા તેના સમર્થનમાં આ ઉપરાંત ઘણી હદીષો બયાન કરવામાં આવી છે. પરંતુ કેટલાક તેના ઈન્કારમાં અમુક વાંધાઓ રજુ કરે છે તો તેને રજૂ કરીને તેની સ્પષ્ટતા કરવામાં આવે છે.

**વાંધાઓ** : હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે, જો કોઈ કહે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અલ્લાહને જોયો, તો મારાં રુવાંટાં ઊભા થઈ જાય છે. તદ્ઉપરાંત હઝરત આઈશા સિદ્દીકા ફર્માવે છે કે જે કહે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના રબને જોયો તેણે અલ્લાહ તઆલા પર ઘણી જ મોટી તોહમત બાંધી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના માટે રબના દીદારના મુન્કિર છે, બલ્કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે, મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી "સૂરએ વન્નજમ"ની આયત **વલકદ્ રઆહુ નઝ્લતન્ ઉખ્રા**ના વિશે સવાલ કર્યો તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **ઈન્નમા રઅય્તુ જિબ્રીલ મુન્હબિતન્.**

આ હદીષથી માલૂમ થયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم ને જોયા, અલ્લાહ તઆલાને નહીં.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસની હદીષથી પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થકી અલ્લાહના દીદાર ન થવું સાબિત થાય છે. એટલા માટે ઈમામ કસ્તલાની શારેહે બુખારીએ ફર્માવ્યું કે હદીષમાં જે "દના" અને "તદલ્લા"નો ઉલ્લેખ છે તે "સૂરએ નજ્મ"માં વર્ણન થયેલ "દના" અને "તદલ્લા"ના ગૈર છે. કેમ કે સૂરએ નજ્મમાં જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم ના "દના" "તદલ્લા" દીદારમાં મુરાદ છે.

વળી મુસ્લિમ શરીફમાં હઝરત અબૂઝરની હદીષ છે, જેમાં આવ્યું છે કે, મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સવાલ પૂછયો કે હુઝૂર ! તમે અલ્લાહ તઆલાને જોયો છે ? તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **નૂરુન્ અન્ના અરાહુ** "તે નૂર છે, હું તેને કેવી રીતે જોઈ શકુ છું !" એ ઉપરાંત માથા મુબારકની આંખ વડે રબ તઆલાને જોવાની નફી (ઈન્કાર) હદીષમાં પણ આવેલ છે, જેમ કે "રૂહુલ મઆની" વગેરેમાં મૌજૂદ છે અને લુત્ફની વાત એ છે કે એના રાવી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ છે.

તેમજ એ દીદાર સમય, દિશા, તથા દિશાનું અંતર અને જે તે ચીજના ઘેરાવ વિના અશક્ય છે. જો દીદારે અયનીને સાબિત કરવામાં આવે તો અલ્લાહ તઆલાના માટે મઆઝલ્લાહ ! દિશા, સમય, અંતર અને મર્યાદા (હદબંધી) સર્વ સાબિત થઈ જશે !"

**જવાબ** : અહીં વાંચકોને સરળતાપૂર્વક સમજમાં આવે એ રીતની જરૂર પૂરતી રજુઆત કરવામાં આવશે.

ઈમામ અહમદ رضی اللہ عنہ ને પૂછવામાં આવ્યું કે આપ જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અલ્લાહને જોવું સાબિત કરો છો, તો હઝરત આઈશા رضی اللہ عنہا ની હદીષનો શો જવાબ આપશો કે તેમણે ફર્માવ્યું કે હુઝૂરે અલ્લાહને નથી જોયા ! તો હઝરત ઈમામ અહમદ رضی اللہ عنہ એ જવાબ આપ્યો કે હું હઝરત આઈશાની હદીષનો જવાબ હુઝૂરની હદીષ મુબારકથી આપીશ. હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم એ ફર્માવ્યું, **રઅય્તુ રબ્બી.** હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم નો કૌલ મુબારક હઝરત આઈશાના કૌલ (કથન)થી ઘણો મહાન અને ભારે છે. *(ફત્હુલ્ બારી)*

અને ઈમામ અહમદથી જ રિવાયત થયેલ છે. જયારે તેમને પૂછવામાં આવતું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અલ્લાહ તઆલાને જોયો છે ?! તો આપ ફર્માવતા, "હા ! હા ! જોયો છે...! સતત કહેતા રહેતા એટલે સુધી કે □સ સુધી તૂટી જતો." *(રૂહુલ મઆની, માખૂઝ, અઝ : ફત્હુલ્ મુલ્હિમ, પેજ–૩૩૮)*

**હઝરત અબૂઝર** رضی اللہ عنہ **ની હદીષ** : હઝરત અબૂઝર ફર્માવે છે, મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પૂછયું, હુઝૂર ! આપે અલ્લાહને જોયો ? તો ફર્માવ્યું, **નૂરુન્ અન્ના અરાહુ.** "મેં તેને જયાંથી પણ જોયો તે નૂર જ નૂર છે." એ જ પ્રમાણે તેમની બીજી હદીષ છે જે એના પછી મુસ્લિમ, ભાગ–૧ માં વર્ણન થયેલ છે. હઝરત અબૂઝર ફર્માવે છે કે મારા જોવા વિશેના સવાલના જવાબમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું,

**રઅય્તુ નૂરન્.** "મેં નૂરને જોયું" આ બંને હદીષોમાં "નૂર" શબ્દથી નૂરનો મશહૂર માયનો મુરાદ નથી. કેમ કે નૂર એક "અર્દ" (જે પોતાના વજૂદમાં બીજાનો મોહતાજ હોય) છે. (મઆઝલ્લાહ !) અલ્લાહ તઆલા "અર્દ" તથા "જૌહર"થી પાક છે. બલ્કે અહીં નૂરથી ઝાતની તજલ્લી મુરાદ છે અને અર્થ એ છે કે, "મેં જ્યાંથી પણ જોયું ઝાતની તજલ્લીને જોઈ."

હઝરત ઈકરમાએ જ્યારે રૂયતે બારી તઆલા (ખુદાના દીદાર)ની અશક્યતાના બારામાં આયતે કરીમા **લા તુદરિકુહુલ્ અબ્સારથી** દલીલ કરી તો હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ જવાબ આપ્યો, **વય્હક ઝાલિક ઈઝા તજલ્લા બિનૂરિહિલ્લઝી હુવ નૂરુહૂ** તારા પર અફસોસ છે ! દીદાર ન પામવું તો ત્યારે છે કે અલ્લાહ તઆલા પોતાના તે નૂરની સાથે તજલ્લી ફર્માવે જે તેનું નૂર છે. એટલે ગૈર મુત્નાહી (અસીમ) ઝહૂરની તજલ્લી ફર્માવે, જેનો ઈદરાક (પામવુ) અને ઘેરાવ કરવો અશક્ય છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ દીદાર કર્યો એ ગૈરમુત્નાહી ઝહૂરનો ઘેરાવ નથી, જેના (ઘેરાવ કરી લેવાના) અશક્ય હોવાનું આયત **લા તુદરિકુહુલ્ અબ્સારથી** સાબિત કરાવમાં આવે. *(રૂહુલ મઆની, પારા–૨૭, પેજ–૪૫)*

જે હદીષોમાં દીદારની નફી (નકાર) છે તે સૌ એ પ્રમાણેના દીદાર પર આધારિત છે જે "ઘેરાવની સાથે" હોય. (નજરોમાં સંપૂર્ણ ઘેરાઈ જાય.) હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا નું આયતે કરીમા **લા તુદરિકુહૂલ્ અબ્સારથી** દલીલ કરવું એ તેનો સ્પષ્ટ પ્રકાર છે. કેમ કે ઈદરાક (પામી લેવું) ઘેરાવને કહે છે. અને ઘેરાવનો ઈન્કાર એ મુત્લક જોવાની નફી (નકાર) માટે લાગુ થતી નથી. એ જ પ્રમાણે રૂયતે અયની (દીદારે અયની)ની નફી (નકાર) વિશે છે. **જમ્અન બય્નલ અદિલ્લાહૂ.** કેમ કે આગળના લખાણોમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના માટે અલ્લાહ તઆલાની રૂયતે અયની (અયની દીદાર માથાની આંખો વડે)ની સાબિતીમાં સ્પષ્ટ અને સાફ હદીષ (જેની સનદો સહીહ અને અતિ મજબૂત છે) વાંચકો સમક્ષ રજુ કરવામાં આવેલી છે. નફી (નકારવું)એ સાબિતીથી વિરૂધ્ધ છે, માટે હવે વિવાદના નિવારણની એ જ સ્થિતિ હોઈ શકે છે કે નકારનારી (નફીવાળી) તમામ હદીષો "ઘેરાવ સાથે દીદાર" પર અવલંબિત અનુમાનવામાં આવે, નહીં તો ટકરાવ દૂર થશે નહીં. અને જો આ રીતે વિવાદ (ટકરાવ) દૂર કરવામાં ન આવે તો પછી ઉસૂલી તૌર પર અમારા તરફથી એ જ જવાબ હશે કે જે "તફસીરે મઝહરી"એ આપ્યો છે :

"ખુદાના દીદારની હદીષોના મુકાબલામાં હઝરત ઈબ્ને મસ્ઊદ અને હઝરત આઈશાના કથનો નફીની સાક્ષી પૂરે છે. અને જાહેર છે કે સાબિતીની સાક્ષીઓ અધિક્તર થાય છે જેથી દીદારની નફી (નકાર)નો કૌલ મરજૂઅ (રુજૂઅ કરેલો, પાછો ખેંચેલો) ઠરશે."

એનું દષ્ટાંત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું કા'બા શરીફની અંદર નમાઝ પઢવું છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના (ખાનએ કા'બાની અંદર) નમાઝ પઢવાની "નફી" કરે અને હઝરત બિલાલ رضی اللہ عنہ તેને (પઢવાને) "સાબિત" કરે છે અને ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખાનએ કા'બાની અંદર નમાઝ પઢી. નકાર તથા હકાર બંનેની હદીષો સહીહ બુખારીમાં મૌજૂદ છે. મુહદ્દિષોએ આ વિવાદને એ રીતે હલ કર્યો કે ઈસ્બાત (સાબિતી) નફીથી બેહતર છે, જેથી સાબિતીની હદીષ પર સરસાઈ પામશે. (રાજેહ થશે.)

## ★ દીદારે ઈલાહીના મસ્અલા વિશે અંતિમ શબ્દો ★

ઈમામ કસ્તલાની رحمۃ اللہ علیہ એ "મવાહિબે લદુનિય્યહ્"માં ઉસ્તાઝ અબ્દુલ અઝીમ મહદી رحمۃ اللہ علیہ નો કૌલ નકલ કર્યો છે, જેનો ખુલાસો અંતમાં રજુ કરીએ છીએ :–

"હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે મેઅરાજની સફરથી પાછા આવ્યા તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ દરેકને તેની બુદ્ધિ અને મર્તબા પ્રમાણે હાલતો વર્ણવી. કાફિરોને જેઓ સૌથી નીચે અને અતિશય પસ્તીમાં હતા તેમને કેવળ

"આલમે અજસામ"ની વાતો બતાવી. દા.ત. મસ્જિદે અકસાની સ્થિતિ જે તેઓને પહેલેથી જાણમાં હતી અથવા માર્ગના કાફલાની સ્થિતિ બતાવી જે વહેલી તકે તેમના સુધી આવી ગયા. જેના કારણે તેમનાં દિલો આ પ્રસંગમાં હુઝૂર ﷺ નું સમર્થન કરવા મજબૂર થઈ ગયાં. ત્યારબાદ હુઝૂર ﷺ એ (મેઅરાજનો વાક્યો બયાન કરવામાં) કાંઈક તરક્કી કરી અને આસ્માનો પર તશરીફ લઈ જવાના અને ત્યાંની અજીબો ગરીબ ચીજોનો અનુભવ વર્ણન કર્યો. પરંતુ દરેક સહાબીને તેની હાલત પ્રમાણે ખબર આપી. જે, જે મર્તબાના હતા તેની સાથે તેના મુજબ વાત કરી. અને સાતેવ આસ્માન સુધીની વિગતો રોકટોક વિના વર્ણવી.

(પ્રસંગો વર્ણવતાં) હુઝૂર ﷺ જયારે મકામે જિબ્રઈલ પર પહોંચ્યા તો ઉફકે મુબીનની વાત બતાવી અને તેનાથી ઉપરના મકામ **"દના ફતદલ્લા"** અને **ફઅવ્હા ઈલા અબ્દિહુ મા અવ્હા**નું તે બુલંદ મુકામ જયાં મખ્લૂકાતની કલ્પનાઓ પણ ખત્મ થઈ જાય છે અને અલ્લાહ સિવાય તમામ સૂરતો અદ્રશ્ય થઈ જાય છે, એ બારગાહે અકદસની ખબર પર સહાબાએ કિરામને (તેમના મર્તબાને અનુરૂપ) આપી. આ મેઅરાજનું બયાન જાણે કે સાંભળનાર સહાબાઓ માટે મર્તબા મુજબની મેઅરાજ હતી, એટલા માટે દરેકે એમાં પોતાના મર્તબા પ્રમાણે હિસ્સો લીધો. કોઈ મકામે જિબ્રઈલ (ના બયાન) સુધી રહ્યું, કોઈ રૂયતે ફવાદ તથા બસીરત સુધી પહોંચ્યું અને કોઈને રૂયતે (દીદાર) અયનીના બયાનનો હિસ્સો નસીબ થયો. એટલા માટે કોઈએ કહ્યું કે, હુઝૂર ﷺ એ જિબ્રઈલ عليه الصلوة والسلام ને જોયા, તેણે પણ સાચુ જ કહ્યું, કોઈએ કહ્યું, હુઝૂર ﷺ એ અલ્લાહ તઆલાને જોયો, તેની વાત પણ હક્ક છે. વળી જેના હિસ્સામાં રૂયતે કલ્બીનું બયાન આવ્યું તેણે કલ્બી (દિલથી) દીદારનું બયાન કર્યું અને જેણે અયની દીદારની વાત સાંભળી તેણે સાફ કહ્યું કે મુહમ્મદ મુસ્તફા ﷺ એ પોતાના માથા મુબારકની આંખો વડે પોતાના રબને જોયો. સારાંશ એ કે દરેકે પોતાના મર્તબા અને મકામ મુજબની વાત કરી અને યકીનન સાચી વાત કરી. જયારે આ હકીકત સ્પષ્ટ થઈ ગઈ તો સારી પેઠે જણાઈ ગયું કે જિબ્રઈલના દીદાર તથા રબ તઆલાના કલ્બી દીદાર તથા અયની દીદારના વિશે સર્વ મકામો અને તેના વિશેના મતભેદપૂર્ણ કથનો સર્વ સાચાં છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ, હઝરત આઈશા સિદ્દીકા, હઝરત કઅબ કરઝી, હઝરત અબૂઝર ગફ્ફારી, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ સૌ હક્ક પર છે." *(મવાહિબે લદુન્નિય્યહ, ભાગ-૩, પેજ-૩૭/૩૮)*

**વળી અંતિમ વાંધો** કે દિશા, સમય અને અંતર તથા મર્યાદા વગેરેનો ઉલ્લેખ કરી જે માણસ દીદારે ઈલાહી બાબતે વાંધો ઉઠાવતો હોય તેને પૂછવામાં આવે કે તે આખેરતમાં મો'મિનોને અલ્લાહનો દીદાર થશે એવું માને છે કે નહીં ? જો તે માને છે કે આખેરતમાં મો'મિનોને અલ્લાહ તઆલાનો દીદાર થશે, તો તેને અમારો પ્રશ્ન છે કે તે દીદાર દિશા, અંતર, મુકાબલા (સામનો) વગેરેથી થશે કે નહીં ? જો કહે કે વગર મુકાબલે તથા દિશાએ મો'મિનોને અલ્લાહનો દીદાર થશે. તો અમારું પણ કહેવું છે કે એ જ રીતે મેઅરાજની રાત્રે હુઝૂર ﷺ ને પણ દીદાર થયો. અને આ દુનિયવી જીવનમાં સરકાર ﷺ ની જ એ વિશિષ્ટતા છે કે આપે માથાની આંખો વડે પોતાના રબના દીદાર કર્યા. આપના જેવો પૂરી દુનિયામાં કોઈ માણસ નથી થયો ન થશે કે જેણે આ જીવનમાં હુઝૂર ﷺ ની જેમ રબના દીદાર કર્યા હોય. આ પરથી તે વહાબીઓ જેઓ હુઝૂરને પોતાના જેવા માનવ કહે છે તેઓ સબક લે અને હઠધર્મી તથા ગુમરાહીથી તૌબા કરે.

વળી જો આ દીદાર સંબંધે વાંધો ઉઠાવનાર જો આખેરતમાં મો'મિનોને રબના દીદાર થશે એનો વિરોધી હોય તો તે કેટલીયે આયતો તથા હદીષોનો ઈન્કાર કરીને બદ્અકીદાના જહન્નમી ગિરોહ **મોઅતઝલા**માં દાખલ થાય છે, જેથી તેને તેના હાલ પર છોડી મૂકીએ છીએ. *(સંપૂર્ણ)*

રજબ મહીનાની ફઝીલતો

## છે કોઈ અલ્લાહના મહીનાની બરકતો લૂંટનાર !!

કાર્યાલય

રજબુલ મુરજ્જબ તે ચાર મહીનાઓમાંથી છે જેને કુર્આન મજીદે ઝિક્ર કરેલ છે : مِنۡهَا اَرۡبَعَةٌ حُرُمٌ. એટલે કે ચાર મોઅઝ્ઝમ મહીનાઓમાંથી એક મોઅઝ્ઝમ મહીનો રજબ છે. હદીષોમાં પણ એની ઘણી ફઝીલત આવી છે.

**હદીષ** : રજબ અલ્લાહનો મહીનો છે અને શાબાન મારો મહીનો છે અને રમઝાન મારી ઉમ્મતનો મહીનો છે. *(માષબત મિનસ્સુન્નહ, પેજ–૧૨૬)*

### ★ રજબના રોઝાની ફઝીલત ★

**હદીષ** : બેશક ! રજબ અઝમતવાળો મહીનો છે એમાં નેકીઓનો સવાબ બમણો થાય છે. જે વ્યક્તિ રજબનો એક દિવસ રોઝો રાખે તો (જાણે) તેણે વરસભરના રોઝા રાખ્યા. *(હવાલો ઉપર મુજબ, પેજ–૧૨૬)*

વધુમાં ફર્માવ્યું નબી કરીમ ﷺ એ કે, જે કોઈ રજબના સાત દિવસના રોઝા રાખશે તો તેના પર દોઝખના સાત દરવાજા બંધ કરવામાં આવશે. અને જો કોઈ તેના આઠ દિવસના રોઝા રાખે તો તેના માટે જન્નતના આઠ દરવાજા ખોલવામાં આવશે અને જો કોઈ માણસ રજબના દસ દિવસના રોઝા રાખશે તો અલ્લાહ કરીમને જે ચીજનો સવાલ કરે તે એને આપશે. અને જો કોઈ રજબના પંદર દિવસના રોઝા રાખે તો આસ્માનેથી એક મુનાદી નિદા કરે છે કે તારા પાછલા ગુનાહો માફ થઈ ગયા છે અને હવે નવેસરથી અમલ શરૂ કર ! અને જે અધિક રોઝા રાખશે તેને અલ્લાહ કરીમ અધિક આપશે. *(હવાલો ઉપર મુજબ)*

**હિકાયત** : સૈયેદેના ઈસા રૂહુલ્લાહ عليه السلام એકવાર એક પહાડની પાસેથી પસાર થયા તો જોયું કે પહાડથી નૂરના કિરણો નીકળી રહ્યાં છે. આપે બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી તો પહાડે અર્ઝ કરી, રૂહુલ્લાહ ! عليه السلام તમે શું ચાહો છો ? તો આપે પૂછયું કે આ તારી ચમક દમક કેવી છે ? પહાડે અર્ઝ કરી કે મારી અંદર એક મર્દે ખુદા છે એની આ બધી બરકત છે. પછી આપે રબથી અર્ઝ કરતાં એક હસીનો જમીલ બુઝુર્ગ આપના સમક્ષ જાહેર થયા અને કહ્યું કે, હું સૈયેદેના મૂસા عليه السلام ની કૌમમાંથી છું. મેં ખુદા તઆલાથી દુઆ માંગી હતી કે મને એટલી લાંબી ઉમર આપ કે હું હઝરત અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺ ની ઉમ્મતમાં સામેલ થઈ જાઉં. જેથી અત્યારે ૬૦૦ વરસથી હું ઈબાદતમાં અહીં મગ્ન છું !

સૈયેદેના મૂસા عليه السلام એ અર્ઝ કરી કે ઈલાહી ! શું પૃથ્વીના ઉપર તારી નજીક આથી વધીને કોઈ બુઝુર્ગ છે ? તો રબે ફર્માવ્યું કે હે ઈસા ! ઉમ્મતે મુહમ્મદીની જે વ્યક્તિ રજબ મહીનામાં એક દિવસ રોઝો રાખશે તો તે મારી નજીક આ શખ્સથી અધિક બુઝુર્ગ હશે.

### ★....તો જે દુઆ માંગશે કબૂલ થશે !★

રજબની પહેલી જુમેરાત રાત (લૈલતુલ્ રગાઈબ)માં મગરિબની નમાઝ બાદ *૧૨ રકાતો* નફ્લ છ સલામ સાથે (બે બે કરીને) પઢવામાં આવે દરેક રકાતમાં અલ્હમ્દુ પછી *ઈન્નાઅન્ઝલ્ના* ૩ વાર અને *કુલ્હુવલ્લાહ* ૧૨ વાર પઢે. નમાઝથી પરવારીને આ દુરૂદ શરીફ ૭૦ વાર પઢે : *અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિનિન્નબિય્યિલ ઉમ્મિય્યિ વ અલા આલિહી વ અસ્હાબિહી વસલ્લમ.* પછી સિજદામાં જઈને ૭૦ વાર આ પઢો : *સુબ્બુહુન્ કુદુસુન્ રબ્બુના વ રબ્બુલ્ મલાઈકતિ વર્રૂહ.* અને સિજદાથી સર ઉઠાવીને ૭૦ વાર પઢે : *રબ્બિગ્ફિર વર્હમ વતજાવઝ્ અમ્મા તઅ્લમુ અન્તલ્ અલિય્યુલ્ અઅ્ઝમ* પછી બીજો સજદો કરે અને એમાં એ જ દુઆ પઢે અને પછી સજદામાં દુઆ માંગે. જે દુઆ માંગશે કબૂલ થશે. *(પેજ–૧૩૬, ગુન્યતુત્તાલિબીન, ભાગ–૧, પેજ–૧૮૨)*

### ★ રજબની ૨૭ મી ના રોઝાની ફઝીલત ★

રજબની ૨૭ મી રાતે નબી પાક ﷺ મેઅરાજ શરીફ માટે તશરીફ લઈ ગયા અને દીદારે ઈલાહીની દૌલતથી મુશર્રફ થયા જેથી ૨૭ મીના દિવસનો રોઝો રાખવો જોઈએ. તેની ફઝીલતમાં નબી પાક ﷺ એ ફર્માવ્યું કે, "જે ૨૭ મી રજબનો રોઝો રાખશે તેને ૬૦ મહીનાઓના રોઝાઓનો સવાબ મળશે." *(ગુન્યતુત્તાલિબીન, પેજ–૧૮૨)*

### ★ રજબની ૨૭ મી રાતના નફ્લો ★

રજબની ૨૭ મી રાતે બે રકાત નમાઝ નફ્લ પઢે અને દરેક રકાતમાં *અલ્હમ્દુ* શરીફ પછી *કુલ્હુવલ્લાહ* ૨૧–વાર પઢે. નમાઝથી ફારિગ થઈને ૧૦ વાર દુરૂદ શરીફ પઢે અને પછી કહે :–

اَللّٰهُمَّ اِنِّىۡ اَسۡئَلُكَ بِمُشَاهِدَةِ اَسۡرَارِ الۡمُحِبِّيۡنَ وَبِالۡخِلۡوَةِ الَّتِىۡ خَصَّصۡتَ بِهَا سَيِّدَ الۡمُرۡسَلِيۡنَ حِيۡنَ اَسۡرَيۡتَ بِهٖ لَيۡلَةِ السَّابِعِ وَالۡعِشۡرِيۡنَ اَنۡ تَرۡحَمَ قَلۡبِىَ الۡحَزِيۡنَ وَتُجِيۡبُ دَعۡوَتِىۡ يَااَكۡرَمَ الۡاَكۡرَمِيۡنَ.

તો અલ્લાહ તઆલા તેની દુઆ કબૂલ ફર્માવશે. અને જ્યારે અન્યોનાં દિલ મુર્દા થઈ જશે તો તેનું દિલ જીવંત રહેશે. *(નુઝહતુલ્ મજાલિસ, ભાગ–૧, પેજ–૧૩૦)*